બલી ગયાં હતાં અને લાખો રૂપીઆનું નુકશાંન થયલું ગણવામાં આવતું હતું. વલી પેહેલે દીવશની આગ બીજા દીવશની શહવાર શુધી ચાલુ રહી હતી, અને તે પછે પણ બીજી નાહાની મોટી આગો લાગત એક અઠવાડયું શુધી લાગયા કીધી હતી. પેહેલી મોટી આગનાં શમાચાર મુંબઇમાં ફરી વલતાં મુંબઇમાં પણ ઘણી ગભરાટ અને દલગીરી ફેલાઇ રહી હતી. બે દીવસ રાત ગતનાં એકકી ખાસ સપેશીઅલ ટરેન મુકાવી લોકો દોડી ગયું હતું. એ આગથી શુરત શેહેરનો નજદીક મોટો ભાગ વેરાંન બની સેંકડો અને હજારો લોકો કંગાલીઅતમાં આવી પડીયું હતું. મુંબઇનો નામદાર ગવરનર પોતે જાતે એક ફેરો એકદમ શુરત જઇ આવીને તયાંની આફત નજરે જોઇ આવરો હતો તથા કેટલીક પરપુછ કરી હતી. આ આગમાં નુકશાંન પાંમનારાઓને મદદ કરવા માટે મુંબઈમાં એક મોટી સભા સર દીનશાહજી પીટીટનાં વાલકેશવરના મોટા બંગલામાં તા૦ ૯ મી એપરેલ ૧૮૮૯ ને દીને નામદાર ગવરનર લારડ રેનાં પરમુખપણાં હેઠલ ભરવામાં આવી હતી જયાં તરતજ એક ફંડ ઉભું કરવામાં આવયું હતું. આ ફંડમાં આજવેર એકંદર કુલે નજદીક દોહડ લાખ જેટલી એટલે કે રૂ૧૪૯૨૦૭ ની રકમ એકઠી થઇ છે. તેમાં પારસીઓનાં રૂ૨૧૯૬૬ થવા ગયાછે અને બાકીનાં બીજી ગ્નાતોનાં તથા દેશી રાજવંશીઓનાં અને બાહારગામો ખાતેથી ફંડો ભરાઇ આતરે આવેલાંછે. ઘણાંએ કપડાં, વાશણો વીગરે જરૂરીઆત હાજતનો સરનજામ અને ખોરાક મોકલી આપી ગરીબોને તુરત વેલાની મદદ કરી હતી અને પછે ઉપલાં મોટાં જનરલ ફંડમાંથી લોકોને બલી ગયલાં ઘરો બાંધવા નાંણાંની મદદ કરવામાં આવી હતી. તેને માટે વલી મુંબઇ ઉપરાંત ખુદ શુરતમાં તીશ ચાલીશ હજારનું જુદું ફંડ ભરાયું હતું તેમ ભરૂચ, અમદાવાદ, પુણા, કલકતા, કરાંચી, એડન અને ચીન જેવે ઘણે દેશાવરોથી ફંડો ભરાઇ આવયાં હતાં. આગ નીવારણ કમીટીઓ નેમાઇ હતી અને તેવો મારફતે પારસીઓને જનરલ ફંડમાંથી બરાબર અને જોઇતી મદદ આપવામાં નહી આવવાની ફરીઆદ ઉઠવાથી પારશીઓ માટે જુદી લાગણી ઉશકેરાઇ હતી અને એક બીજું નાહાનું જુદું ખુદ એકલા પારસીઓને મદદ કરવાનું ફંડ પણ ઉભું થાયું હતું જેમાં પણ કેટલીક પરચુટણ રકમો મુંબઇ અને દેશાવરોથી ભરાઇ હતી અન તેમાં એક ખાસ હલાએનાં ફંડમાં કેસરે હિંદ પતર મારફતે પણ નજદીક તરણ હજારની ઉપરની રકમ ભરાઈ હતી. આ સરવે રકમોમાં જરથોસતીઓ તરફની જેમની એકશો રૂપીઆ ઉપર રકમોછે તેમનાં નામ શાથે નીચે મુજબનીછેઃ—

સર દીનશા માણેકજી પીટીટ રૂ૨૦૦૦, શેઠો નશરવાંનજી માંણેકજી પીટીટ રૂ૧૦૦૦, શેરાબજી ફરાંમજી પટેલ રૂ૧૦૦૦, એચ. એ હોરમારજી રૂ૧૦૦૦, બાઇ મોટલાંબાઈ જાંગીરજી વાડીઆ રૂ૨૦૦૦, બાઈ શાકરબાઇ દીનશાજી પીટીટ રૂ૧૦૦૦, એક પારસી બાઈ રૂ૧૦૦૦, શેઠો ફરાંમજી અને બમનજી દીનશાજી પીટીટ દરેકે રૂ૭૫૦, શેઠ જમશેદજી ન૦ તાતા રૂ૨૫૦, કાવશજી દીનશા બરધારશ રૂ૫૦૦, હોરમજી એદલજી કામાજીનાં ધરમખાતાંમાંથી રૂ૫૦૦, એદલજી ફરાંમજી આલબલેશનાં શાહેબજાદાઓ રૂ૫૦૦, જાલભાઇ અરદેશર શેઠ રૂ૫૦૦, મેશરશ કે. એમ. હીરામાંણેકની કંપની રૂ૫૦૦, મેશરશ શાપુરજી અને તલકચંદ રૂ૫૦૦, સર જમશેદજી જીજીભાઇ બારોનેટ રૂ૩૫૦, એક જરથોસતી રૂ૩૦૦, શેઠો જમશેદજી અરદેશર વાડીઆ રૂ૩૦૦, મરહુમ જ૦ ન૦ પીટીટની પુંજીમાંથી રૂ૨૫૦, નવરોજી એ. વાડીઆ રૂ૨૫૦, માંણેકશાહ જાંગીરશાહ તાલેયારખાં રૂ૨૫૦, જાંહાંગીર કાવશજી જાંગીરજી રૂ૨૫૦, એચ. એ- વાડીઆ રૂ૨૦૦, નવરોજી માંણેકજી કંટરાકટર રૂ૨૦૦, મનચેરજી એન. બનાજી રૂ૨૦૦, દાદાભાઈ રાંનજીભાઈ કરન- જીઆ રૂ૨૦૦, મનચેરજી ફરાંમજી કાંમાના છોકરાઓ રૂ૨૦૦, ખરશેદજી બમનજીની કંપની રૂ૧૬૫, અરદેશર શેરાબજી દશાતુર રૂ૧૫૦, કાવશજી બેજનજી કરાંણી રૂ૧૫૧, પારસી સીમપઠી રૂ૧૫૦, ફરાંમજી નશરવાંનજી પટેલ રૂ૧૫૦, એન. બી. મોદીના છો૦ રૂ૧૫૦, એક જરથોશતી રૂ૧૫૦, શેરાબજી શાપુરજી બંગાલી શી. આઈ. ઈ., રૂશતમજી ડોસાભાઈ શેઠના, રૂશતમજી શેરાબજી કાવશજી, બરજોરજી શેરાબજી ગાડા, ખરશેદજી માંણેકજી શેઠના, ફરાંમજી મનચેરજી, બમનજી જીજીભાઈના છો૦, જાંહાંગીર હોરમજી મોદી, ભીખાજી જાંહાંગીરજી મોદી, દીનશા ભીખાજીની ક૦, બેરાંમજી જીજીભાઇ શી. એસ. આઈ., મનચેરજી દાદાભાઈ ઈછાપોરીઆ, (દખણ હેદરાબાદથી), મેરવાંનજી ખરશેદજી, બાંનુબાઈ ફરાંમજી કમેસરીએટવાલા, ખરશેદબાઈ એદલજી કરાંણી, એચ. એમ. ટી, એન. એમ. ટી., એવો દરેકનાં રૂ૧૦૦, અને બીજી એકશોની અંદરવાલા જરથોસતીઓ તથા જુદાં જુદાં કારખાનાનાં કાંમદારોએ પોતપોતામાં કરેલાં ઊઘરાંણાઓમાં જરથોસતીઓના ભરાએલા મલીને પારસીઓ તરફની ઘણી શારી મોટી રકમ એ ફંડમાં થવા ગઇછે.

ધરમ ખાતું—ગએ વરશે જે જે મરનાર જરથોસતીઓનાં ઉઠમણામાં તેમના પુણને શારૂ ધરમ ખાતે રકમો ભરાઇ છે તેની વીગતઃ—

રૂપીયા.	કોણનાં પુણને માટે આપેલા.	ગુજરવાનો શેહેનશાહી રોજ—માહ
૧૬૦	શેઠ બેહરામજી ફરામજી લાહેર તથા બેલીફ	૨૬—૧૨
૧૪૦	શેઠ ધનજીભાઇ દાદાભાઇ પટેલ	૨— ૧
૩૫	બાઇ ડોસીબાઈ તે આ૦ બેજનજી કાતરકનાં ધણીઆંની	૨૬—૧૨
૧૫૩૦૨	શેઠ હીરજીભાઇ હોરમજી શેઠના	૭— ૧
૧૨૫	શેઠ નવરોજી એદલજી તંબોલી	૫— ૧
૧૮૫	શેઠ માણેકજી શેરાબજી પાંઉવાલા	૮— ૧
૨૨૯	નવરોજી હોરમજી હાંગકાંગવાલા	૩૦—૧૧
૧૫૨૭	બાઈ મીઠીબાઇ તે શેઠ બાપુજી ખરશેદજી વાછાગાંધીનાં ધણીઆંણી ...	૬— ૨
૭૯૧	શેઠ માણેકજી જીવાજી મઉ	૬— ૨
૩૬૫	બાઇ રતનબાઇ તે શેઠ બમનજી દાદાભાઈ રમવાલા તથા ઈજનેરનાં ધણીયાંણી	૧૮— ૨
૧૮૪	આ૦ માણેકજી નવરોજી મીનોચેહર હોમજી, તેમના માઞે નવાજબાઇ અને ધણીઆંની દીનબાઇ (આ ત્રણ જણ,તેમનાં ઘેરમાં કેરોશીન તેલ શલગવાથી લાગેલી આગમાં એકજ વખતે મરણ પાંમાં.)	૧૫— ૨
૧૮૦૬	શેઠ ફરામજી દાદાભાઇ કરાકા	૩૦— ૨
૨૬૪૫૦	બાઇ આવાંબાઇ તે શેઠ મંચેરશાહ મેરવાંનજી ભાવનગરીના બેહન ...	૮— ૩
૧૦૨	બાઈ માણેકબાઇ તે શેઠ નશરવાંનજી દીનશાહ શેપારીવાલાની ધણીઆંણી	૧૫—૧૨
૪૩૪	બાઇ નવાજબાઇ તે શેઠ શેરાબજી હોરમસજી મોટાભાઇના ધણીઆંણી...	૯— ૩
૫૦	આ૦ પીરોજશાહ નવરોજી કાતરક	૧૨— ૨
૧૨૦	શેઠ ફરામજી ફરદુનજી કોપર	૧૧— ૨
૩૨૧	બાઈ આવાંબાઈ તે માંણેકજી બમનજી મેહતાનાં ધણીઆંણી ...	૧૭— ૨
૪૫	શેઠ રૂસતમજી હોરમશજી સીંગારા	૧૬— ૩
૭૨૫	શેઠ નવરોજી ફરામજી દારૂવાલા	૩૦— ૩
૧૦૫	શેઠ બમનજી દોરાબજી દેશાઈ	૧૭— ૩
૨૩૦	બાઇ પીરોજબાઈ તે શેઠ નાનાભાઈ ભીખાજી મીશતરીનાં ધણીઆંણી...	૧૪— ૨
૭૭	આ૦ ખરશેદજી શેરાબજી કાંગા	૨૩— ૩
૭૦૦	શેઠ ભીમજીભાઇ ભીખાજી એલાવવાલા	૨૦— ૪
૨૪૧૧	શેઠ એદલજી જમશેદજી બરાસ	૨૪— ૪
૧૭૫	આઈમાએ તે શેઠ માણેકજી કુવરજી હાએવાએનાં ધણીઆંણી ...	૧૨— ૪
૩૫૮૧	બાઇ રતનબાઇ તે શેઠ પાલનજી ફકીરજી આવલનાં ધણીઆંણી ...	૧— ૫
૧૪૦	બાઈ હીરાંબાઈ તે જીવનજી ફરાંમજી ખજુરીનાં ધણીઆંણી	૧૫— ૪
૭૫	બાઇ આશીબાઇ તે હીરજીભાઈ ધનજીભાઇ કરંજીઆનાં ધણીઆંણી .	૨૭— ૩
૯૦	બાઈ કુવરબાઇ તે શેરાબજી એદલજી મુકાદમનાં ધણીઆંણી	૪— ૫
૫૦૦	બાઇ ધનબાઈજી તે નવરોજી ખરશેદજી મેતાના ધણીઆંણી	૧૪— ૫
૧૩૫	શેઠ પેશતનજી જીવાજી ડાકટર (શુરત)	૧૬— ૫
૪૦૦	શેઠ ફરદુનજી ભીમજીભાઈ બાતલીબોઇ	૧૯— ૬
૪૨૨	શેઠ બેહરામજી મેરવાંનજી તલાતી	૧૮— ૫
૨૧૭	બાઈ શુનાબાઇ તે શેઠ બરજોરજી રૂશતમજી બીલીમોરીઆનાં ધણીઆંણી	૨૨— ૪
૭૫	બાઇ આવાંબાઇ તે શેઠ દાદાભાઇ પેશતનજી મીશતરીનાં ધણીઆંણી...	૧૮— ૫
૫૨૯	શેઠ રતનજી એદલજી પીથાંવાલા	૮— ૬
૧૧૭૦૨	બાઈ આવાંબાઇ તે શેઠ અરદેશર ખરશેદજી વાડયાજીનાં વીધવા...	૧૪— ૬
૫૬૦૦	બાઇ દીનબાઈ તે શેઠ જાંગીરજી ખરશેદજી તારાચંદના ધણીઆંણી ...	૨૧— ૬
૨૫૦	બાઈ નવાજબાઇ તે શેઠ નશરવાંનજી માણેકજી ખરેઘાતનાં ધણીઆંણી ...	૨૦— ૬

૧૯૩	બાઈ ગુલબાઇ તે શેઠ ડોશાભાઈ મેરવાંનજી ઊમરીગરનાં ધણીઆંણી ...	૧૯– ૬
૫૦	આ૦ બેહરાંમજી ખરશેદજી દેશાઈ	૩૦– ૪
૨૭૫	શેઠ રૂશતમજી ફરાંમજી મેહેતા	૧૦– ૭
૮૮	બાઇ માંણેકબાઇ તે શેઠ જમશેદજી અરદેશર ગજદરનાં ધણીઆંણી ...	૭– ૭
૧૯૩	બાઇ ગુલબાઈ તે શેઠ ડોશાભાઇ મેરવાંનજી ઊમરીગરનાં ધણીઆંણી ...	૧૯– ૬
૧૭૬	શેઠ મેરવાંનજી ખરશેદજી પીઠાંવાલા	૧૭– ૭
૬૦	મોબેદ મનચેરજી નશરવાંનજી કાતરક	૧૪– ૭
૨૭૦	શેઠ માણેકજી શોરાબજી ભગત	૧૧– ૭
૨૧૭	શેઠ માણેકજી પાલનજી શેઠના	૬– ૮
૨૭૭૫૦	બાઇ ધનબાઇજી તે મરહુમ શેઠ મનચેરજી રૂશતમજી હીરામાણેકનાં વીધવા	૧૨– ૮
૯૬૫	બાઇ નવાજબાઇ તે શેઠ નાનાભાઇ મનાજી મેહેતાનાં ધણીઆંણી ...	૧૩– ૮
૨૦૦	બાઈ શુનાબાઈ તે શેઠ બેજનજી જેહાંગીર બક્ષીનાં બેટી	૯– ૮
૩૯૨૮	બાઇ વીરબાઇજી તે શેઠ જેહાંગીરજી દારાશાહ રાંડેલીઆનાં ધણીઆંણી..	૨૫– ૮
૩૮૭૫	શેઠ ખરશેદજી બમનજી શેઠના	૨૬– ૮
૧૩૦	બાઇ રતનબાઇ તે શેઠ રતનજી ધનજીભાઇ મીશતરીનાં ધણીઆંણી ...	૨૭– ૮
૧૦૮	બાઈ રતનબાઇ તે શેઠ એદલજી ધનજીભાઇ શરાફનાં ધણીઆંણી	૧૩– ૮
૪૮૮	શેઠ બરજોરજી દાદાભાઈ ગંદેવીઆ	૨૭– ૮
૪૩૫૦	શેઠ એદલજી નવરોજી મેહેતા (નવસારી)...	૧૧– ૯
૨૧૨	બાઈ જીવનબાઈ તે દશતુર જામાશપજી માનોચેરજી જામાશપઆશાનાં ધ૦	૧૩– ૯
૨૧૭	શેઠ એદલજી રતનજી કેમેશરીવાલા	૫– ૯
૬૦૦	બાઈ હીરાંબાઈ તે શેઠ જીજીભાઇ દાદાભાઇ નાયગાંમવાલાનાં ધણીઆંણી.	૧૫– ૯
૬૦	બાઈ પીરોજબાઈ તે શેઠ દીનશાહ હોરમશજી પારખનાં ધણીઆંણી ...	૨૧– ૮
૨૪૦	એરવદ ફીરોજજી જામાશપજી જામાશપઆશાના	૨૨– ૯
૧૫૦	શેઠ દોરાબજી બાલાભાઇ કલીઆંણીવારા	૨૧– ૯
૧૧૦૦૦	કરાંચીવાલા બાઇ માણેકબાઈ તે શેઠ નવરોજી નશરવાંનજી પોચાજીનાં ધ૦	૨૫– ૯
૧૦૦	બાઈ હીરાંબાઈ તે શેઠ માંણેકજી મેરવાંનજી કોજીભીગારનાં ધણીઆંણી .	૨૭– ૯
૨૦૦૫	શેઠ અરદેશર માણેકજી કાકા	૫–૧૦
૨૧૦૪	શેઠ ભીખાજી નવરોજજી દલાલ	૧૯–૧૦
૧૭૫	શેઠ દીનશાહ નશરવાંનજી માડન	૨૪–૧૦
૪૭૫૧૬	શેઠ શોરાબજી કાવશજી ટાટા	૭–૧૧
૧૨૮૯	શેઠ ફરાંમજી ધનજીભાઇ વારડીન...	૧૫–૧૧
૩૮૦૦	શેઠ માણેકજી હોરમશજી કેમેશરીવાલા	૧૮–૧૧
૪૪૧	શેઠ જમશેદજી હોરમશજી લીબુવાલા	૨૨–૧૧
૩૩૧	શેઠ બેહરાંમજી રતનજી આંતીઆ	૨૧–૧૧
૧૪૮	બાઇ હમબાઇજી તે મરહુમ શેઠ કાવશજી માણેકજી કોટવાલનાં વીધવા ..	૨૦–૧૧
૧૨૫	બાઈ દીનબાઇ તે શેઠ ધનજીભાઈ ફલાકાકાના ધણીઆંણી	૧૧–૧૧
૬૫૦	બાઈ હમલીબાઇ તે શેઠ રૂશતમજી પાલનજી શેઠનાં વીધવા	૨૬–૧૧
૫૬	શેઠ ફરાંમજી હોરમશજી ઊનવાલા	૨૩–૧૧
૨૭૦૦	ડાકટર નશરવાંનજી મેરવાંનજી પારખ	૨૩–૧૧
૭૬૦	બાઇ શીરીનબાઇ તે શેઠ રૂશતમજી લીમજીભાઈ બાતલીબોઇનાં ધણીઆંણી	ગા. ૨ ક.
૨૦૦	બાઇ બચુબાઇ તે શેઠ જમશેદજી ખરશેદજી શેઠનાનાં વીધવા ...	૧૩–૧૨
૨૬૫	શેઠ કાવશજી જીવણજી નીમચવાલા	૫–૧૨
૮૫૫	બાઇ જરબાઇ તે શેઠ ધનજીશા મેરવાંનજી ડાકટરની બેટી (ભરૂચ) ...	
૧૩	શેઠ ટેમુલજી રૂશતમજી ગોટલા (ભરૂચ)	
૧૭૫	બાઇ કુવરબાઇ તે મરહુમ શેઠ દીનશાજી ધનજીભાઇ ખંબાતાની બેટી(ભરૂચ)	
૧૮૫૨	શેઠ દીનશા રૂશતમજી દલાલ (ભરૂચ)	૨– ૭

નવાં ધરમનાં મકાંનો—જમશેદજી નશરવાંનજી પીટીટ પારસી આરફનેજનું ખાતુ ખુલુ મેલવાની કીરીઆ રોજ ૩ જો માહ ૨ જો શેહેનશાહી, તારીખ ૧૯ મી અકટોબર સને ૧૮૮૮ ને દીને કરવામાં આવી હતી. આ ખાતાંને માટે મરહુમ શેઠ જમશેદજી નશરવાંનજી પીટીટનાં પુણને સાર તેમનાં પીતાજીએ પોના આઠ લાખ ઉપરની રકમ આપીને ગરીબ જરથોસતીઓનાં નાવારેસ બાલકોને તેમાં રાતદીશ રાખી ભરણ પોશણ કરી તેમને કેલવણી આપવા ઠેડવયું હતું, તે મુજબ તે ખાતું એ દીને કે જે દીવસે મરહુમ શેઠ જમશેદજીની છમસી હતી તે દીવસથી ખુલલુ મેલવામાં આવયું છે. આ વેલાએ તાંહાં એક જશન કરવામાં આવયું હતું; તે પછી એ ખાતું સથાપવાનો હેવાલ વાંચી સંભલાવામાં આવયો હતો. એ વેલાએ તાંહાં હાજર થયલા સર જમશેદજી જીજીભાઈ અને દસતુર જામાસપજી મીનોચેરજી તથા બીજાઓએ એવાં ખાતાંની અગત અને તેની ખુબી તથા તેનાથી ગરીબ જરથોસતી બાલકોને થતા ફાયદા વરણયા હતા. અને તેને માટે એ ખાતુ સથાપનાર શેઠની ભારે સતુતી કરવામાં આવી હતી. આ ખાતાંમાં બીજી બાહારની રકમો ધરમ ખાતે અપાવા લાગી છે તેમાં બાઇ દીનબાઈ તે શેઠ નશરવાનજી માણેકજી પીટીટનાં ધણીઆંણી રૂ૧૨૦૦૦, શેઠ ફરાંમજી પીટીટ રૂ૪૦૦૦, બાઇ આવાંબાઇ કાવશજી પીટીટ રૂ૩૦૦૦, બાઇ આવાંબાઇ ફરાંમજી દીનશાજી પીટીટ રૂ૩૦૦૦, બાઈ હીરાબાઇ જમશેદજી પીટીટ રૂ૩૦૦૦, બાઈ આવાંબાઇ અરદેશર કામદીન રૂ૫૦૦, શેઠ અરદેશર શોરાબજી કામદીન રૂ૫૦૦ અને એ વીગરે બીજી નાહાની મોટી પરચુટણ ઘણીક રકમો, ગુજરેલાંઓનાં પુણને શાર અપાએલી ધરમખાતાંની રકમોમાં ભરવામાં આવી છે.

કવેતા ખાતે ઓરત દરદીઓ માટે એક નાહાની આશપીટાલ તયાં વાલા ખાનબાહાદુર શેઠ બરજોરજી દોરાબજી પટેલે બંધાવીછે તેને ખુલ્લી મુકવાની કીરીઆ સર રોબરટ અને લેડી શાનડીમાને તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૮ ને દીને કીધી હતી. આશપીટાલને લગતી વીગત વાંચવા પછી સર રોબરટ શાનડીમાને એક ભાશણ કીધું હતું, જેમાં શેઠ બરજોરજીની ઘણી વખાણ કીધી હતી. લેડી શાનડીમાને એ પછી રૂપાંની ચાવીથી ટાલું ખોલી આશપીટાલ ખુલી મેલેલી જાહેર કીધી હતી. શઘલાઓ રીફરેશમેંટ લેઈ વીદાય થયા હતા. આ શેઠને વલી આ કાંમને માટે તયાંનાં ચીફ કમીશનર સર હેનરી પરેનડરગાશટે એક મખમલનાં મીઆંન શાથની નકશીની ઇરાની શમશેર ભેટ આપી હતી.

માહબલેશવર ખાતે "દીનશાહ માણેકજી પીટીટ રોડ" ખુલો મુકવાની કીરીઆ નામદાર ગવરનર લોરડ રેએ તા૦ ૨૮ મી નવેમબર શને ૧૮૮૮ ને દીને કીધી હતી, જે વેલા ઘણા યુરોપયન તથા દેશી બાનુઓ અને અસથો હાજર હતા. રશતાના એક છેડા પરથી નામદાર ગવરનર, સર દીનશાહજી અને બાનુઓ તથા અસથોને લેઇને બીજે છેડે શરઘશના આકારમાં ગયા હતા. નામદાર લોરડ રેએ શર દીનશાહજીની રશતો બાંધવા માટે આપેલી મોટી શખાવત તથા કીધેલી આગેવાની માટે ઘણી વખાણ કીધી હતી. શર દીનશાજીએ નામદાર ગવરનરના ભાશણનો ઘટતી રીતે ઉપકાર માનયો હતો, તયારબાદ શરવે જણ રીફરેશમેંટ લેઇ વીદાય થયાં હતાં.

બાઇ સાકરબાઇ વાલી જાંનવરોની હાશપીટાળમાં દરદી ગાય ઢોરો રાખવાને માટે એક હલાયદા વારડની જરૂર હતી, તે એજ બાઈ શાકરબાઇએ રૂ૮૦૦૦) ને ખરચે બંધાવી આપેઓ તેને ખુલો મેલવાની કીરીઆ, હીંદુશથાંનનો નવો વાઇશરાય લારડ લેનશડાઉન જે પોતાના હોદ્ધાપર જતાં અતરે આવેઓ હતો તે નામદારને હાથે તા૦ ૫ મી ડીશેમબર ૧૮૮૮ ને દીને કરવામાં આવી હતી.

મુંબઈ મધેનાં વાહાડીઆજીનાં આતશબેહેરામમાંથી નવશારીના ભગરીઆવાલા મોબેદો છુટા પડેઆ પછે, હાલમાં જે મોબેદો એ આતશબેહેરામમાં વશે છે, તેઓની શગવડને ખાતર વાહાડીઆજી વાલાઓએ નવશારી ખાતે એક નવી દરેમેહર બંધાવી છે, તેમા આદરાન પરથવાની કીરીઆ મુંબઈવાલા દસતુર પેસુતનજી બેહરામજીએ રોજ ૯ મો માહા ૪ થો શેનસાહીને દીને કીધી હતી. જશન તમામ થવા બાદ દસતુર પેસુતનજીએ વાએજ કરી સંભલાવી હતી જેમાંતેઓએ જણાવયું કે દરેમેહરો બાંધવાની ઘણી જરૂર છે તે એટલે વેર કે દસ ઘેર પારસીઓની વસતી હોય તયાં દરેમેહર જોઈએ, છતાં અહીઆ દરમેહર સામે જે ગોગાત થયો છે તે નકામો છે. અતરે એક આદરાન છે અને બીજુ જે સથાપયું છે તે માટે અહીઆના જરથોસતીઓને હમે મુબારકબાદી આપીએ છીએ. એ દરેમેહર મુંબાઈવાલા વાડયાજીના આતસબેહરાંમની શાખા તરીકે છે અને તેમાં ભગરીઆઓને પણ કાંમ કરવાની છુત છે. શેઠ બેજનજી ધનજીભાઈ કાપડયા કે જેવોએ આ દરેમેહર ચાલુ રાખવાના કારણશર રૂ૧૦૦૦૦) ની રકમ આપવા જણાવીછે, તેવોએ તથા શેઠ જમશેદજી વાડયાએ પોતા તરફથી એકેકી સીયાલ દસતુર પેસુતનજીને હોરાદી હતી. વલી દસતુર પેસુતનજીએ પોતા તરફથી એકેકી સીયાલ તેએને હોરાદી હતી. મોબેદ રતનજી રૂશતમજી કાંગાને એક સીયાલ હોરાદી હતી. અને તેવાને આ દરમેહરના દસતુર ઠેરવયા હતા. મુંબઈથી આવેલા મોબેદોને, ઈજનેરને, અગીઆરોના મેનેજરને તથા સુરતના દસતુર નોશરવાંનજી તથા રૂશતમજીને પણ સેયાલ હોરાદી હતી. તયારબાદ દસતુર રતનજી રૂસતમજી કાંગાએ જણાવયું કે તેવણે રૂ૧૫૦૦ ની લોન લઈ એલાહેદી કાહાડી છે કે જેના વયાજમાંથી હમારે તયાંના રૂવાનોના બાજ અફરગાંન આ નવી દરેમેહરમાં થશે. સેવટે મોબેદોને આસોદાદ આપી મીજલસ બરખાસત થઈ હતી. આ દરેમેહર વીશે નવશારીમાં વશતા ભગરીઆ મોબેદોની અનજુમને એવો દાવો ઉઠાવયો છે કે હમારાં પંઠકમાં કોઈ બીજાથી દરેમેહર બંધાય નહી. એ દાવાની ફરીયાદ નવશારીની કોરટમાં ચાલે છે, પણ તેનો ફડચો હજુર કોઈ રીતે આવયો નથી.

કોટના ધરમનાં દવાખાના માટે હોરનબી રોડ તરફનાં મેદાનમાં શેઠ કાવશજી ધનજીભાઈ પાઉવાલાને ખરચે બાંધવામાં આવતી નવી ઈમારતનો પાયો નાખવાની કીરીઆ તા૦ ૯ મી જાનેવારી ૧૮૮૯ ને દીને પાછલા પોહોરનાં સાડા ચાર કલાકે શેઠ શોરાબજી શાપુરજી બંગાલી સી. આઈ. ઈ. એ કીધી હતી. તે વેલાએ ઘણાંક પારસી બાનુઓ અને ગ્રહસથો તેમાં સામેલ હતા. કોટના ધરમનાં દવાખાનાની કારોબાર મંડલીના સેક્રેટરી શેઠ ખ. રૂ. કામાએ સરૂઆતમાં એ ખાતાંને લગતી કેટલીક વીગતો કહી સંભલાવી હતી. તેમાં તેવો બોલયા કે આગલ ગરીબ લોકને દવા આપવાનાં બે ખાતાં ભાયખલા પર સર જમશેદજી હાસપીટલ અને પીકેટ રોડ ઉપર ડાકટર મેકેનું દવાખાનું હતું, પણ કોટનાં રેહેવાસીઓને એ જગા ઘણી લંબાણ હોવાથી ડાકટર બરજોરજી હોરમજી કુપરે પોતાના તવંગર સોબતીઓની મદદથી તા૦ ૧૧ મી અકટોબર ૧૮૫૨ ને દીને ધરમનું એક દવાખાનું ઉભું કીધું હતું. ૧૮૮૮ ના ડીસેમબરમાં એ ખાતાંને સથાપવાને ૩૬ વરસ પુરાં થયાં છે, તે મુદતમાં કુલે રૂ૨૪૧૪૨૭ ની ભેટ મલી હતી. એ પછી આ ઈમારતના પાયાના પથરનો લેખ ડાકટર દાંતરાએ વાંચી સંભલાવયા પછી, એરવદ નશરવાંનજી ધાભરે કેટલાક દુવાના બોલો કહયા હતા. શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ પાયાના પથરની કીરીયા કીધા બાદ જણાવયું કે શેઠ કાવશજી પાઉવાલાનાં ધણીઆંની અને કુટુંબ તરફથી જયારે પાયો નાંખવાનું મને આમંત્રણ કરવામાં આવ્યું તયારે તે મેં ઘણી દલગીરી ભરી ખુશાલી સાથે સવીકારયું હતું. મરહુમ કાવશજી પાઉવાલાનું નામ આ દવાખાનાં સાથે જોડવામાં આવયું છે. સરકારે આ ઈમારત માટે આવી સરસ જગા ભેટ આપી તે માટે આપણે તેનો આભાર માનવો જોઈએ છીએ. એ પછી મેલાવડો વીશરજન થયો હતો.

ભુશાવલ ખાતે એક નવું દોખમું અનજુમનના ઉધરાતથી બાંધવામાં આવયુછે, તે ઘ જવાની કીરીઆ દખણના વડા દશતુર ડાકટર હોશંગજી જામાશપજીએ રોજ ૨૯ મો માહા ૪ થો શેહેનશાહી, તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૮૯ ને વાર રવેઊને દીને કરી હતી. દશતુરજીને આ વતી વેલા રેલવે શટેશનપર આખી પારશી કોમે ઘટતું માન આપયું હતું. જશનની કીરી આમાં જુદા જુદા ભાગના જરથોશતીઓનો મોટો મેલાવડો હાજર હતો. જશનની કીરીઆ પુરી થાવા પછી દશતુર હોશંગજીએ એક વાએજ કરી શંભલાવી હતી. ભુશાવલના પારસીઓ એ દશતુર હોશંગજીને તથા તેમના ભાઇ બમનજી જામાશાજી સી. આઇ. ઈ. ને એકેક એ ડરેશ આપયું હતું. જેનો તેઓએ ઘટતી રીતે ઉપકાર માનયો હતો. અરશપરશ શીઆલની ભેટ થયા પછી મેલાવડો બરખાશત થયો હતો.

સીકનદરાબાદ મધે મુશાફરોને ઉતરવાને એકબી ધરમશાલા ન હોવાને લીધે શેઠ એદલજી શોરાબજી ચીનાઇએ પોતાનો સતાફ લાઇનમાં આવેલો એક શુંદર બંગલો તયાંની અનજુમનને શવાધીન કીધો હતો, અને તેમા પુરતો ફેરફાર તથા ફરની ચરથી તેને સંપુરણ કરી રહેઆ પછી તે ધરમશાલા ખુલી મુકવાની કીરીઆ તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૮૯ ને દીને દશતુર ખરશેદજી બેહરામજી જામાશપઆશાનાએ કીધી હતી. અ નજુમન તરફનું એક એડરેશ દશતુરજીએ વાંચી શંભલાવયું હતુ, જે મી૦ ચીનાઇને રૂપાના દાબડામાં ભેટ આપયું હતું. રીફરેશમેંટ લઈ મેલાવડો બરખાશત થયો હતો.

શેઠ બમનજી એદલજી આલબલેશવાલી શુવાવડખાનાની આશપીટાલનો પાયો નાખવાની કીરીઆ મેદાનમાની કામા હાશપીટાલની જોડેની જગા ઉપર નામદાર લારડ રેએ તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૮૯ ને દીને બાનુઓ અને ગ્રસથોના મોટા મેલાવડા હજુર કીધી હતી. નામદાર ગવર નરને શેઠ બમનજી એદલજી આલબલેશની મીલકતનાં તરશટીઓ શાથ શર જમશેદજીએ ઓ લખાણ કરાવી હતી. શેઠ નવરોજી દાદાભાઈ આલબલેશે જે હેવાલ વાંચી શંભલાવયો હતો તે માં જણાવયું હતું કે મરનાર શેઠ બમનજી એદલજી આલબલેશે ૩૬૦૦૦ ની રકમ શરવે કો મને માટે દવાખાનું બાંધવા કાહાડી હતી જે પછી આવી એક શુવાવડખાનાની આશપીટાલની જરૂર જણાયાથી એ આશપીટલ શેઠ બમનજીના નામથી બાંધવામાં આવશે અને તેમાં ડાકટ રોની જગયા માટ ૩૬૦૦૦ તથા ફરનીચર માટે ૩૪૦૦ ની રકમ શેઠ દાદાભાઇ આલબલેશ ના બેટાઓએ આપીછે. એમાં પારશી ઓરતોને શારૂ એક વારડ હલાયદો રાખવામાં આવશે. એ પછે નામદાર ગવરનરે એક રશીલું ભાશણ કીધું હતું જેમાં તરશ ટીઓનો ઉપકાર માની આલબલેશ ખાનદાન તરફથી જે મોટી રકમ નાતજાતના તફાવત વગર આશપીટાલ બાંધવા આપી છે તેથી તેમની ઘટતી વખાણ કીધી હતી. નામદાર ગવરનર પાયો પુરવાની જગા આગલ આવી પુગા તયારે ખાનબાહાદુર મરજબાંને પલેટ ઉપર નો લેખ વાંચી શંભલાવયો. તયારબાદ પાયાનો પથર બરોબર રીતે મુકાયલો જાહેર કીધો હતો. મીસ પીચીએ નામદાર ગવરનરે પાયો પુરવાની કીરીઆ કરવાની મેહેનત લીધી તે માટે તે નામદારનો ઉપકાર માનયો હતો, જેનો તે નામદારે ઘટતી રીતે જવાબ વાલયો હતો. એ બાદ મેલાવડો બરખાશત થયો હતો.

બાઈ મોટલાંબાઈ જાંગીરજી વાડીઆજીવાલી સુવાવડખાનાની આસપીટાલનો પાયો સર જમશેદજી આશપીટાલની પડોશમાં નાખવાની કીરીઆ નામદાર ગવરનર લારડ રેએ તા૦ ૯ મી મારચ ૧૮૮૯ ને દીને એક મોટા મેલાવડા સનમુખ કીધી હતી. બાઇ મોટલાબાઇ તરફથી તેવણના દીકરા શેઠ નવરોજીએ હેવાલ વાંચી સંભલાવયો હતો, જેમા નામદાર ગવર- નરે એ આસપીટાલનો પાયો નાખવા આવવાની કુરપા કીધી તે માટે તે નામદારનો ઉપકાર

માનયો હતો. નામદાર ગવરનરે ભાશાંણ કરતાં બાઇ મોટલાંબાઇની આવી નાદર સખાવત માટે ઉપકાર માનયો હતો, અને પારસીઓની આવી સખાવત માટે તારીફ કીધી હતી. એ બાદ નામદાર ગવરનરે પાયે નાંખવાની કીરીઆ ખુશાલીની તાલીઓ વચે પુરી કીધી હતી. નામદાર ગવરનરે બાઇ મોટલાબાઇ અને તેમના છોકરાઓનો ઉપકાર માનયો હતો છેલે નામદાર લારડ અને લેડી રેને ફુલના હારો પેહેરાવી મેલાવડો બરખાસત થયો હતો.

વરોડરા રેલવેની લાઇન ઉપર આવેલા અબુ રોડ નામનાં સટેશન આગલ એક નવું નાંહનું દોખમું બાંધવામાં આવયું છે, તેને ઇજવાની કીરીયા તા૦ ૧૬ મી મારચ ૧૮૮૯ ને રોજ ૧ લો માહ ૭ મો શેહેનશાહીને દીને મઊવાલા દસતુર ખરશેદજી જામાસજીએ જરથોસતીઓના એક સાગ મેલાવડા સનમુખ કીધી હતી. એ દોખમું બાંધવામાં અબુના કંટરાકટર શેઠ મોતાભાઇ ભીખાજીએ પોતે ૨૩૦૦૦ પોતાનાં ફઇના પુણને સારૂ આપયા હતા અને બીજા ૨૯૫૦ અમજુમનના ઉબરાંણાથી એકઠા કીધા હતા. એક અનજુમન પતર શેઠ મોટા ભાઈના બેટા શેઠ મનચેરશાએ વાંચી સંભલાવયું હતું. તે પછી અનજુમનનું માનપતર શેઠ ફરાંમજી નશ.વાંનજી સંતોકે વાંચી સાંભલાવયું હતું જેમાં શેઠ મોટાભાઇની સખાવત માટે મોટો ઉપકાર માનયો હતો. અરસપરસ સલાલોની ભેટો થવા બાદ શેઠ મોટાભાઈએ આપેલું ખાણું લઇ મેલાવડો બરખાસત થયો હતો.

ગરીબ જરથોસતીઓ માટે બાંધવા ધારેલી ચાલીમાંનાં માત્ર બે મકાંનોનો પાયો નાંખવાની કીરીયા તા૦ ૩૧ મી મારચ ૧૮૮૯ ને દીને ફોકલંડ રોડ પર શેઠ ફરાંમજી દીનશાહ પીટીટે જરથોસતી બાનુઓ અને ગ્રહસ્થોના દબદબા ભરીઆ મેલાવડા હજુર કીધી હતી. આનરરી સેકરેટરી ખાનબહાદુર મનચેરજી કાવશજી મરજબાંને મુંબઇ મધે ગરીબ જરથોશતીઓ શારૂં ચાલી બાંધવા માટે ઉભાં કરેલાં ફંડનો રીપોરટ વાંચી શંભલાવયો હતો. આ ચાલી બાંધવા માટ શેઠ ફરાંમજી દીનશાહ પીટીટે પોતાનો ગીલડર સ્ટ્રીટને નાકેનો જમીનનો મોટો કકડો ભેટ આપયો હતો. શેઠ ફરાંમજી પીટીટે રૂપાંની થાપી વડે પાયાના પથર ઉપર ચુનો નાખયો હતો, જે થાપી તેવણને આ બનાવની યાદગારીમાં ભેટ આપી હતી. તયારબાદ એરવદ જીવનજી જમશેદજી મોદીએ તથા બીજા કેટલાક જરથોશતી મંડલે ટુક બંદગી ગાઇ હતી. શેઠ ફરાંમજી પીટીટ, એ ખાતાંનાં કારોબારીઓ અને નાણું ભરનારાનો તથા ખાનબાહાદુર મરજબાંનનો ઉપકાર માની મેલાવડો બરખાશત થયો હતો.

ફરાંમજી દીનશાહ પીટીટ લેબોરેટરીનો પાયો નાખવાની કીરીઆ નામદાર ગવરનર લારડ રેએ તા૦ ૮ મી એપરેલ ૧૮૮૯ ને દીને ગ્રાંટ મેડીકલ કોલેજની પડોશમાં, યુરોપયન તથા દેશી ગ્રહશથોના મોટા મેલાવડા હજુર કીધી હતી. શેઠ ફરાંમજી દીનશાહ પીટીટે જણાવયુ કે લેબોરેતરી શથાપવાની જરૂર જણાયાથી અને અતરે વપડાતી હીંદી દવાઓનાં ગુણ તપાસી તે હાલનાં વઇદાંમાં દાખલ કરવાની અગત દીસેઆથી તે કાંમ માટે એક મકાન બાંધવા માટે ૨૭૫૦૦૦ ની રકમ શરકારને શવાધીન કીધીછે. અને હાલ એ ઇમારતનો પાયો નાખવાની કીરીઆ કરવાને તમો નામદારને અરજ કરૂંછુ. નામદાર ગવરનરે એક અતી રશીલું ભાશણ કીધું હતું જેમાં તેવણે આ લીબોરેટરી બાંધવાને મી૦ ફરાંમજી પીટીટે જે ઉમદા બખશેશ ભેટ આપી હતી તે માટે ઘણી શાબાશી તેમને આપી હતી.

શોલાપુર ખાતે એક નવી ધરમશાલા શેઠ હોરમજી દોરાબજી કામાના ખરચે અને તેમાં આપણા સર દીનશાજી માણેકજી પીટીટે મદદ કરવાથી બાંધવામાં આવી હતી, જે "કામા હોલ" ને નામે ઓલખાશે. તેને ખુલ્લી મેલવાની કીરીઆ, તા૦ ૧૪ મી એપરેલ ૧૮૮૯ ને

દીને પુણેવાલા દશતુરજી સાહેબ ખાનબાહાદુર ડાકટર હોશંગજી જામાસપજીએ આવીને, અવસતા કલાંમની દુવા શહીત કરી હતી. એ વેલાએ અંગરેજ, પારસી અને બીજા શોલાપુરનાં તથા આશપાસની લાઇન પરનાં રેહવાશીઓનો ઘણો સારો મેલાવડો હાજર હતો. દસતુરજી સાહેબને જરથોસતી અનજુમન તરફથી એક માનપતર આપવામાં આવયું હતું. રાતનાં જરથોસતીઓની એક જીઆફત પણ જમાડવામાં આવી હતી.

બદનેરા ખાતે એક ધરમનું દવાખાનું સથાપવાને બીરાર મીલના મુંબઇના એજંટ શેઠ જાંગીર હોરમજી મોદીએ માથે લીધાથી તેનો પાયો નાંખવાની કીરીઆનું કામ તા૦ ૧૫ મી એપરેલ ૧૮૮૯ ને દીને કરવામાં આવયું હતું. બીરારના એક જુના ને માન પામેલા અમલદાર કરનલ બુલકની બાનુને હાથે આ પાયાની કીરીયા કરાવામાં આવી હતી, જે વેલાએ તાહાંના લોકોની એક મોટી ઠઠ એકઠી મલી હતી તથા ભારે ધામધુમ કરવામાં આવી હતી. મીલનાં તમામ માણસો સરઘશના આકારમાં માડવામાં હાજર હતા તેમની સાથનો એક સુંદર ફોટોગરાફ આ દેખાવનો પાડવામાં આવયો હતો. કરનલ બુલકે જરથોસતીઓ બગેરેબધા નાત જાતનાં તફાવત વગર હાવી હાવી સખાવતો કરે છે તેને માટે તારીફનું એક ભાશણ કીધું હતું. પાયાની કીરીઆ કરવાની બનાવેલી એક રૂપાંની થાપી મીશીશ બુલકને આ કીરીયાની યાદગારી દાખલ માન સહીત ભેટ આપવામાં આવી હતી. સકુલના બાલકોએ શુંદર ગીતો ગાયાં હતાં. શેવટે સરવે સાહેબોને રીફરશમેંટ અને પાનગોલાબ આપી વીદાય કરવામાં આવયા હતા.

તારાપોર ગામમાં દોખમા આગલ જવાને એક સડકનાં રસતા વગર ઘણી અડચણ પડતી હતી તેને માટે શેઠ એદલજી ફરામજી આલબલેશના શાહેબજાદાઓએ રૂ૭૦૦૦ ખરચી બાંધી આપેલો "એદલજી આલબલેસ રોડ" નામનો નવો રસતો ખુલો મુકવાની કીરીઆ તા૦ ૯ મી મે ૧૮૮૯ ને દીને કરવામાં આવી હતી. એ કીરીઆની વેલાએ શેઠ કેખશરૂ ફરદુનજી આલબલેસ પોતે તારાપોર ગયા હતા, તેમને તાહાંના પારસીઓએ રેલવે સટેશનપર જઇ સારો આવકાર આપયો હતો. જશનની કીરીયા પુરી થવા બાદ શેઠ કેખશરૂએ એક અનજુમન પતર વાંચી સંભલાવયો હતો. શેઠ ફરદુનજી આલબલેશને એક માનપતર કીમતી દાબડામાં મેલી ભેટ કરવામાં આવયું હતું; જે શેઠ વીકાજી મેહેરજીભાઇએ વાંચી સંભલાવયું હતું. શેઠ ફરદુનજી આલબલેશે આખાં ગામમાં તે દીને નયાત જમાડી હતી જેમા મરદો અને ઓરતો મલી ૩૦૦ માણસોનો મેલાવડો થયો હતો.

સુરત તરફ આવેલાં વેસુ ગામમાં એડનવાલા શેઠ માણેકજી રતનજી પટેલે બંધાવેલાં આતશ આદરાન પરથવાની કીરીઆ રોજ ૩ જો માહા ૯ મો શેનશાહીને દીને સુરતના દસતુર નોશરવાનજી કેખશરૂએ જરથોસતીઓના મેલાવડા સનમુખ કીધી હતી. જશનની કીરીયા પુરી થવા પછી દસતુર રૂશતમજી જમશેદજીએ શેઠ માણેકજીની સખાવત માટે તારીફ કરી અનજુમન તરફથી ઉપકાર માનયો હતો. તયારબાદ અનજુમન તરફથી તથા દુમશવાલા શેઠ પેસતનજી પટેલ તરફથી શેઠ માણેકજીને સીયાલો હોરાડી હતી. શેઠ માણેકજી તથા વેસુ ગામની અનજુમને દસતુર નશરવાંનજીને સીપાલો હોરાડી હતી. શેઠ માણેકજીએ તે દીને જરથોસતીઓને નયાત જમાડી હતી. એ બાદ મોબેદોમાં આશોદાદ વેંહચી મેલાવડો બરખાસત થયો હતો.

એરગામ ખાતેનાં દોખમાં આગલ એક શગડી સર દીનશાહ માણેકજી પીટીટ પોતાના નબીરા શેઠ અરદેશર કાવશજીના પુણ માટે બંધાવી આપીછે. તેનું મકાંન ખુલું મુકવાની કીરીઆ રોજ ૧૯ મો માહા ૧૦ મો શેહેનશાહી, તા૦ ૨ જી જુલાઇ ૧૮૮૯ ને દીને કરવામાં આ

વી હતી. જશનની ક્રીરીઆ પુરી થવા બાદ શેઠ ભીખાજી મેહરવાંનજીએ અનજુમન પતર વાંચી શંભલાવયું હતું જેમાં શર દીનશાહનો તેમની શખાવત માટે ઊપકાર માનયો હતો.

કરાંચીના જાણીતા શેઠ જેહાંગીર જમશેદજી રાજકોટવાલાના મરણના ઉઠમણામાં જરથોસતીઓને માટે એક મકાન "જેહાંગીર બાગ" ધરમમાં આપવા કબુલયું હતું તે "જેહાંગીર બાગ" ખુલો મેલવાની ક્રીરીઆ—તા૦ ૩૦ મી આગસ્ટ ૧૮૮૯ ને દીને કરાંચી ખાતે કરવામાં આવી હતી. મેલાવડામાં ઘણાક જરથોસતીઓ હાજર હતા. જશનની ક્રીરીઆ પુરી થવાબાદ આશની કરી મેલાવડો બરખાસત કરતાં ખાનબાહાદુર બેહરાંમજી જેહાંગીર રાજકોટવાલાએ એક અસરકારક ભાશણ આપયું હતું.

બેલગામમા પારશીઓ માટે એક દરેમેહેર અને દુખમુ બાંધવાનો વીચાર કરવા માટે એક શભા બોલાવામાં આવી હતી તે વેલાએ શેઠ પેશતનજી ખરશેદજી બાઈશે પોતાના ખરચે એક અગીઆરી બાંધી આપવા જણાવયું છે, અને દુખમાના ખરચ માટે ઉઘરાણું કરવાનો ઠેડાવ કરવામાં આવયો છે.

ભરૂચના ડેપીઉટી કલેકટર ખા૦ બા૦ બમનજી એદલજી મોદીએ તયાંના દેશીઓને ફરવા હરવાનાં કામમાં આવવા સારૂં પોતાના ગીરોના ખરચથી અંગરેજોના દેવલની સાંમેનો બુરજ દરૂશત કરાવી આપવા તથા તયાં એક પાકી સડક બાંધી આપવાની પરવાંનગી સુધરાઈ ખાતા શેઠે માંગી તે ઉપકાર સાથે બાહાલ રાખવામાં આવી છે.

મઉવાલા પલીડર ખાનબાહાદુર શેઠ નવરોજી માંણેકજી ઓરીએ પોતાની મરહુમ ધણી-આંની બાઇ ભીખાઇજીનાં પુણને સારૂ મઉ ખાતેની જરથોસતી છોકરીઓની શકુલ શારૂ, તથા બહાર ગામથી આવતા જરથોસતીઓના ઉતારા માટે એક મકાંન બંધાવી આપઉ છે, તેના સાથે એક નશાખાંનુ અને બરશંગાહની જગા પણ તેવોએ બાંધી આપીછે. આ મકાનને ખુલુ મેલવાની ક્રીરીઆ રોજ ૧૭ મો માહ ૨ જો શેનશાહી ને દીને કરવામાં આવી હતી. આ મકાંન બંધાવા માટે એ શેઠનો ઉપકાર માનવાને તા૦ ૪ થી મે ૧૮૮૯ ને દીને મઉના જરથોશતીઓનો એક મેલાવડો એજ બાઇ ભીખાઇજી વાલી શકુલનાં મકાંનમાં કરવામાં આવઓ હતો. તે વેલાએ તાંહાંના અનજુમને શેઠ નવરોજીને એક માનપતર અને શાલનો જોડો ભેટ આપયો હતો. એ માનપતર કલકતાવાલા મીશીઅરશ હામીલટનની કંપનીએ બના-વેલા એક ચાંદીના બાકશ જે એક જરથોસતીએ પોતાની તરફથી બનાવી મંગાવેઓ હતો તેમાં મેલીને ભેટ આપયું હતું. એ પછી એ દીને રાતના ખા૦ બા૦ ઓરીને તેમના મીતરો તરફથી તાંહાંની લાયબરેરીના મકાંનમાં એક જીઆફત આપવામાં આવી હતી. શેઠ નવરોજીએ બંધાવેલાં મકાંન ઉપર મારેલા તખતીની નકલ નીચે મુજબ છે.—"બેહસતન બાઇ ભીખાઇજી રોજ ૧૭ શરોશ ઇજદ માહા ૨ જો અરદીબેહસત સને ૧૨૫૭ યજદેજરદીને દીને શ્રી મઉ મધે હક થયા તેવણનાં પુણને માટે આ મકાન છોકરીઓની નીશાલના તા૦ જરથોસતી ઉતારૂઓના વપરાશને થકી તેવનનાં ખાવીંદ ખાનબાહાદુર નવ-રોજજી માંણકજી ઓરીએ બંધાવી અનજુમનને શપુરદ કીધું છે. રોજ ૧૭ શરોશ ને માહા ૨ જો અરદીબેહેસત સને ૧૨૫૮ યજદેજરદો ને દીને."

ખેતાબ, હોધા, પરીક્ષા ઈ૦—અતરેના દસતુરજી સાહેબ ડાકટર પેસુતનજી બેહરામજી સંજાણાને આપણી નામદાર માહારાણીની સરકાર તરફથી અંગરેજોનાં શને ૧૮૮૯ ના નવા વરસની ખુશાલીને ટાંકણે "શમસુલ ઊલમા" નો ખેતાબ મલયો છે. એને માટે તેવોએ પસંદ કરેલી જાતનો એક ખાસ સરોપાવ સરકારથી બનાવી આપવામાં આવનાર છે.

ફોરટ હાઇ સકુલના પેહલા મદદનીશ શીક્ષક મી૦ દીનશાહ સોરાબજી મોદી જેવણે ૧૪ વરસે એ શાલા સાથનો સંબંધ છોડયો છે તેવણને એક માનપતર તથા શુનાનો ચાંદ વીગેરે તે સકુલનાં વીદયારથીઓ અને બીજા માસટરોએ આપવા માટે તે સકુલમાં તા૦ ૨૯ મી સપટેમબર ૧૮૮૮ ને દીને એક મેલાવડો કીધો હતો. એ વેલા મી૦ દીનશાહની મેહનત અને કાબેલીઅતની ઘટતી પીછાણ થઇ હતી. તે પછી વલી એવોને એક એડરેસ તથા ભેટ આપવા માટે એક બીજો મેલાવડો તા૦ ૧૩ મી એપરેલને દીને સરકલ લીતરેચરના મકાનમાં મી૦ રૂશતમજી મેહેરવાંનજી પલીડરના પરમુખપણા હેઠલ થયો હતો. તે વેલાએ સરનસીને એક રૂપાની કેસકેત તથા ભુગોલને લગતો રૂપાંનો ગલોબ એ શકુલનાં આગલા તથા હવડાંનાં વીદયારથીઓ તરફથી ભેટ આપયો હતો.

મી૦ કાવશજી દાદાભાઇ નાયગામવાલાની પુણે બદલી થવાથી રીપન કલબમાં તેવણને તા૦ ૨૫ મી અકટોબરે ખાણું આપયું હતું. મી૦ શોરાબજી ફરાંમજી પતેલ પરમુખ હતા જેવણે મી૦ નાયગામવાલાની કાબેલીયતની વખાંણ કરી હતી.

ભરૂચના એસીસટંટ ડેપયુટી કલેકટર ખાનબાહાદુર બમનજી એદલજી મોદીની અમદાવાદ બદલી થવાથી તેમના માનમાં ખાન સાહેબ મેહરાંમજી ધનજીભાઇનાં હોલમાં એક મેલાવડો તા૦ ૪ થી ડીશેમબર ૧૮૮૮ ને દીને થયો હતો.

મી૦ જમશેદજી અરદેશર દલાલની વડોદરે બદલી થવાથી અમદાવાદ ખાતે ગુજરાત કલબમાં તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૮૯ ને દીને એક ઇવીનીંગ પારટી આપવામાં આવી હતી તે વેલાએ તયાંના પરખેઆત કવી દલપતરાંમે મી૦ દલાલની તારીફમાં ખાશ બનાવેલી કવીતા ગાઇ હતી. વલી એવોના માંનમાં હેમાભાઇ ઇનસટીટીઉટમાં એક સભા તા૦ ૨૮ મી જાનેવારી સને ૧૮૮૯ ને દીને મલી હતી, જેનાં પરમુખ તરીકે તાંહાં વાલા જાંણીતા ગરહશથ રા૦ બા૦ બેચરદાશ અંબાઇદાશ સી. એસ. આઇ. બીરાજીઆ હતા. તે વેલાએ મી૦ દલાલને એક માનપતર કશબી ડેલીમાં મેલીને આપવામાં આવ્યું હતું. એજ દીને રાતના મી૦ ફરાંમજી પેશતનજી વકીલનાં મકાનમાં પારશીઓ તરફની જેઆફત અપાઇ હતી.

નવસારીની સર કાવશજી વાલી મદરેશાના હેડ માસતર મી૦ બેજનજી નવરોજી કુતાર એમ. એ. ને તારીખ ૧ લી એપરેલ ૧૮૮૯ ને દીને મદરેસાના મકાનમાં એ મદરેસાના વીદયારથીઓએ એક માનપતર શાથે સોનાની વીતી અને ઘડીઆલ ભેટ આપયું હતું.

સર જમશેદજી જીજીભાઇએ પુણા ખાતેના પોતાના બંગલામાં માહરાજા સીયાજીરાવને તા૦ ૧૫ મી જુન ૧૮૮૯ ને દીને એક પારટી આપી હતી.

હેદરાબાદવાલા શેઠ શાપુરજી એદલજી ચીનાઇએ મીશ મેનીંગનાં માંનમાં તા૦ ૨૯ મી નવેમબર ૧૮૮૮ ને દીને શાપુરવાવાડીમાં એક ગારડન પારટી કરી હતી.

શેઠ જમશેદજી નશરવાનજી તાતાએ તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૮૯ ને દીને વેલાતથી આવેલા પારલામેંટના મેમબર મી૦ ડબલયુ. એસ. કેનના માનમાં પોતાના મકાનમાં એક આફતરનુન પારટી આપી હતી તે વેલાએ મી૦ કેન પોતાના બાનુ શાથ આવી પુગતાં મી૦ જમશેદજી તાતા તથા કુટુંબ અને મી૦ દીનશાહ વાછાએ ઘટતો આવકાર આપયો હતો. મી૦ કેન પરોણા સાથે સારીપેઠે ભેલાઇ છુટથી વાતચીત કરતા હતા. રીફરેશમેંટ લેઇ મેલાવડો મોડેથી બરખાસત થયો હતો.

અમદાવાદવાલા ખા૦ બા૦ નવરોજી પેશતનજી વકીલે તા૦ ૧૮ મી ફેબરવારી ૧૮૮૯ ને દીને તયાં આવેલા રેવેનીઉ કમીશનર મી૦ શેપરડ અને તેમની બાનુના માનમાં એક ઇવીનીંગ પારટી કીધી હતી તે વેલાએ ઘણીક દેશી અને યુરોપયન બાનુઓ હાજર થઇ હતી.

મી० જાલભાઇ અરદેશર શેઠનાએ પોતાના દર વરશના શરેસ્તા મુજબ તા० ૧૬ મી ફેબરવારી ૧૮૮૯ ને દીને પોતાના "શેઠ લોડજ" માના સંખ્યાબંધ ભાડુતોને એક મેજબાની આપી હતી; જેમાં ૨૫૦૦ ભાડુતો હાજર હતાં. બંગલાના કમપાઉંડમાં જુદા જુદા માંડવ નાખી તેમને રંગબેરંગી લાઇટથી ભભુકદાર કીધા હતા. મુસલમાન, હીંદુ અને બીજી ગ્નાતના લોકોને માટે જમવાની જુદી જુદી ગોઠવણ કીધી હતી. પરોણાની રમુજ માટે નાચ, ગાયણ, મદારીનો ખેલ વગરેની રમતો કીધી હતી. નાચ તથા રીફરેશમેંટ લેઇ શેઠ જાલભાઇને દુવા દઇ છેક મોડી રાતે પરોણા વીદાય થયા હતા.

મીસીસ અરદેશર હોરમશજી વાડીઆએ ખરીશટી મીશનવાલી સકુલના છોકરાઓને તા० ૨૬ મી જુલાઇ ૧૮૮૯ ને દીને એક જયાફત આપી હતી તથા રમુજ માટે આતશબાજી ફોડાવી હતી.

સુરત મધે ધી પારસી યંગમેન એસોસીએશનનું ખાણું તા० ૧૮ મી સપટેમબરે સુરત મધે નાનપોરે મુસાફર બંગલામાં મી० રૂશતમજી દીનશાહ મુલાંફીરોજના સરનશીનપણાં હેથલ થયું હતું. નામદાર માહરાણી, અંગરેજી કેલવણી, અને લોકરક્ષી મી० દાદાભાઇ નવરોજીની સલામતીઓ લેવાઇ હતી.

સર દીનશાહજી માંણેકજી પીટીટ નામદાર વાઇસરાયની ધારા બાંધનારી સભામાં સામેલ થવા માટે કલકતા ખાતે જવા શારૂ અતરેથી તા० ૨૨ મી ડીસેમબર ૧૮૮૮ ને દીને લેડી શાકરબાઇ અને બીજાઓ સાથે બોરીબંદરના વીકટોરીઆ ટરમીનસ ઉપરથી ઉપડી ગયા હતા, તે વેલાએ સર દીનશાહજીના એશીઓ, મીતરો તથા ઘણાક જરથોસતીઓ સટેશનપર હાજર હતા. સર દીનશાહજીને સટેશનપર આવી પુગતાંજ ફુલોના હારો પેહેડાવી ખુશાલીના પોકારોથી વધાવી લીધા હતા. ઘણીક પારસી બાનુઓ પણ લેડી શાકરબાઇને તથા તેમની બેટીઓને આવકાર આપવા હાજર હતી. અતરેથી નીકલેલા સર દીનશાહજી તા० ૨૩ મીએ ભુશાવલ જઇ પુગા તયારે દસતુર બમનજી જામાસપજી શી. આઇ. ઇ. તથા બીજા જરથોસતીઓએ તેમને સટેશનપર આવી સારો આવકાર આપયો હતો, ટરેન ઉપડતી વખતે દસતુરજી બમનજીએ સર દીનશાહજીને ફુલના તોરાથી વધાવી લીધા હતા. એ પછે તેવો સાહેબ તા० ૨૫ મી ડીસેમબરે કલકતે જઇ પુગા તયારે તેમને આવકાર દેવા માટે સટેશનપર કલકતાના ઘણાક જાણીતા પારસી ગરહસથો અને શેઠ માણેકજી રૂશતમજીના કુટુંબની બાંનુઓ પણ હાજર થઇ હતી. જેઓએ સર દીનશાહજીને હરખ ભરીઆ આવકાર આપયો હતો.

મરહુમ શેઠ નશરવાંનજી કામાના ધરમ ખાતાંની નીશાળના છોકરાઓને ઇનામ આપવાનો મેલાવડો તા० ૨૪ મી ડીશેમબર ૧૮૮૮ ને દીને મી० ખરશેદજી રૂશતમજી કામાના પરમુખપણાં હેઠલ કોટમાં શેઠ માણેકજી શેઠની વાડીમાં થયો હતો. એરવદ કાવશજી નશરવાંનજી કાગાએ રીપોરટ વાંચી સંભલાવયા હતો. રીપોરટ વાંચવા બાદ મી० માણેકશાહ બેહરાંમજી લાહોરે છોકરાઓની પરીક્ષા લીધી હતી અને નાના છોકરાઓએ ધરમ સબંધી કેટલાંક ગીતો ગાવાં હતાં. સરનસીને એક ટુક ભાશણ કરી ઇનામો વેહેંચયાં હતાં. આ શઘલા વીદયારથીઓને અંગરેજોના નવા વરશપર એટલે તા० ૧ લી જાનેવારી ૧૮૮૯ ને દીને શેઠ હોરમશજી બેહેરામજી કામાએ મીઠાઇ ખવરાવી હતી.

જી. આઇ. પી. રેલવેના પારશી કામદારોએ સથાપેલાં ઝોરાસટરીઅન દેથ બેનીફીટ ફંડનો રીપોરટ લેવા એક સભા તા० ૨ જી ડીશેમબર ૧૮૮૯ ને દીને ભાંખખલા લાયબરેરીવાલા હોલમાં મી० મનચેરજી હોરમશજી વજીફદારનાં પરમુખપણાં હેઠલ મલી હતી. જયાં છ માસનો રીપોરટ વાંચવા પછી શેઠો મનચેરજી હોરમજી વજીફદાર, માણેકજી રતનજી માજુ અને પેશતનજી શીરાબજી મશાંનીને ટરશટીઓ ઠેડવયા હતા. એ ફંડમાં બે વરગ કરવામાં આવયા છે.

"મુંબઇના જરથોશતીઓનાં મરણ વખતનું અરસ પરસના લાભનું ફંડ"—હેવે નામે એક અતરે નવું ફંડ ઉઘાડી, તેમાં શામેલ થાનારા મેમબરો દર વખતે ઠેડવેલો કાળ આપે, તેના બદલામાં તેવા મેમબરનાં મરણ વખતે કેટલીક રકમનો આશરો તેનાં કુટંબને મળે હેવી મકશદ તેમાં રાખવામાં આવી છે.

પારસી જીમખાનાની કશરતોના અખાડામાં ફતેહમંદ ઉતરેલા ઊમેદવારોને ઇનામ આપવાનો મેલાવડો તા૦ ૬ ઠી મારચ ૧૮૮૯ ને દીને જીમખાનાના કમપાઉંડમાં બાનુઓ તથા ગરહશથોનો કરવામાં આવયો હતો. શેઠ શોરાબજી ફરાંમજી પટેલ પરમુખની ખુરશીએ બીરાજયા હતા તેવણે ભાશણ કરી જણાવયું કે પારશીઓએ તનની ખીલવણી ઉપર ધયાન આપવુ જરૂરનુછે. તે પછે પોલીશ કમીશનર કરનલ વીલશનના બાનુએ ઇનાંમો વેંહચી આપયાં હતાં. શેવટે મીસીસ વીલશન માટે ચોઅરશ પોકારી મેલાવડો બરખાસત થયો હતો.

જરથોસતી છોકરીઓની નીશાલ મંડલીની છોકરીઓને ઇનામ આપવાનો મેલાવડો તા૦ ૨૧ મી મારચને દીને બાઇ ભીખાઇજી શાપુરજી બંગાલીની નીશાલના મકાંનમાં શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલનાં પરમુખપણાં હેઠલ થયો હતો; જે વેલા જરથોસતીઓનો વગવાલો મેલાવડો હાજર હતો. એ ખાતાંના શેકરેટરી મી૦ જહાંગીર મરજબાંને વારસીક રીપોરટ વાંચો સંભલાવયા બાદ પરમુખે છોડીઓને સકોલરશીપ તથા ઇનાંમો આપયાં હતાં. એક નાહાની બાલકીએ "માની સીખામણ માનવા" ઉપર સારી ઢપથી એક કવીતા ગાઇ સંભલાવી હતી. પછે પરમુખનો ઉપકાર માની મેલાવડો બરખાસત થયો હતો.

મુંબઇની કસરતશાલા સથાપક મંડલીની મેદાંનમાંની કસરતશાલાના છોકરાઓને ઇનામ આપવાનો મેલાવડો તા૦ ૪ થી મે ૧૮૮૯ ને દીને પ્રીનસ સામતસીંગજીના સરનસીનપણા હેઠલ કરવામાં આવયો હતો. મી૦ બમનજી મેહરાંમજી પટેલે વારસીક રીપોરટ વાંચી સંભલા-વયો હતો તેમાં શેઠ નશરવાંનજી માણેકજી પીટીટે રૂ૧૦૦૦) નાં પોરટ ટરસટના બાંડ ભેટ આપયા હતા તથા સર દીનશાજી માણેકજી પીટીટે રૂ૭૫૦૦ આપયા હતા તે માટે તેમનો ઉપકાર માનયો હતો. મી૦ નશરવાંનજી કાવશજી કેરાંવાલાનો સોનાનો ચાંદ મેહેરવાંનજી હોરમશજી નોરીઆને તથા જમશેદજી નસરવાંનજી પીટીટનો રૂપાનો ચાંદ શોરાબજી મનચેરજી મોતીશાને મલયો હતો. એ બાદ ચેલાઓએ જુદી જુદી કશરતો કીધી હતી. કુવર સામત-સીંગજીએ રૂ૨૫) છોકરાઓને મીઠાઇ ખવારવા માટે આપયા હતા.

મુલાંફીરોજ મદરેશાના વીદયારથીઓને ઇનામો આપવાનો એક મેલાવડો તા૦ ૨ જી ફેબરવારી ૧૮૮૯ ને દીને બાઇ ભીખાઇજી બંગાલીની કનયાશાલામાં થયો હતો, તે વેલાએ અતરેના ઘણાક પારસી ઘરશથો ઉપરાંત ઇરાનના કાનશલ પણ તયાં હાજર થયા હતા. કેટલાક છોકરાઓએ ફારસીમાં કવીતા ગાઇ હતી જેથી ઇરાની કાનશલ ઘણા ખુશી થઇ ગયા હતા. ઇનામો વેંહેંચવાબાદ પરમુખ શેઠ ખ૦ ર૦ કામાજીએ ટુક ભાશણ કીધું હતું અને ઇરાંનના કાનસલે પણ ફારસીમાં એક ભાશાંણ કીધું હતું જેમાં પારસીઓની સખાવત તથા તેમના જાત ભાઇ તરફની દાઝની ઘણી તારીફ કીધી હતી.

કાંદાવાલા મોહલામાં આવેલી શેઠ મેરવાંનજી માણેકજી શેઠનાની જરથોસતી છોકરીઓની નીશાલમાં ઇનામ આપવાનો મેલાવડો તા૦ ૧૧ મી મે ૧૮૮૯ ને દીને શેઠ શોરાબજી શાપુરજી બંગાલી સી. આઇ. ઇ. ના પરમુખપણાં હેઠલ થયો હતો. છોકરીઓએ બંદગી કીધા પછી મી૦ હીરજીભાઇ જમશેદજી અપુએ વારસીક રીપોરટ વાંચી સંભલાવયો હતો. છોકરીઓએ ગાયન ગાવાબાદ સરનસીને ઇનામો વેંહેંચીઆં હતાં. શેઠ જાલભાઇ એ ખાતાં માટે ઘણી કાલજી રાખી છોકરીઓને ઇનામો આપેછે તેથી તેવણની પરમુખે ઘટતી વખાણ કીધી હતી. છોકરીઓને તે દીને મી૦ જાલભાઇએ જવાફત આપી હતી.

આમબે હાઇ સકુલમાં ધરમનીતી તથા તનની કેલવણી લેતા ફતેહમંદ વીદ્યારથીને ઈનામો આપવાનો એક મેલાવડો તા૦ ૨૨ મી સપટેમબર ૧૮૮૮ ને દીને સાંજના કામાબાગ મધે શેઠ ફરાંમજી નશરવાંનજી પટેલના પરમુખ પણા હેઠલ થયો હતો. એ વેલા કેટલાંક મધુર ગાયણો ગાવામાં આવયા હતા તથા દરીલની તાલીમ મેલાવડા હજુર બતલાવવામાં આવી હતી. તયાર બાદ મેલાવડો બરખાસત થયો હતો.

ભાશાંણો—જરથોસતીઓનાં નવાં શાલને દીને પુણાની બજમે રોજે બેહરાંમ તરફથી તયાંની પટેલવાલી દરેમેહેરમાં એક જાહેર જશન થયું હતું તેમાં તાંહાંનાં નાયબ દસતુર કૈકોબાદજીએ એક વાએજ કીધી હતી, તેમાં તેવણે જણાવયું હતું કે નવાં વરશને પતેતી નહી પણ નોરોજ તરીકે ગણવો જોઇએ. એજ બજમનું ખોરદાદશાલનું જશન થયાબાદ દસતુર હોશંગજીએ ખોરદાદશાલ ઉપર એક વાએજ કહી સંભલાવી હતી.

મી૦ દાદાભાઇ નવરોજીએ તા૦ ૭ મી અકટોબર ૧૮૮૮ ને દીને ફીનસબરી ખાતે પારસી ધરમ ઉપર ભાશાંણ આપયું હતું.

મુંબઇનાં વાહાડીઆજીવાલાં આતશબેહેરાંમની શાલગરેહ જે તા૦ ૨ જી નવેમબર ૧૮૮૮ ને દીને પડી હતી તે દીને દસતુર પેશોતનજી બેહેરાંમજી સંજાણાએ જશન પછે "માજદી યસની જરથોસતી દીન ઉપર એતેકાદ રાખવાની ખુબી" એ વીશય ઉપર એક વાએજ કહી સંભલાવી હતી.

જરથોસતી ધરમ અને કીરીઆ ઉપર એતેકાદ વધારનારો મંડલી તરફથી દસતુર ડાકટર જામાસપજી મીનોચેહેરજી જામાસપઆશાએ તા૦ ૨ જી ડીસેમબર ૧૮૮૮ ને દીને કોટમાં માણેકજી શેઠની વાડીમાં "બંદગી અવસતા ભાશામાંજ કરવી" એ વીશય ઉપર એક ભાશણ આપયું હતું. એજ મંડલી તરફથી ડાકટર પેસતનજી નવરોજી પાવડીએ તા૦ ૨૩ મો મારચ ૧૮૮૯ ને દીને "બંદગીનું તેજ અને જલકાત અને આતમાનો દરજજો" એ વીશય ઉપર માણેકજી શેઠનાની વાડીમાં ભાશાણ આપયું હતું.

મી૦ દારાશાહ રતનજી ચીથગર નવસારી મધે સર કાવશજી મદરેશામાં તા૦ ૨ જી જાનેવારી ૧૮૮૯ ને દીને "અબલા જાતીની ફરજો અને કેલવણી મારફતે તેમનાથી થતી ઉંચી ઓલાદ" એ વીશય ઉપર એક ભાશાણ આપયું હતું. એ વેલાએ મુંબઇવાલા જાણીતા પારસી ગાયણકર મી૦ ફીરોજશાહ રુસતમજી બાટલીવાલાએ કેટલાંક ગાયણો વાજીનટરો ઉપર ગાઈ સંભલવયાં હતાં. આ બંધે ગરસથોનો ઉપકાર તે મેલાવડામાં હાજર થએલી બાનુંઓમાંની એક બાઈ હીરાંબાઇ પાલણજી જમશેદજી બાંમજીનાએ માંનયો હતો.

એરવદ જમશેદજી જીવણજી મોદીએ તા૦ ૧૬ મી જાનેવારી ૧૮૮૯ ને દીને રોયલ એસીયાટીક સોસાયટીની મુંબઇની સાખાની સભામાં "કારુન નદી" એ વીશય ઉપર ભાશાણ આપયું હતું. એવોજ એક બીજું ભાશણ "મેહર અને મેહરગાંન" એ વીશય ઉપર તા૦ ૩૦ મી મારચ ૧૮૮૯ ને દીને બાઇ ભીખાઇજી બંગાલી કનયાશાલાનાં મકાંનમાં આપયું હતું. તથા તા૦ ૨ જી મે ૧૮૮૯ ને દીને "ભવીશની જીંદગી" ઉપર એક ભાશણ ફરાંમજી કાવશજી ઇનસટીટીઉટમાં આપયું હતું, અને તા૦ ૭ મો મેને દીને નેચરલ હીસતરી સોસાયટી તરફથી "વરુઓ અને જીઆનગર પક્ષીઓએ પરવેસ કોરેલાં બચાં" એ વીશય ઉપર ભાશાણ આપયું હતું.

રાહાનુમાય મજદીઅસના સભા તરફથી એરવદ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચાએ તા૦ ૧૧ મી એપરેલ ૧૮૮૯ ને દીને અને તયાર પછે બે વાર ફરાંમજી કાવશજી ઇનસટીટીઉટમાં બંદગી ઉપર ભાશણ આપયાં હતાં.

ડાકટર કેખશરૂ નશરવાંનજી બાહાદુરજીએ તા૦ ૧૬ મી એપરેલ ૧૮૮૯ ને દીને ફરાંમજી કાવશજી ઇનસટીટીયુટમાં "આરાક અને તેની પચાવત" એ વીશય ઉપર ભાશણ આપયું હતું.

બાઈ રતનબાઇ અરદેશર મલબારવાલાએ તા૦ ૩૦ મી એપરેલ ૧૮૮૯ ને ફરાંમજી કાવશજી ઇનસટીટીઊટમાં "ફુલ્પસાં અને તેની રચના" એ વીશય ઉપર ભાશણ આપયું હતું.

ડાકટર ધનજીશાહ રૂશતમજી તાતાએ તા૦ ૧૧ મો જુન ૧૮૮૯ ને દીને ઓરીએંટલ પરોગરેસ યુનીયનની જાહેર સભામાં બુધી વરધક સકુલના મકાંનમાં "પરજાની તંદરોસતી" એ વીશય ઉપર ભાશણ આપયું હતું.

મી૦ બમનજી બેહરાંમજી પટેલે એનથરોપોલાજીકલ સોસાયટીની સભામાં તા૦ ૨૬ મી જુન ૧૮૮૯ ને દીને "હીંદુસથાનમાં પારસીઓનાં દોખમાં" એ વીશય ઉપર એક નીબંધ વાંચયો હતો, તેમાં જણાવ્યા પ્રમાણે—આખાં હીંદુસથાનમાં સઘલાં મલીને એકસો પંદર દખમાં હાલમાં છે. આમાંનાં છાશઠ ચાલુ વપરાશમાં છે. ચોવીશ જુનાં થઇ પડયાં છે, અને બાકીના પચાંશ તદન ભાગી અવસ્થામાં છે. આ એકસો પંદર દખમાંઓમાં સડસઠ જરથોસતી અંજુમનનાં ઉઘરાંણાથી બંધાવલાં છે, પીશતાલીશ જુદા જુદા ખાનગી ગ્રહસથોએ બંધાવેલાં છે, અને તરણ જુદી જુદી પારસી બાઇઓને ખરચે બંધાવલાં છે. મુંબઇ શેહરમાં સાત દખમાં છે, કલકતામાં એક, મદરાસમાં એક, એદનમાં બે, કરાંચીમાં બે, મલબાર કોસતા પર આલપાઇમાં એક, અજમેરમાં એક, મઉમાં એક, નીમચમાં એક, અને ભુશાવલમાં એક છે. શુરત જીલ્લામાં બધાં મલીને અઠાવીશ છે, જેમાંનાં ખુદ શુરત શેહરમાં અગીઆર, રાંડેરમાં બે, વલસાડમાં ત્રણ, શુમાલીમાં એક, ચાર ટેણામાં, માંડવીમાં એક, પારડીમાં એક, ઉદવાડામાં બે, એરગાંમમાં એક, અમરોલીમાં એક, અને બારડોલીમાં એક છે. ભરૂચ જીલ્લામાં બધાં મલીને આઠ દખમાં છે, જેમાનાં ખુદ ભરૂચમાં ચાર છે, બે અકલેશરમાં, એક એલાવમાં, અને એક કરંજામાં છે. વલી અમદાવાદમાં બે, દીશા કાંપમાં એક, અબુ રોડ પર એક, અને ખંબાતમાં તરણ છે. દખણમાં બંધાવલાં દખમાં આઠ છે. જેમાનાં પુણે બે, અહમદનગરમાં ચાર, શોલાપુરમાં એક, અને સતારા ગાંમમાં એક છે. થાણા જીલ્લામાં સોલ દખમાં છે, જેમાનાં બે થાણે, ચાર કલીઆણીમાં, એક સંજાણમાં, નાગપોરમાં બે, દહીહરમાં બે, તારાપોરમાં ત્રણ, એક બોરડીગડમાં, અને એક ગોદરમાં છે. નાશક જીલ્લામાં એક, દેવલાલીમાં એક તથા એક ઇગતપુરામાં છે. નીઝામના મુલકમાં હેદરાબાદ ખાતે એક, અઉરંગાબાદમાં એક, બાલાપુરમાં એક, અને જાલના મધે તરણ છે. પોરચુગીસ રાજમાં સઘલાં મલીને ચાર છે જેમાનાં તરણ દમણમાં, અને એક દીવમાં છે. ગાયકવાડી રાજમાં બધાં મલી અઢાર દખમાં છે, જેમાનાં બે વડોડરે, પાંચ નવશારી, ત્રણ બીલીમોરા, ચાર ગંદેવી, એક ચીકલી, એક તવરી, એક મહવા, અને એક વીઆરા શુનગડમાં છે.

મી૦ પાલનજી બરજોરજી દેશાઇએ તા૦ ૨૭ મી એપરેલ ૧૮૮૯ ને દીને ફરાંમજી કાવશજી ઇનસટીટીયુટમાં "શાહનામાનું દાસતાન, રામાયણ અને ઇલપડમાંની વારતાઓની શરખાંમણી" વીશે ભાશણ કરયું હતુ.

મી૦ પેસતનજી દોરાબજી ખંડાલેવાલાએ તા૦ ૨૮ મી આગશટ ૧૮૮૯ ને દીને પુણાનાં જોસી હાલમાં "સોસીયલ સાયનસ" એ વીશયપર ભાશણ આપયું હતું.

રાહાનુમાય માજદીઅસના સભા તરફથી ગાથા પાંચમાને દીવશે ફરાંમજી કાવશજી ઇનશટીટીઉટમાં "ગાથા વીશે" એરવદ શેરીઆદજી દાદાભાઇ ભરૂચાએ એક વાએજ કીધી હતી.

મરણો—ગયે વરસે જે જાંણીતા જરથોસતીઓના મરણો થાયાં હતાં તેમાં:—

શેઠ હીરજીભાઇ હોરમજી શેઠના તે મુંબઇની પારસી પંચાયતના એક અધીકારી તથા અધોરનાન ટોલાના વડા રોજ ૭ મો માહા ૧ લો શેનશાહીને દીને ૮૪) વરસની ઉમરે મરણ પામયા હતા. મરનાર જરથોસતીઓ માટે ધારા બાંધી મંગાવનારી કારોબાર મંડલીના અધીકારી હતા અને તેમાં સારો દીલસોજી ભરયો ભાગ બજાવયો હતો. સર જમશેદજી ઇનસીતયુતનાં આડીતર તથા કારોબારી હતા. જરથોસતી છોકરીઓની નીશાલની હેઉઆતીથી મરનાર એક અધીકારી હતા. પારશી દાખમાં કેશની વખતે મરનારે ઘણી મેહનત કીધી હતી અને તેના બચાવ ફંડમાં રૂ૫૦૦૦ ની રકમ ભરી હતી.

પારસીઓમાં લગનનાં અને બીજાં ખાંણાની મેનીજ કરનારા જાણીતા પારશી શેઠ હોરમશજી શાપુરજી પાવડી રોજ ૧૧ મો માહા ૧ લો શેનશાહીને દીને ૭૨ વરસની ઉમરે મરણ પામયા હતા. મરનાર પોતાના ધંધાનું કામ લોકોને ખાતરી પુરવક અને શરવેની રાજી સાથે બજાવતા હતા, તે ઉપરાંત પોતાના ટોલાને લગતાં જાહેર કાંમોમાં શારો ભાગ લેતા હતા; તે મુજબ તેઓએ દુખમા રાએત કેશની વખતે તથા મુશલમાંનોનાં હુલડની વખતે પારશીઓની તરફથી શારી મેહનત કરી હતી. મરનાર ધરમ પર ઘણા ચુશત હતા અને તેથી કેટલાંક ધરમનાં કાંમો પણ કરી ગયા છે.

નવશારીના પોલપા દેશાઇ શેઠ બમનજી દારાબજી રોજ ૧૫ મો માહા ૨ જો શેનશાહીને દીને ૭૮) વરસની ઊમરે મરણ પામયા છે. એવો નવસારીની અનજુમનના એક અકાબર હતા. એવોની પાયદસત વખતે પારસીઓની સારી ઠઠ એકઠી મલી હતી.

શેઠ ફરાંમજી દાદાભાઇ કરાકા તે આપણા જાણીતા શેઠ ડોસાભાઇ ફરાંમજી કરાકાના બાવા રોજ ૩૦ મો માહ ૨ જો શેનશાહીને દીને ૮૮ વરસની બુજરગ વયે મરણ પામયા હતા. મરનાર પોતાના બાવા શેઠ દાદાભાઇ બેહરાંમજી કરાકા સાથે મુંબઇનાં કસતમમાં નોકરી હતા. તપારબાદ સદર અદાલતમાં વડા કલારક થયા હતા. શેવટે મરણ વેર પેનશન મલતું હતું.

બાઇ આવાંબાઇ તે મરહુમ શેઠ મેરવાંનજી નશરવાંનજી ભાવનગરીના બેટી રોજ ૮ મો માહા ૩ જો શેહેનશાહીને દીને ૧૯ વરસની જવાન વયે મરણ પામયાં હતાં. મરનારે પોતાના ભાઇ શેઠ મનચેરશા મેરવાંનજી ભાવનગરીની સાથે ઇંગલંડની બે વાર મુસાફરી કીધી હતી, અને લંડનના છેલાં પ્રદરશણ વખતે તાંહાંના પેહલી પંકતીનાં લોકોમાં ઘણી પ્રખ્યાતી મેલવી હતી. મરનાર સારા સવભાવનાં અને ડાહપણવાલાં બાઇ હતાં, અને શુધારાને ઘણાં ચાહનાર હતાં તેમ ચાલાક પણ ઘણાં હતાં. કેમબરીજની પાઠશાલાની પરીક્ષા આપેલી હતી. એમના મરણથી જાણીતાઓમાં મોટી દલગીરી ફેલાઇ હતી. મરનારે મુંબઇનાં છેલાં ફેનશી ફેરમાં ચાલાકી શાથે શારો ભાગ બજાવેલો હોવાથી અતરેનાં યુરોપીઅનોમાં પણ એમની શારી ઓલખ પડી હતી અને તેથી તેમનાં મરણ માટે નામદાર ગવરનર અને તેમની ખાનુએ પણ તેમના વેશીઓ પર દલગીરી પતર લખી મોકલયો હતો.

મી૦ પેસતનજી એદલજી તાતા બી. એ., એલ. એલ. બી. ૨૪ વરસની જવાન વયે રોજ ૨૫ મો માહ ૩ જો શેહેનશાહીને દીને મરણ પામયા હતા. મરનાર મરણ અગાઉ એક અઠવાડયામાંજ એલ. એલ. બી. માં પસાર થઇને વકીલ થવા માટે તરતનાજ આરટીકલડ કલારક થયા હતા, પણ તેટલામાં તેમનું મરણ નીપજીયું હતું.

બાઇ મોટલાંબાઇ જાહાંગીર વાડયા વાલી દરેમેહરના પંથકી એરવદ ફરદુનજી બરજોરજી વાછા રોજ ૨૯ મો માહા ૩ જો શેનશાહીને દીને ૭૩ વરસની ઉમરે મરણ પામયા છે. મરનાર પારસીઓને લગતી બાબદોથી ઘણા માહોતગાર હતા. અને તેવોને યુનાઇટેડ સતેતના મરહુમ પરેસીડંટ મી૦ ગરાંત સાથે સારી ઓલખાણ હતી.

સુરતના નાનપુરાવાલા ડાકટર પેશતનજી જીવાજી રોજ ૧૪ મો માહ ૫ મો શેનશાહીને દીને ૭૨ વરસની લાંબી ઉમરે મરણ પામયા છે. મરનાર આગલાઇ હકીમું ઘણું શરશ જાણતા હતા, અને પેસીતન ડાકટરને નામે સુરતનાં લોકોમાં તેમાં મુખે કરીને હોરાઓમાં ઘણાં પંકાઇ ગયા હતા.

શેઠ ડોશાભાઇ ફરદુનજી મોગલ તે વીકટોરીઆ નાટક મંડલીના એક માલીક રોજ ૧૮ મો માહ ૬ ઠો શેનશાહીને દીને ૪૩ વરસની ઉમરે દીલીખાતે મરણ પામયા હતા. તેઓ પોતાની નાટક મંડલી શાથે હીંદુસથાનનાં ઘણાં ખરાં સરવે મુલકોમાં તથા બરમા અને ઠેઠ ઇંગલંડ શુધી એલો કરવાને ગયા હતા. મરનાર શવભાવે ભલા અને મીલનશાર હતા.

સુરતના જાણીતા અઠંગ તરનાર મીં૰ દાદાભાઇ દોરાબજી પાંડયા રોજ ૪ થો માહા ૭ મો ને દીને ઉમરા ગાંમ તરફ એક જાહાડ સાથે ફાંશી ખાઇ આપઘાટ કરી મરણ પામયા હતા. મરનાર નદી તલાવોના પાણીમાં ઘણી શરશ રીતે તરી જાણતા તથા તહેરવાર કશરતો કરતા હતા. પોતાનાં તરવાનાં હુનરમાં જાણકુશાંની કરતા હતા અને રેલની વખતે કે બીજા અકશમાત ડુબી જતાં માણશોને બચાવા ખાતર તરત જીપલું દેતા હતા. અને પોતાની જીંદગીમાં ઘણા જીવો બચાવયા હતા. તેમને સુરતનાં મયુનીશીપાલ ખાતાંએ બુબાખાનામા ઇનશપેકટરની નોકરી આપી અકશમાત વખતે લોકોને કાંમ લાગવા રાખ્યા હતા. તેવા ઉપયોગી ઘણીનાં હાવી રીતે કમોહતે મરવાથી લોકોમાં ઘણી દલગીરી ફુલાઇ હતી.

શેઠ ખરશેદજી બમનજી શેઠના રોજ ૨૬ મો માહા ૮ મો શેહનશાહીને દીને લાંબી ઉમરે મરણ પામયા છે. મરનાર ચીન ખાતેની ખરશેદજી બમનજીની પેહડીના માલેક હતા, અને તે વેપારને અરથે શને ૧૮૩૩ માં ચીન ગયા હતા.

નવશારીવાલા શેઠ એદલજી નવરોજી મેહતા રોજ ૮ મો માહા ૯ મો શેનશાહીને દીને મરણ પામાંછે. એવો ચીનનો મોટો વેપાર કરતા હતા, અને તેવોએ બારડોલી ગાંમમાં એક દરેમેહર બાંધેલી છે.

બાઇ જીવણબાઇ તે દશતુર ડાકટર જામાસપજી મીનોચેરજી જામાસપ આશાનાં ધણીઆંની રોજ ૧૩ મો માહા ૯ મો શેનશાહીને દીને ૫૪ વરશની ઉમરે મરણ પામાં છે. મરનાર ભલા ખવાશનાં અને અશલી રીતભાતને પશંદ રાખનારા હતા. તેમની પાયદશત વખતે શારી મીજલસ એકઠી મલી હતી. તેમના મરણ માટે દશતુરજી જામાસપજી ઉપર ઘણે ઠેકાણેથી દેલાસા પતરો આવેઆં હતાં.

એરવદ ફીરોજજી જામાસપજી જામાસપ આશાના, તે આપણા શેનશાહી જરથોસતીઓના દશતુરજી સાહેબ ડાકટર જામાશપજીનાં વડા બેટા રોજ ૨૨ મો માહા ૯ મો શેનશાહીને દીને પોતાની ૩૫ વરશની જવાન વયે, માંથે લોહી ચહડી જાવાથી અચબુચ મરણ પાંમાં હતા. મરનાર જાતે ઘણા મીલનશાર, રાંક શવભાવનાં અને ખુશનોમાં ચેહરાના હતા. તેવા એક જવાન દસતુરજાદાનાં કમબખતનાં મરણથી પારશી કોમમાં ઘણી દલગીરી ફુલાઇ હતી અને તેમના બુજરોગ પીતાજી તરફ શરવેની ભારે દેલશોજી એંચાઇ હતી. તેને માટે તેવો ઉપર મુંબઇ અને બાહારગામોથી શંએઆબન દેલાશાપત્રો આવેઆં હતાં જેમાં આ ગંભીર બનાવ માટે ભારે શોગ અને દલગીરી બતલાવામાં આવી હતી, તેમજ મુંબઇના નામદાર ગવરનર લારડ રેએ પોતે માહાબલેશવર ખાતેથી એક ખાસ પત્ર દશતુરજી જામાસપજી ઉપર લખીને જણાવેલુ હતું કે—"તમારી ધણીઆંનીનાં મરણ પાછલ હાવી ટુંક મુદતમાં તમારા વાહાલા બેટાનું મરણ થાયલું મેં અતીઅંત દલગીરીશાથે શાંભળેલ છે. ભવીશમાં કંઈ વધારે શારૂં કરવાની આશા આપનાર જુવાન જીવડાનું અચબુચ મરણ એક જાહેર તેમજ ખાનગી આફત છે."—મરનારની પાયદસત વેલાએ જરથોશતીઓની ભારી મોટી ઠઠ

એકઠી મલી હતી અને તેમનાં માનને ખાતર મુંબઈનું શેર બજાર અને કેટલીક જગોની પારશી દુકાંનો વીગરે બંધ રાખવામાં આવેલુ હતું. મરનારનાં ઉઠમણાની કીરીઆ મુંબઈ ઉપરાંત કેટલાક દેશાવરેખાતે પણ થાઈ હતી. એ વેલાએ મરનારનું નામ જરથોશતી કીરી-આનાં ભણતરોમાં લેવાનો ઠેડાવ થાયો હતો. મરહુમ એરવદ ફીરોજજી શને ૧૮૭૨ માં મેટરીકીઉલેટ થાયા હતા અને તેવાર પછે તેવો પોતાના પીતા શાથે દશતુરીનાં કામમાં શામે-લ થાવા ઉપરાંત પોતાનો વીદયાઅભેઆશ જારી રાખેઓ હતો, તેમાં તેવોએ ફારશી, જંદ, પેહલવી શાથે ફરેંચ ભાશાનો ઘણો શારો અભેઆશ કીધો હતો અને ડાકટર કેસારેટેલી નામના એક યુરોપયન ધરમગુરૂએ ફરેંચ ભાશામા બનાવેલાં ''માજદીઅશન ધરમ અને તેની ફીલશુફી'' નામનાં પુશતકનો અંગરેજી તરજુમો એવોએ કરીને એક પુશતક છપાવેલું તૈયાર થવા આવેલુ હતું, જેને બાહાર પડવાની બઉ ઉલટમાં હતા, તેવાંમાં માઠાં ભાયગે તેમનું મરણ નીપજવાથી તે તેમનાં મરણ પછે બે ચાર દીવશમાં અતરે પ્રગટ થયુંછે. મરનાર પોતા પાછળ પોતાની વીદવા અને શાત ફરજંદો મેલી ગયાછે. જેમનાં દરજ્જાનાં નીભાવ માટે કેટલાક જરથોશતી શાહેબોએ પોતપોતામાંથી આશરે રૂપીઆ પંદરહજાર સુધીની એક રકમ ઉભી કરી આપી છે.

કરાંચીવાલા શેઠ બેહરાંમજી મેરવાંનજી કોટવાલ રોજ ૨૫ મો માહ ૯ મો શેનશાહીને દીને ૮૫) વરશની ઉમરે કરાંચી ખાતે મરણ પામયા છે. મરનાર ૧૮૪૮ મા કરાંચીના કોટ-વાલના ઓધા ઉપર ગયા હતા, જયાં ૧૨ વરસ વેર નોકરી બજાવી પેનશન ઉપર રીતાયર થયા હતા. મરનાર ૧૮૬૫ ના વરસથી પારસી મેટરીમોનીયલ કોરટના ડેલીગેટ હતા અને મયુ-નીસીપાલ કમીશનરનો ઓધો પણ બજાવયો હતો.

શેઠ ભીખાજી નવરોજી પાલનજી દલાલ રોજ ૧૯ મો માહ ૧૦ મો શેહેનશાહીને દીને મરણ પામયા છે. મરનાર ગરીબી હાલતમાંથી વધીને શેર બજારના એક મોટા દલાલ થઇ પડયા હતા અને તેવોએ સારી દોલત મેલવી હતી. મરનારે ઇંગલંડની તથા બીજા દેશોની મુલા-કાત લીધી હતી. મરનારના માન માટે શેર બજાર બંધ રાખવામાં આવયું હતું.

શેઠ શોરાબજી કાવશજી તાતા રોજ ૭ મો માહ ૧૧ મે ૬૨ વરસની ઉમરે મરણ પામયા છે. મરનાર ચીન ખાતેના તાતાની કંપની ને નામે વેપાર કરતા હતા. મરનાર નવસારીના એક આગેવાન અથોરનાન તથા ભગરીઆના એરખાહ હતા. મરનારે નવશારીમાં અગ-તના ધરમખાતામાં મોટી મદદ કીધી છે.

નવશારીના વડા દસ્તુર દારાબજી માહીયારજીના માતાજી બાઇ રતનબાઇ લાંબા વખતની માંદગી ભોગવી ૫૫ વરસની ઉમરે રોજ ૯ મો માહ ૧૧ મો શેનશાહીને દીને હક થયાં છે. તેમના પાયદસ્તમાં અસાધારણ માનવમ ભેગી થઇ હતી. મરનાર બાઇ સાલેસ, દયાલુ તથા નમનતાઇવાલાં હતાં.

દમણવાલા શેઠ દાદાભાઇ શાપુરજી મોદી ૮૫ વરસની ઉમરે રોજ ૧૧ મો માહ ૧૧ મો શેનશાહીને દીને મરણ પામયા છે. મરનાર દમણની શોરેના વરકુંડ નામના ગામના માલેક હતા, અને દમણની સરકારી નોકરી કરતા હતા. મરનારનાં પુણ માટે દમણમાં એક ધરમનુ દવાખાનું બાંધી આપવામાં આવનાર છે.

નીમચના જાણીતા કંતરાકટર શેઠ કાવશજી જીવણજી રોજ ૫ મો માહ ૧૨ મો શેનશાહી ને દીને ૬૯ વરસની ઉમરે મરણ પામયા છે. મરનારે એક ધરમનું દવાખાનું નીમચમાં સથાપયું છે. જેની કીરીઆ કરનલ એનડરસને તા૰ ૨૪ મી મે ૧૮૮૮ માં કીધી હતી.

પેહલા દસતુર મેહરજી રાણાના ખાનદાનના બુજરગ દસતુર રૂસતમજી કેરસાસપજી નવ-સારી ખાતે રોજ ૧૬ મો માહા ૧૨ મો શેનશાહીને દીને ૮૦ વરસની ઉમરે મરણ પામયા છે. મરનાર સાલેસ અને એકમારગી હતા અને ઘણી વખત નાયબ દસતુરનો ઓધો ભોગવયો હતો.

માહ ૧ લો ફરવરદીન શેહેનશાહી શને ૧૨૫૯ યજદેજરદી.

પારશીઓના તીશે રોજ—તેના નાંમ સાથે	વાર	ઈંગ્રેજી તારીખ	હીંદુ તીથ	કદમી જરથોશતીઓના રોજ ૧ થી ૩૦ સુધી, માહ ૨ જો અરદીબેશત કદમી શને ૧૨૫૯ યજદેજરદી. ઈ૦ તા૦ ૧૭ મી સપટેનબરથી ૧૬ મી અકટોબર ૧૮૮૯ સુધી. હીંદુઓના સંવત ૧૯૪૫ ના ભાદરવા વદ ૮ ને વાર ભોમેથી આશો વદ ૭ ને વાર બુધે શુધી.
૧—અહુરમજદ	ભોમ	૧૭	૮	રો૦ "નોરોજ" (પતેતી.) જરથોશતીઓનું યજદેજરદી સને [૧૨૫૯ નું નવું વરસ.
૨—બેહમન..	બુધ.	૧૮	૯	૧૬૬૨માં પોરટુગીસોએ બીજા ચારલશને મુંબઈ રીતમાં આપેઉ.
૩—અરદીબેસ્ત	ગુરૂ.	૧૯	૧૦	હમકારો. રો૦ રપીથવન ઇજવાનો દીવસ—કo અરદીબેસત અમ [સાસફંદનું જશન.
૪—શેહરેવર...	શુકર.	૨૦	૧૧	૧૮૫૭માં દીલ્લી છેલું લીધું.
૫—સફંદારમદ.	શની	૨૧	૧૨	શેઠ નવરોજી ફરદુનજી શી. આઈ. ઈ. ગુજરેઆ—૧૨૫૫. [૨ જરતોશતનો જનમ દીવસ.
૬—ખુરદાદ...	રવી.	૨૨	૧૨	શેનશાહીઓનો ખોરદાદશાલ, (ખાશ લોકોનો નોરોજ,) પેગંબ
૭—અમરદાદ.	શોમ	૨૩	૧૩	રો૦ અમરદાદશાલ (વરાવો.) અફગાનપર ચઢાઇ કીધી, ૧૮૭૮.
૮—દેપાદર....	ભોમ	૨૪	૧૪	૧૮૭૫માં અમદાવાદમાં રેલ.
૯—આદર.....	બુધ.	૨૫	૩૦	હમકારો. ૧૮૫૭માં જનરલ હેવલાકે લખનોર છોડવેઊ.
૧૦—આવાં....	ગુરૂ..	૨૬	૧	આસો માસ—ચાંદરાત.નોરતાં બેઠાં.[રટશ"એકજીબીશન ઉઘડેઊ.
૧૧—ખુરશીદ....	શુકર	૨૭	૩	કદમીઓના "મેદીઓજરેમ" ઘંમબાર. શીમલાનું "ફાઇન આ
૧૨—મોહોર ...	શની	૨૮	૪	જાવામાં જવાલામુખી પરવત ફાતાથી એક લાખ માણશોનો ના-
૧૩—તીર.....	રવી..	૨૯	૫	[શ થયો—૧૮૮૩.
૧૪—ગોશ....	શોમ	૩૦	૬	મુંબઇનું શેંટ ઠામસનું દેવલ બંધાયું,૧૬૮૭.
૧૫—દેપમેહર...	ભોમ	૧	૭	અકટોબર માસ. મ્હાલક્ષ્મીની જાત્રા.ઇસવી સને ૧૮૬૫નો ૨૮મો કાયદો ૧૮૬૭માંબંધ થયો.૧૮૫૯માં રાતા સમુદ્રનો તાર ઉઘાડ યો. હીંદુસ્થાનનાં વર્તમાન પત્રોનો પોસ્ટેજ અરધો આનો થયો.
૧૬—મેહર.....	બુધ.	૨	૮	૧૮૭૧ લંડનની યુનીવરસીટી ઊઘડી ૧૮૨૮.
૧૭—સરોસ....	ગુરૂ..	૩	૯	હમકારો.
૧૮—રશને ...	સુકર.	૪	૧૦	દશેરા.
૧૯—ફરવરદીન..	શની.	૫	૧૧	શેહેનશાહી ફરવરદીઆંનનું જશન. પુણામાં શેઠ હો. શો. તાડી વાલાની ધરમશાલાને વરશ ૨૧મું.મુંબઇમાંનાં મોદી હીરજી વાંછાગાંધીનાં દખમાંને ૨૨૧મું,માં૦ન૦ શેઠનાવાલાંને ૧૩૫.મું, ગંદેવીમાંનાં અનજુમનનાં દખમાંને૧૬૬મું.નવશારીની મલેશરની અનજુમનની દરેમેહરને ૯૩મું.૧૮૬૪માંકલકતા માં મોટું તોફાંનથયું.૧૮૦૫માં લોરડકોરનવેલીસમરણપાંમયો.
૨૦—મેહરાંમ...	રવી.	૬	૧૨	હમકારો. એડનવાલી શેઠ કા૦ દી૦ની દરેમેહરને વરસ ૭મું. શુ [રતવાલા ખાંનશાહેબ બે૦ પા૦ કોટવાલ ગુજરયા, ૫૦ ૧૨૨૦
૨૧—રાંમ......	શોમ	૭	૧૩	મુંબઇમાં ઘાસલાઇટ થઈ,૧૮૬૫. ગેનજીશ નદીપર ધરતીકંપથી
૨૨—ગુવાદ......	ભોમ	૮	૧૪	માંણેકથારી પુણેમ. [તરણ લાખ માણસ મુઆં-૧૭૩૭.
૨૩—દેપદીન.....	બુધ.	૯	૧૫	નીજાંમ સ્ટેટરેલવે હુંઘડી, ૧૮૭૪.
૨૪—દીન......	ગુરૂ..	૧૦	૧	[થાન આવવા ઇંગલંડથી નીકલ્યો, ૧૮૭૫.
૨૫—અરશેસવંગ	શુકર.	૧૧	૨	૧૪૯૨માં કોલમબશે અમેરીકા શોધ્યું.પ્રીં૦ આફ વેલસ હીંદુશ-
૨૬—આસતાદ..	શની	૧૨	૩	કાબુલમાં અંગરેજો જાશતીથી દાખલ થયા, ૧૮૪૧.
૨૭—આસમાંન..	રવી.	૧૩	૪	
૨૮—જમીઆદ..	સોમ	૧૪	૫	૧૦૬૬માં હેસટીંગની લડાઇ.
૨૯—મારેસફંદ..	ભોમ	૧૫	૬	
૩૦—અનેરાં...	બુધ.	૧૬	૭	૧૮૩૪ માં પારલામેંટનું ઘર બલીયું.

માહા ૨ જો અરદીબેશત શેહેનશાહી શને ૧૨૫૯ યજદેજરદી.

પારસીઓના રોજ—તેના નામ સાથે.	વાર.	ઈંગરેજી તારીખ	હીંદુ તીથી	કદમી જરથોશતીઓનો રોજ ૧ થી ૩૦ સુધી, માહા ૩ જો ખુરદાદ શને ૧૨૫૯ યજદેજરદી. ઈ૦તા૦ ૧૭ મી અકટોબરથી તા૦ ૧૫ મી નવેમબર ૧૮૮૯ શુધી હીંદુઓના શંવત ૧૯૪૫ ના આશો વદ ૮ ને વાર ગરૂથી તે સંવત ૧૯૪૬ ના કારતક વદ ૭ ને વાર શુકર શુધી.
ઉપર બાવતમાં આપેલા બોલો ઉપરથી શમજવું કે જે મેમબરોનાં નામની આગલ (કર. ભર.) કરીને છે તે મેમબરોને કર ભરનારાઓ તરફથી, (સુ. અ.) એટલે સુલેહનાં અમલદારોની તરફથી, અને (યુ. ફે.) એટલે યુનીવરસીટીનાં ફેલો તરફથી ચુંટી કાહાડવામાં આવેલા એમ શાહમજવું.

સટેનડીંગ કમેટીના જરથોસતી મેમબરો.

કાવશજી મેરવાંનજી શરાફ.
કાવશજી હોરમજી ડાકટર.
કેખશરૂ નવરોજી કાબરાજી.
ડોશાભાઇ ફરાંમજી શી. એશ. આઇ., ચેરમેન.
મંનચેરજી નવરોજી બનાજી.

શ્રી કલકતાનાં જરથોસતીઓનો અનજુમનનાં ફંડનાં ટરસટીઓ.

શેઠ માંણેકજી રૂસતમજી બનાજી-શેઠ મનચેરજી મેરવાંનજીમેહેતા-શેઠ ફરાંમજી હોરમજીઆરજાંની

આએ ટરસટી સાહેબોનાં હસતકમાં શ્રી કલકતાની જરથોસતી અનજુમનનાં ધરમ ખાતાંને લગતું એક ફંડ છે જેની પુંજી રૂ૧૬૭૦૦ ઉપરની છે.

બીજું એક ફંડ મરહુમ શેઠ રૂશતમજી કાવશજી બનાજીની યાદગારી માટે જરથોસતી અનજુમને ઉભું કોધેલું ધહંમબારનું ફંડ છે જેની પુંજી રૂ૯૯૦૦) ઉપરની છે.

તરીજું—એક ફંડ કલકતાના જરથોસતી રવાંનોને અવલમંજલ પોંહોંચાડવાને લગતું છે, તેની પુંજી રૂ૩૨૦૦૦) ઉપરની થઇ છે.

ચોથું એક નવું ગયે શાલ ઉભું કરેલું ફંડ ધી આનરેબલ શર દીનશાજી માંણેકજી પીટીટ નાઇટની કલકતા ખાતેની પધરાંમનીની યાદગારી કાએમ રાખવા માટે તેઓનનાં નામની એક લાઇબરેરી સથાપી તે માટેનું છે. એની પુંજી રૂ૯૦૦૦) ઉપરની છે.

એ ઉપરાંત બીજા જરથોસતીઓએ ધરમ ખાતાં ઉગરાવેલા છે તે શરવે ધરમ ખાતાંઓની ઉપર જનાવેલાં ફંડો શીકેની એકંદર પુંજી રૂ૭૪૦૦૦) ઉપરની થઇ છે. તે મજકુર ટરસટી શાહેબોનાં હાથમાં છે, જેમાંથી ઘટતો ખરચ દરશાલ ટરસટી શાહેબો હસતક થાય છે.

ઇરાન મધેના ઇરાની જરથોસ્તીઓ ઉપરનો જજીયાનો કર કેમ નીકલી ગયો તે, તથા તેને લગતી બીજી જાણવા જોગ વીગતો.

(ઇરાન દેશના રહેનાર ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાનાં ધરમ ખાતાંની કારોબાર મંડલીના રીપોરટો ઉપરથી ઉપજાવી કાહાડેલી.)

જજીઆ નામે જુલમાત ભરેલો અને આપણા ઇરાન મધેના નાચાર બેચાર હમદીનોથી નહીં અપાય એવો એક કર અથવા પોલટેક્ષ ઇરાની દરબારની રીતભાત મુજબ તથા ઇસ્લામી ધારા પરમાણે ઇરાની સરકાર આપણા ઇરાની હમદીનો પાસેથી વસુલ કરવાને એક ખાસ અગત બલકે ફરજ સમજતી હતી. એ દુઃખદાયક કર આપણા ઇરાની હમદીનોનાં સર ઉપરથી કાહાડી નાખવાને આસરે ૩૫ વરસો ઉપર મુંબઈ મધે એક મંડલી ઉભી થઇ હતી, અને શેઠ માંણેકજી લીમજી હોસંગ હાતરીયાને પોતાના આડતીઆ તરીકે ઇરાન ખાતે મોકલવામાં આવયા હતા. એ કર દર વરસે ઉઘડાવવામાં આવતો હતો. અને આસરે રૂપીયા ૪૦૦૦) દર વરસે ઇરાની જરથોસ્તીઓ પાસેથી તયાંની સરકાર વસુલ કરતી હતી. ઇરાની સરકારના ધારા પરમાણે એ કર ભરતાં જો વીલંબ થાયતો જે જે શેહેરોમાં પારસીઓની વસતી હોય તે તે શેહેરના હાકમો ઉપર તરત હોકમ જાય કે સરવે પારસીઓ પાસેથી એ કર વસુલ કરવો, અને એવો હોકમ ગયાથી તયાંના હાકમો, અક્સર કરી હાકમનાં માણસો એટલે એ કર ઉઘરાવનારાં માણસો તરફથી આપણા નાચાર બેચાર જરથોસ્તીઓ ઉપર ઘણી રીતનો જુલમ ગુજરતો હતો. એ જુલમી કરથી આપણા હમદીનોમાં કેટલી ખરાબી તથા પાયમાલી થઈ હતી તેનો લંબાન અહેવાલ મંડલીના રીપોરટોમાં આવી ગયો છે, તે અતરે લખતાં ઘણું લમબાન થાય, તેથી ટુંકમાં ફકત એટલુંજ કહેવું બસ છે કે આસરે ૧ સદીની વાતપર છ લાખ જરથોસ્તીઓ ઇરાનમાં અનેક પરકારની જુલમ જાસતીથી બાકી બચેલા હતા, અને જેઓથી એ કર નહીં ભરાય તેઓને જબરદસ્તીથી ઇસલામી ધરમમાં વટલાવવાને સબબે તથા બીજા તરેહવાર હાદેસાઓના સબબે, હાલ સમે ફકત ૭) શાત હજાર જરથોસ્તીઓથી વધારે ઇરાનમાં બાકી રહેલા નથી! તે પણ જજીઆનો જુલમી કર નહીં ભરાયાને લીધે મુસલમાની ધરમમાં વટલી નહીં જાય માટે મંડલી તરફથી શેઠ માંણેકજી હાતરીયાની મારફતે ઇરાની સરકારની તીજોરીમાં દર વરસે એ કરનાં નાણાં ભરવામાં આવતાં હતાં. એ ૩૫ વરશોના અરસામાં ઘણીએક અરજીઓ તથા એડરેસો શાહની સેવામાં મંડલી તરફથી પોંહોંચાડવામાં આવ્યાં હતાં તથા મંડલી તરફથી બીજી અનેક જાતની તરતીબો તથા કોશેશો થઇ હતી. તથા ઇરાનના નામદાર શાહ નાસરૂદદીનશાહ ૧૮૭૩ માં યુરોપની મુસાફરીએ નીકલયા હતા તે વેલા જયારે તેઓ લંડન ખાતે પોંહોંતા તયારે એક મોટી અને ઇન્સાફગારી ભરેલી અરજી અતરેની કારોબાર મંડલીએ એ નામદારને પોંહોંચાડવા તે વખતે લંડનમાં વસતા શેઠો દાદાભાઇ નવરોજી, નવરોજી ફરદુનજી તથા દોરાબજી પેસતનજી કામાજીની મારફતે મોકલી હતી. અને એ અરજી મજકુર શેઠોએ નામદાર શાહને એક ડેપયુટેશ મારફતે તા૦ ૨૪ મી જુન ૧૮૭૩ નૈ દીને પોંહોંચાડી હતી. તેમજ તેઓએ પોતા તરફની પણ એક અરજી શાહને આપી હતી. કારોબાર મંડલીની ઉપલી ફારસી અરજી તેના ગુજરાતી તરજુમા તથા ઇંગરેજી સાર સાથે મંડલીના ૧૮૭૯ માં છપાયલા રીપોરટમાં વીગતવારે પરગટ

થયલી છે. એ અરજીથી મજકુર શેઠ દાદાભાઈ નવરોજી, નવરોજી ફરદુનજી તથા દોરાબજી પેસતનજી કામાજી ઘણા ખુશી થયા હતા, કારણકે તેઓ પોતાના તા૦ ૨૬ મી જુન ૧૮૭૩ નાં અતરેની કારોમંડલી ઉપરના કાગલમાં લખે છે કે "જજીઆની વીગત હાલ કેઈ રીતની છે "તે બરોબર હમોને માલમ નહીં તથા બીજી બધી ફરીઆદો શું કરવાની તે પણ "બરોબર માલમ નહીં, માટે તમારી અરજી હમારા હાથમાં આવી પોહોંચી તેથી "ઘણી ખુશી હાંસેલ થઈ." નામદાર શાહે તે વખતે ઘણા સધીયારાનો જવાબ આપયો હતો પણ લંડનથી ઇરાન પાછા ફરયાને ૭ વરસો વહી ગયાં પણ જજીઆનો કર નીકલીતો નહીં ગયો, પણ તેમાં એક પઇનો ઘટાડો પણ નહીં થયો. એ ૭ વરસો વીતાબાદ ઇરાનમાં એક પારસીનું ખુન થયું હતુ અને મુસલમાન ખુની પકડાયા છતાં પોલીસે તેને છોડી મુકયો હતો, અને તે ખુની પાયતખ્ત શેહેર તેહરાનમાં છુટથી તથા વગર દેહશતે જીંદગી ગુજારતો હતો. તથા ૩ પારસી છોકરીઓને ઇસલામી ધરમમાં જબરદસ્તીથી વટલાવવામાં આવી હતી, તથા એક પારસી છોકરીની મુશલમાનોએ લાજ લુટવા ચાહી તે વખતે તેણીના બાપને મુસલમાનોએ લુટી લીધો હતો, અને જ્યારે સરકારમાં દાદ માંગી તયારે સરકારી નોકરોએ ઓર પારસીઓ ઉપર જુલમ પાડયો તે વખતે, એટલે તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૮૦ ને દીને, મુંબઇની કારોબાર મંડલીએ નીચે મુજબ એક તાર નામદાર શાહ ઉપર મોકલયો હતો.

From Bombay.	To Tehran
,, Committee, Parsi Amelioration Fund.	,, His Imperial Majesty the Shah of Persia.

When Majesty visited London, addresses were presented to protect Parsees. Majesty assured protection. This obliged us. But we regret, Police of Kom released the Mahomedan of Yezd, who murdered a Parsee on his way, Bushire to Tehran, where murderer lives fearlessly. Three Parsi girls of Nusrabad, Nuimabad and Surfabad have been forcibly converted and publicly disgraced in Yezd. Inhabitants of Yezd plundered a Parsee, to disgrace his daughter who with her parents fled elsewhere. When oppressed sought redress, Government Servants maltreated and plundered them. We pray justice.

એ ટેલીગરામ શાહને પોંહતા પછી ઉપલી બાબદોસર શાહની દરબારમાં ચરચા ચાલવા માંડી, અને શાહે પોતાના દીકરા શાહજાદા જીલે સુલતાનને ટેલીગરામથી સખત ઠપકો આપયો, અને તે ઉપરથી શાહજાદાએ પોતાના યજદના નાએબ હાકમ ઇબરાહીમ ખલીલખાનને સખત ઠપકો લખી મોકલયો હતો. તયાર બાદ વલી મુંબઇની કારોબાર મંડલીએ શાહ ઉપર તેમજ અમીર ઉમરાઓ ઉપર બીજી કેટલીક અરજીઓ કીધી હતી પણ સઘલી કોશેશ વયરથ ગઇ હતી. પછી થાકી થાકીને મંડલીએ એક બીજી અરજી આપણી માયાલુ ઇંગરેજ સરકાર મારફતે ઇરાનના શાહ નાસરૂદીનશાહ ઉપર મોકલવાને દુરસ્ત વીચારયું, અને પોતાના ઓનરરી સેક્રેટરી શેઠ અરદેશર શોરાબજી દસ્તુર કામદીનનાને તે વીશેની ગોઠવણ કરવાનું સોંપયું. મજકુર સેક્રેટરી તા૦ ૨૪ મી નવેમબર ૧૮૮૦ ને દીને મુંબઈના ગવરનરના પોલીટીકલ ડીપારટમેંટના તે વખતના મુખય સેક્રેટરી મી૦ સી. ગોનને કારોબાર મંડલી તરફની અરજી ઇંગરેજ સરકારની મારફતે તેહેરાનના ઇંગરેજી એલચી મી૦ આર. એફ.

ટોમસન હસ્તકથી ઇરાનના શાહને પોંહોંચાડવા સારૂ મલ્યા હતા. તે વખતે મી૦ ગોને મી૦ કામદીનને જવાબ દીધો હતો કે મુંબઇ ગવરમેંટ સાથે ઇરાનને કાંઇ તાલુકો નથી, પણ ઇરાન સાથે કાગજ પતરનો વયવહાર કલકતા ગવરમેંટના ફોરેન ડીપારટમેંટ સાથે ચાલે છે, ત્યારે મી૦ કામદીન તરફથી મી૦ ગોનને અરજ કરવામાં આવી કે જો કારોબાર મંડલીની અરજી ઇંગરેજ સરકાર મારફતે શાહને નહીં પોંહચાડી શકાય તો તેહેરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમસન ઉપર સેફારસની ચીઠી આપવી. ત્યારે મી૦ ગોને જવાબ દીધો હતો કે તેઓને ફરીથી મલવું કે વીચારી તેઓ જવાબ આપી શકે. તે દરમેઆનમાં આપણા લોકપરીય માજી ગવરનર જેનરલ લારડ રીપનની સ્વારી મુંબઇમાં આવી, તેઓની સાથે ફોરેન ડીપારટમેંટના તે વખતના સેકરેટરી સર એ. સી. લાયલ આવેલાની ખબર મી૦ કામદીનને પડવાથી તેઓ આગલા ઠરાવ પરમાણે મી૦ ગોનને તા૦ ૧ લી ડીસેમબર ૧૮૮૦ ને દીને મલવા ગયા. તેઓની સાથે વાતચીત થયાથી મી૦ ગોને પોતેજ જણાવયું કે ફોરેન ડીપારટમેંટના સેકરેટરી ગવરનર જેનરલની સાથે મુંબઈ આવેલા છે તેઓને મલવું, અને સરવે વાતનો ખોલાસો કરવો. તે ભલામણ મુજબ સર એ. સી. લાયલ, જેઓ સર ફરાંક સુતરને ત્યાં ઉતરેલા હતા ત્યાં મી૦ કામદીન તેઓને મલ્યા, અને ઘટતી અરજ કરવા ઉપરથી તેઓએ ફરમાવયું કે મી૦ ગોનની મારફતે શાહ ઉપરની અરજી તેઓ ઉપર મોકલવી, પછી તેઓથી જેમ બનશે તેમ મદદ કરવાને તેઓ ચુકશે નહીં, તે ઉપરથી કારોબાર મંડલીએ ઠરાવ કીધો કે અરજી ઇંગરેજ સરકારની મારફતે મોકલવી. અરજી ખુશખત ઊંચાં કાગજ ઉપર લખાવેલી તથા હાંશીઆ ઉપર સોનેરી નકસ સાથની તઇયાર કીધેલી હતી, તે અરજી મંડલીના સરનશીન સર દીનશાજી માણેકજી પીટીટના કાગલ સાથે મી૦ ગોનને પોંહોંચાડવાનો મંડલીએ ઠરાવ કીધો. એ અરજી સને ૧૮૮૧ માં મંડલીએ રીપારટ છપાવયો છે તેમાં પરગટ થયલી છે. એ અરજી તા૦ ૨ જી ડીસેમબર ૧૮૮૦ ને દીને મી૦ ગોનને પોંહોંચાડી હતી, જેઓએ કલકતા ગવરમેંટ ઉપર મોકલી આપી હતી, અને કલકતા ગવરમેંટે તેહરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમસન ઉપર તે મોકલી હતી. એ અરજીમાં નીચે મુજબ ૮ દાદ ચાહવામાં આવી હતીઃ—

૧. જબરદસ્તીથી પારસીઓને મુસલમાની ધરમમાં વટલાવતા હતા તેનો અટકાવ કરવો.

૨. જરથોસ્તી કુટુંબમાંથી જો કોઇ શખસ મુસલમાન થયો હોયતો તેને અને તેની ઓલાદ દર ઓલાદને તે આખા કબીલામાંથી જેબી કોઇ ગુજરે તે મરનારની તમામ માલ મીલકતો તેના બીજા જરથોસ્તી હકદાર વારેસો હયાત છતાં તેઓને બાતેલ કરી વારસામાં અપાવી દે છે તેનો અટકાવ કરવો.

૩. જો કોઈ જરથોસ્તી કાંઇ મીલકત ખરીદ કરે છે તો તે મીલકતની કીંમતનો પાંચમો ભાગ મુલ્લાંઓને આપવો પડે છે તેનો અટકાવ કરવો.

૪. જરથોસ્તીઓને નવાં ઘરો બાંધતાં અથવા જુનાં ઘરોની મરામત કરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૫. જરથોસ્તીઓને નવાં અથવા સફેદ કપડાં પેહેરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૬. જરથોસ્તીઓને સ્વારી કરતાં અટકાવવામાં આવે છે તે અટકાવ કાઢી નાંખવો.

૭. જરથોસ્તી ધંધાદારીઓ ઉપર દાનચોકીને બાહાને જુલમ ગુજારવામાં આવે છે તેનો અટકાવ કરવો.

૮. જજીઆના કરની માફી કરવી.

ઉપલી અરજીનો સાર લંડન ટાઇમ્સમાં છપાયો હતો, જે અતરેનાં ટાઇમ્સ ઓપ ઇનડીઆમાં તા૦ ૩ જી નવેમબર ૧૮૮૧ ને દીને પરગટ થયો હતો.

ઉપલી અરજી તેહેરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમસને નામદાર શાહને પોહોંચાડી હતી. સાર બાદ એક ગમથી મી૦ ટોમસન સાહેબની કોશેશ તથા બીજી ગમથી શેઠ માણેકજી હાતરીયાની મેહેનત જારી રેહયાથી શાહનાં દીલ ઉપર જોઇતી અસર થઇ હતી. અને શાહે મેહેરબાનીની રાહે બે ફરમાનો કાઢયાં હતાં—એક ફરમાન પોતાના દીકરા જીલે સુલતાન જેઓ યજદની હકુમત તે વખતે ધરાવતા હતા, તથા બીજું ફરમાન પોતાના કાકા નસરતદ દોલા જેઓ કેરમાનની હકુમત તે વખતે ધરાવતા હતા, તેઓ ઉપર કાહાડયાં હતાં. અને તે ફરમાનોમાં, ઉપર જણાવેલી ૮ ફરીયાદોમાંની પેહેલી ૭ ફરીયાદોની દાદ આપવામાં આવી હતી, અને તે પેહેલી સાતે ફરીયાદોમાં માંગેલા હક પારસીઓને બખશયા હતા. ૮ મી અને સઉથી વધારે અગત્યની, જજીઓ માફ કરવા વીશેની બાબદ ઉપર નામદાર શાહે બીલકુલ ચુપકીદી અખતીયાર કીધી હતી. એ બનને ફરમાનો કાહાડયા વીશે નામદાર શાહે ઈંગરેજ સરકારની મારફતે મુંબઇની કારોબાર મંડલી ઉપર જવાબ લખયો હતો. નામદાર શાહનો એ કાગલ મી૦ ગોન સાહેબે પોતાના તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૧ નાં કાગજ સાથે મુંબઇની કારોબાર મંડલી ઉપર મોકલયો હતો. નામદાર શાહે મુંબઇની કારોબાર મંડલી ઉપર જવાબ લખયો હતો તેની નકલ મંડલીએ ૧૮૮૩ માં રીપોરટ છપાવયો છે તેમાં પરગટ થયલી છે.

હવે નામદાર શાહ લંડન ખાતે પેહેલી સફરે સને ૧૮૭૩ માં સીધારયા હતા તેને ૮) વરસ વહી ગયાં પણ હજી જજીઆનો કર એમનો એમ કાયમ રહયો હતો. તેથી મુંબઇની કારોબાર મંડલીએ તથા શેઠ માંણેકજી હાતરીઆએ હીંમત હારી ખાધી નહીં, પણ આગલનીજ માફક કોશેશો તથા તરતીબો કરવાની જારી રાખી. અને બીજી અરજીઓ નામદાર શાહ ઉપર તેમજ શાહજાદાઓ, વજીરો તથા અમીર ઉમરાઓ ઉપર મોકલવાનું જારી રાખયું. અને તેમાં જજીઆ સીવાએ બીજા હકો પારસીઓને બખશયા તે વીશે શુકર ગુજારી કરી ઉપકાર જાહેર કરતા રહયા—અને જજીઆની માફી વીશેની અરજ મુંબઇની કારોબાર મંડલી નામદાર શાહને તેમજ શાહજાદાઓ, વજીરો તથા અમીર ઉમરાવોને કરતા રહયા હતા. છેલ્લે તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૨ ને દાને મુંબઇની કારોબાર મંડલીએ નામદાર શાહ ઉપર જજીઆનો કર કાહાડી નાંખવા ફારસીમાં અરજી કીધી હતી, તેનો ગુજરાતી તરજુમો મંડલીએ સને ૧૮૮૩ માં રીપોરટ છપાવયો છે તેને પાને ૬૭ માં પરગટ થયો છે. તેમજ મંડલીએ તેહેરાન ખાતેના ઇંગરેજી એલચી મી૦ ટોમસન સાહેબ ઉપર ઉપલેજ દીને ઉપકાર પત્ર લખયો હતો, અને મંડલીએ નામદાર શાહ ઉપર તથા તેઓના પરદેશખાતાંના વજીર ઉપર જે અરજ પતરો લખયાં હતાં તે તેમાં બીડયાં હતાં, અને છેડલે તેમાં મંડલીએ અરજ ગુજારી હતી કે જો તમારી એટલે મી૦ ટોમસન સાહેબની કોશેશ જારી રહેશે તો મંડલીને ખાતરી છે કે કોઈ પરસંગે જજીઓ માફ તેઓજ કરાવી શકશે. ઉપલી અરજીઓ મી૦ ટોમસને શાહ તથા વજીરને દરોબસ્ત પોંહોંચાડી હતી.

ઈરાનમાં એવો ધારો છે કે શાહ જયારે ઉનાલાની મોસમમાં પાહાડોપર હવા ફેરબદલ કરવા જાય સારે, તથા કોઇ વખત શેહેર છોડી સફરે જાય સારે, ફરવે ફોરેન મીનીસટરોએ શાહની ભેટ લેવી જોઇએ તેમ સને ૧૮૮૨ ના જુન માસમાં શાહ શેહેરમાંથી બાહાર નીકલયા આગમજ ઇંગરેજી એલચી મી૦ ટોમસન, શાહાની ભેટ લેવા, વજીર ઉમુર ખારેજા સાથે ગયા હતા, તે વખતે મી૦ ટોમસન સાહેબે જોગવાઈ જોઇને શાહને પારસીઓ ઉપરનો જજીઓ માફ કરવા સારુ ઘટારત મુજબ અરજ કીધી હતી તે ઉપરથી શાહે વજીર ઉમુર ખારેજાને

ફરમાવયું હતું કે મુસલમાનો પાસેથી જે માલીઆત લેવામાં આવે છે તેથી જે કાંઈ પારસીઓ પાસેથી વધારે લેવાતું હોય તે માફ કરવું. તે ઉપરથી મી૦ ટામસન સાહેબે પાકું કરવા થકી શાહને પુછયું કે શાહે હાલ જે જુબાની ફરમાન આપયું છે તે મુજબ "હું લંડનખાતે લખી વાલુ?" તેના જવાબમાં પણ શાહે કહયું કે હા લખી જણાવો કે ઈસલામીઓ કરતાં પારસીઓ પાસેથી જે કાંઇ વધારે લેવાતું હશે તે મોકુફ કરવામાં આવશે.

નામદાર શાહે જબાની હોકમ જજીઓ માફ કરવાનું પોતાના ફોરેન મીનીસટરને આપયું હતું, તે મુજબ અમલ કરવા ફોરેન મીનીસટરે રાજયના વડા પરધાન ઉપર લખી વાલ્યું હતું, અને વડા પરધાને પોતાના મદદનીશ માઉન-ઉલ-મુલકને શાહનું ફરમાન અમલમાં લાવવા હોકમ કીધો હતો. પણ માઊન-ઉલ-મુલ્કે વલી એવી એક અડચણ નાખી હતી કે યજદના હાકમો એ બાબે શું કહે છે તે સાંભલ્યા વગર એ ફરમાનો બાહાર પાડી શકાય નહી, ઉપલી ખબર પડતાંજ મુંબઇની કારોબાર મંડલીએ તરતજ નીચે જણાવેલા ૩ ગ્રહસ્થો ઉપર કાગજો લખ્યાં હતાં:—

ઇંગરેજી એલચી મી૦ ટામસન ઉપર, તેહેરાન. ગવરનરના તે વખતના ચીફ સેક્રેટરી મી૦ ગોન ઉપર, મુંબઇ. માહારાણીજીના તે વખતના પરદેશખાતાંના સેક્રેટરી ધી અરલ ઓફ ગરાનવીલ ઊપર, લંડન.

એવી રીતે તરતજ ૩) કાગલો કારોબાર મંડલીએ લખી વાલ્યાં હતાં, અને તેમાં નમનતાઈ સાથે અરજ ગુજારવામાં આવી હતી કે જજીઓ માફ થયા બાબેનું શાહા પાસેથી લખેલું ફરમાન મેલવવામાં મેહેરબાની કરી ઘટતી મદદ કરવી.

લખવાને અતીઅંત ખુશી ઉપજે છે કે મી૦ ટામસન સાહેબે તા૦ ૨૭મી સપટેમબર ૧૮૮૨ ને દીનેના પોતાના કાગલ સાથે નામદાર શાહનાં લખેલાં ફરમાનની ફારસી નકલ મોહોર સહી સાથે તથા તેનો ઇંગરેજી તરજુમો પોતાના નાયબની સહી સાથે મુંબઈની કારોબાર મંડલી ઉપર બાહારો બાહાર મોકલયો છે. મી૦ ટામસન સાહેબના કાગલની નકલ તથા નામદાર શાહના ફારસી ફરમાનની નકલ તથા તેનો ઇંગરેજી તરજુમો ઊપલા રીપોરટમાં છાપવામાં આવેલાં છે. ફરમાનનો ગુજરાતી તરજુમો નીચે મુજબ છેઃ—

"ફુરમાન"

"અમોને તે બારેહકતાલાની બખશીલી નયામતો અને આસીરવાદોના બદલામાં તથા જે સાહેબે અમારી ઉપર ઇરાનના પાદશાહી તાજની રેહમ કીધી છે અને તેના રેહેવાસીઓની હાજતો મટાડવાની જોગવાઇઓ બખશી છે તેની શોકરગોજારીમાં આપણી સઘલી રઇયતો, પછી તે ગમે તે ટોલાની, કોમની, દેશની યા મજહબની હોય, તેઓના આરામ અને સુખના ઊપાયો કરવાનું ઘટારત છે, કે જેથી અમારી ખાસ રેહમનજરનાં મીઠાં આબથી તેઓને કુવત અને તાજગી મલે.

"એવા લોકોમાં યજદ અને કેરમાનમાં વસનારા જરથોસતીઓ છે કે જેઓ ઈરાનની પુરાતન પ્રજાઓ અને અમીરોની ઓલાદના છે, અને જેઓની સુલેહસંપજ તથા એશઆરામ અગારવેર જેવાં હતાં તે કરતાં વધારે પુખ્ત કરવાની અમારી પાદશાહી ખાહેશ છે.

"એટલા કીજે પાદશાહી ફરમાન બાહાર પાડીને અમે સરવે લોકોને હોકમ કરાએ તથા ફરમાવીએ છીએ કે યજદ અને કેરમાનનાં શેહેરો અને કસબાઓ ખાતે વસ્તી અમારી મહમદાઆન રઈયતો જે કર, છાપા, મેહસુલ અને બીજા સઘલા સરકારી કર અને વેપાર ઉપરના હકો ભરે છે તે ત્યાં વસનારા જરથોસ્તીઓ સોડેથી એજ રીતે લેવામાં આવશે, અને કાંઇ વધતું ઓછું લેવામાં આવશે નહીં. અને ૮૪૫) અંકે આઠસો પીસ્તાલીસ તોમાનની રક-

મનો જજીઓ બીજાં નામથી મજકુર કોમ સોડેથી દર સાલ લેવામાં આવે છે તે કાહાડી નાંખવામાં આવશે. એટલા માટે આ ચાલુ મુબારક સાલની શરૂઆતથી અમો આ રકમ માફ કરીએ છીએ, અને હવેથી અને હમેશ સુધી તે અદા કરવાથી જરથોસ્તીઓને છુટા કરીએ છીએ. અને હવે અમો અમારા પાદશાહી ખજાનાના મુસ્તફીઓ તથા મેહેસુલના અમલદારોને અતરેથી ફરમાવીએ છીએ તથા હોકમ આપીએ છીએ કે યજદ અને કેરમાનની મેહેસુલના હીસાબમાંથી મજકુર રકમ તદન કાહાડી નાખવી.

"મજકુર પરગણાઓના હાલના અને હવે પછીના હાકમોએ આ જજીઆની રકમનો દાવો હમેશ સુધીનો છોડી દીધેલો ગણવો; અને ચાલુ સાલમાં તથા હવે પછી જો આ રકમ અથવા તેનો એક ભાગ પણ ઉઘરાવવામાં આવશે તો તે માટે તેમને જવાબદાર ગણીને સજા કરવામાં આવશે; અને પાણી તથા જમીન ઉપરની મીલકતો ઉપર છાપા અને કરો લેતી વખતે પણ જે રીતે અમારી બીજી પ્રજાઓ સાથ વરતવામાં આવે છે તેજ રીતે જરથોસ્તીઓ સાથ પણ વરતવું.

"આ ફરમાન તેહરાન ખાતે માહા રમજાન સને ૧૨૯૯ (ઑગસ્ટ ૧૮૮૨)માં આપવામાં આવયું છે,"

આ જોગવાઈએ જણાવવું જોઈએ કે ઈરાનના નામદાર શાહ નાસરૂદદીનશાહે પારસીઓ ઉપરનો જજીઓ માફ કરીને મુસલમાન રાજ્યની શોભા અને ઈજતમાં વધારો કીધો છે અને આપણે આશા રાખીશું કે જે રેહમદીલ ભરેલી રાજ્યનીતી તે નામવરે ચાલુ કીધી છે, તેજ રાજ્યનીતીને વલગી રહી આ અને એવાં બીજાં માયાલુ ફરમાનો પુરેપુરાં બજાલાવવામાં આવે તેની એ નામદાર પુરતી અને હમેશની જામીનગીરી જાલવી રાખશે. શાહાની આવી માયલુ લાગણી તથા અપક્ષપાતપણા માટે તેમને આખા પારસી ટોલા તરફનું માન અને અહેસાન ઘટે છે. જજીઓ માફ કરવામાં જેમ એ નામવરે જરથોસ્તી ટોલા તરફ દીલસોજી દેખાડી છે તેમજ પોતાના રાજ્ય અને તાજ તરફની ફરજ ઉતમ રીતે બજાવવાની સાબેતી આપી છે.

તેમજ આપણી માયાલુ સરકારનો હાથ એમાં હોવાથી તેના પણ આપણ હેસાનમંદ રહયા છીએ. જ્યાં શુધી શાહને તથા વજીરો અને અમીર ઉમરાવોને બાહારો બાહાર એડરેસો આપયાં કીધાં તથા અરજીઓ કરયા કીધી ત્યાં શુધી આપણે જોયું તેમ કાંઈ આપણું વલ્યું નહીં, પણ જ્યારે ઈંગરેજ સરકારના અમલદારોએ એ વાત ધયાનમાં લીધી ત્યારે આપણી દાદ લાગેલી આપણે જોઈ છે, તેથી એ મોહટા અમલદારોનો, અકસર કરી તેહરાંન ખાતેના ઈંગરેજી એલચી મી૰ ટામસન સાહેબનો તથા સર ઑલફરેડ લાયલનો આપણે અંતકરણથી ઊપકાર માનવો ઘટે છે.

જજીઓ માફ થયાનું શાહાનું ફરમાન મલ્યા બાદ તરતજ મુંબઈની કારોબાર મંડલીએ નીચે જણાવેલા ૪) ઈંગરેજી અમલદારો ઊપર ઊપકાર તથા શુકરગુજાર પતરો લખ્યાં હતાં :—

૧. તેહેરાન ખાતેના ઈંગરેજી એલચી મી૰ ટામસન સાહેબ ઉપર.

૨. મુંબઈના ગવરનરના તે વખતના ચીફ સેકરેટરી મી૰ ગોન સાહેબને તેઓના વાલકેશ્વરના રેહવાના બંગલામાં કારોબાર મંડલીના સરનશીન સર દીનશાજી માણેકજી પીટીટે તથા ઓનરરી સેકરેટરી શેઠ અરદેશર શોરાબજી કામદીનનાએ હાથો હાથ ઉપકાર પતર પોંહોંચાડયો હતો.

૩. સર ઑલફરેડ લાયલ જેઓ તે વેલા વાયવ પરાંતોના લફટેનંટ ગવરનર હતા તેઓ ઉપર.

૪. લંડન ખાતેના માહારાણીજીના તે વખતના પરદેશ ખાતાંના સેકરેટરી ધી અરલ ઓફ ગરાનવીલ ઉપર.

તેમજ મુંબઈની કારોબાર મંડલીએ નામદાર શાહ ઉપર, તથા શાહજાદાઓ ઉપર, તથા વજીરો અને અમીર ઉમરાવો ઉપર તથા મજલસે સુરા (એટલે ઈરાની કાઊનસીલના મેમબરો) ઉપર, એવી રીતના ૨૬) ઉપકાર તથા શુકરગુજાર પતરો તરતજ લખ્યાં હતાં, અને તેના વલતા ઉતરો પાછા ફરી વલ્યા છે, જે સઘલા મંડલીના રીપોરટોમાં પ્રગટ થયા છે.

ઈરાની દરબારી રીતભાત મુજબ શાહને તથા શાહજાદા, વજીરો, અમીર ઉમરાવો તથા બીજા દરબારીઓને તેઓની ચહડ ઉતર પદવી મુજબ ચહડ ઉતર પેશકશી યાને નજરાનું આપવું જોઈએ, તે પ્રમાણે મુંબઈની કારોબાર મંડલીએ તેહેરાન ખાતે શેઠ માંણેકજી હાતરીયા ઉપર ૩૧૦૦૦૦) અંકે દશ હજાર વાલ્યા હતા, અને શેઠ હાતરીઆએ પેશકશીમાં ઉમદા ઘડીયાલો, સાંકડીઓ, રૂપેરી નકસના મગો વગેરે ભેટ આપયાં હતાં, અને ખુદ શાહને એક અતી સુંદર હાથનું લખેલું ઉમદા શાહનામું ભેટ આપ્યું હતું. અને એ ૩૧૦૦૦૦) મોકલવા ઉપરાંત, કારોબાર મંડલીએ શેઠ માંણેકજી હાતરીઆ ઉપર તેઓએ લીધેલી મેહનતને વાસ્તે એક ઉપકાર પતર લખ્યો હતો, જેની નકલ તથા તેના ઊતરની નકલ મંડલીના રીપોરટમાં છપાયલી જોવામાં આવે છે.

ઈરાંનીઓની હાલત સુધારનારાં ધરમ ખાતાંનાં ફંડના મેમબરોની સરેસતાની એક જાહેર સભા તા૦ ૩૦ મી એપરીલ ૧૮૮૩ ને દીને મલી હતી, તે વેલા એક ઠરાવ પસાર થયો હતો કે આ ધરમ ખાતાના ઓનરરી સેકરેટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાએ આ ધરમ ખાતાંનું કામ દીલસોજીથી બજાવયું છે તેના અરથે તેઓને એક પીસ–ઓફ–પલેટ ભેટ આપવી. તે ઠરાવની રૂએ કારોબાર મંડલીએ એક ઠરાવ પસાર કીધો હતો કે એક રૂપાંનું આફરગાનીયું ૩૫૦૦) સુધીનું તેઓને ભેટ આપવું, અને તે તઈયાર કરાવવા મરહુમ શેઠ ખુરશેદજી નોશેરવાંનજી કામાજી તથા શેઠ અરદેશર ડોશાભાઈ મુનશીને સોંપયું હતું. તે મુજબ તેઓએ એક આફરગાનીયું તેનાં ઢાંકણ તથા ખુમચા સાથે તઈયાર કરાવયું. અને ઉપલાં ધરમ ખાતાંની કારોબાર મંડલીના સરનશીન ઓનરેબલ સર દીનશાજી માંણેકજી પીટીટે મજકુર સેકરેટરીને તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૮૪ ને દીને કારોબાર મંડલીની મીટીંગ મલી હતી તે વેલાએ તે આફરગાનીયું પોતાના બખતાવર હાથે નેક દોઆ ચાહીને ભેટ આપયું.

એ આફરગાનીયું "ફુલ દાન" (flower vase) ના ઘાટનું બનાવેલું છે અને તેની બાહારની બાજુના ૪ સરખા ભાગ પાડયા છે, તેમાં :—

એક ભાગમાં અશો જરથોસ્તની સબી કોતરાવેલી છે.

બીજા ભાગમાં નકસે રૂશતમના પાહાડ ઉપર, દારાએસ હીસતાસપીસના "અશતોદાન" ના ઉપલા ભાગનો ચીતાર આપેલો છે, જેમાં પાદશાહને, આતશ સામે, બંદગી કરતા આકારમાં, તેનાં ફરોહર સાથે ચીતારેલો છે. અને જેમ તેની જાહોજલાલી બતલાવવા સારૂ જે તખત ઉપર તે બંદગી કરતો ઉભેલો છે, તે તખત તેનાથી ૨૯ હાર ખાઈ ગયલા પાદશાહોના હાથ ઉપર અધર ઉંચું રાખેલું છે, તેમ તેમાં છેલ્લા દીવસની યાદ લાવવા સારૂ કાલબુદ ખાનારાં બે જાનવરોના આકારો પાડેલા છે. અને તખતની આજુબાજુ ફરમાનબરદારો ઉભેલા છે

ત્રીજા ભાગમાં એક પાહાડનો આકાર કોતરાવેલો છે. અને તેમાં ખુરશેદ, માહ, હફતોરંગ, આતશ, પાણીનો ચશમો, મરદુમ, ગોસપંદ તથા ખજુરી અને દાડમડીના આકારો કોતરાવેલા છે. તથા ચોથા ભાગમાં કારોબાર મંડલીના ઠરાવ પરમાણેનો ભેટનો લેખ નીચે મુજબ કોતરાવેલો છે:—

"ઇરાન દેશમાં રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાનાં ધરમ ખાતાંના ઓનરરી સેક્રેટરી ભાઈ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાએ એ ધરમ ખાતાંનું કામ વગર સવારથે દોલસોજીથી બજા લાવી, એ ધરમ ખાતાંની કારોબાર મંડલીની અચ્છી સેવા ચંચલાઈ તથા કાબેલીયતથી બજાવી છે તેના બદલામાં, તથા ત્યાંના જરથોસ્તીઓ પાસેથી ત્યાંની સરકાર "જજીઆ" નામે એક દુ:ખદાયક કર લેતી હતી તે કઢાવી નાખવા ઇરાની સરકારને અરજ કરી તે વેલા ઇંગરેજ સરકારના અમલદારો પાસે જઇ મદદ મેલવવા મેહનત લીધી છે તેના બદલામાં, યાદગારીની એક જીનસ તરીકે, આ આફરગાનીયુ એ ફંડની કારોબાર મંડલીએ એ ધરમ ખાતાંનાં ફંડમાંથી એવણને ભેટ આપયું છે. મુંબઇ, સને ૧૨૫૩ યજદેજરદી, સને ૧૮૮૪ ઇસવી."

એકે એક જરથોસ્તીને જાણવા જોગ આ અહેવાલ સમાપત કરતી વખતે અમો એટલુંજ કહીશું કે ઇરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવાનાં ધરમખાતાંની કારોબાર મંડલીની, તથા ઇરાનમાંના ચાલાક આડટીયા શેઠ માણેકજી લીમજી હાતરીયાની, તથા એ ધરમ ખાતાંના ધુંધી ઓનરરી સેક્રેટરી શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનનાની, તેઓની અથાગ મેહનત માટે, આપણુ જેટલી વખાણ ગાઇએ તેટલી થોડી છે.

આખાં હીંદુસ્થાંન મધે ચાલતી મીલો અને તેને લગતી કેટલીક જાણવા જોગ વીગતો.

મુંબઈ ખાતે પેહલ વેહલું રૂ વણવાનું કારખાનું કાહડવાની શરૂઆત શને ૧૮૫૪ માં થયલી જણાય છે, કે જે વરશમાં તે વેલાના એક ખંતીલા પારશી મહશય શેઠ કાવશજી નાનાભાઈ દાવરે "બોમબે સ્પીનીંગ એંડ વીવીંગ કંપની" ને નામની મીલ તારદેવ ખાતે બાંધી હતી. એ નવીશવી મીલ મુંબઈમાં ચાલુ થઇ તે અતરેના લોકોને બારે નવાઇ જેવી દીશી હતી અને દરરોજ ટોલાંબંન લોકો જોવા જાતુ હતું. પેહલ વેહલી એ મીલ હોવાથી તેમાં નફો ઘણો મોટો થયો હતો, તે એ રીતે કે દર પાંચ હજારનાં એક શેર દીઠ એક વરસમાં એક હજાર રૂપીઆનાં નફાની વેંહચણી આપવામાં આવી હતી. અને તે ઉપરથી તે પછી મુંબઇમાં બીજી મીલો નીકલવા માંડી હતી; તેમાં શને ૧૮૫૫ માં એક મીલ "ધી ઓરીએનટલ સ્પીનીંગ એંડ વીવીંગ કુંપની" ને નાંમે મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીટ અને બીજા ધરશયોના આગેવાનીથી ઉભી કરવામાં આવી હતી, તે શને ૧૮૫૮ મા બંધાઇ તઇયાર થઇ હતી. જેમાં શુતર વણી કાપડ બનાવામાં પણ આવયું હતું. એ કારખાનામાં એ મરહુમ શેઠ માંણેકજી નોશરવાંનજી પીટીટે ઘણી મોઠી મેહનત લીધી હતી અને તેથી તે ઘણી શારી હાલતે પુગી હતી તેટલા માટે તેવોની યાદગારી કાએમ રાખવા સારૂ શને ૧૮૬૦ માં એ કારખાનાના ભાગીદારોની મલેલી એક સભામાં હેવો ઠેડાવ કરવામાં આવયો હતો કે રૂ૧૦૦૦૦ નો ખરચ કરીને વેલાતથી તેમનું એક આખાં ઉભાં કદનું શંગેમરમરનું બાવલુ બનાવી મંગાવીને તે મીલનાં કારખાનામાં મુકવું. તે મુજબ તે બાવલું ઘટતા લેખ સાથે તાંહાં મુકવામાં આવયું છે.

એ પછી શને ૧૮૫૯ નાં શાલમાં "વીકટોરીઆ શપીનીંગ કુંપની" નામની એક મીલ ઊભી કરવા માટે તેનું સાંચા કાંમ ખરીદવા સારૂ શેઠ નશરવાનજી અરદેશર ખરશેદજી વાડીઆ તા૦ ૨૬ મી એપરેલ ૧૮૫૯ ને દીને ઇંગલંડ ગયા હતા. તેવોએ તાંહાં ગયા પછી તાંહાં બનતાં હમેશનાં રાખેતા મુજબનાં "બાઇલર" માં એવો શુધારો પોતાની યુકતીથી કીધો કે તે "બાઇલરો" આગલ કરતાં તરણ ઘણાં વધારે મજબુત અને તેટલી લાંબી મુદતનાં ટકાઉ થયાં. આવો શુધારો કરીને તે માટેનું પેટંટ તેવોએ ઇગલંડમાં જુલાઇ ૧૮૫૯ માં મેલવેઉ હતું. આ પેટંટ ઇંગલંડના કારખાનાવાલાઓ તેમની શેઉથી મોટી રકમ આપીને ખરીદવા નીકલયા હતા. હીંદુસ્થાનનો દેશી ઇંગલંડની બનાવટમાં આ પ્રમાણેનો શુધારો કરે અને તે દાખલ કરવાની ઇંગલંડનાં કારખાનાવાલા કોશેશ કરે, એ નવાઈ જેવો બનાવ બનેઓ છે.

એ પ્રમાણે એક પછી એક મીલો મુંબઇમાં વધતી ચાલી હતી તે શને ૧૮૬૫ માં ૧૦) ની શંખ્યા પર આવી હતી અને ૧૮૮૦ માં ૩૨ ની શંખ્યાની થાઇ હતી. તે છેલે શને ૧૮૮૯ માં ૬૯ ની શંખ્યા પર આવી છે; અને મુંબઇ ઇલાકાનાં બીજાં શેહેરોમાં ૧૮૬૫ માં ૩ મીલ હતી તે ૧૮૮૯ શુધીમાં વધીને ૨૨ થાઇ છે, જે મલી મુંબઇ

અને મુંબઇ ઇલાકા સાથે ૯૧ મીલો થાઇ છે. મુંબઇ છોડી બીજા ઇલાકાઓ ખાતે ઉભી થયલી મીલો ૩૩ છે, તે મલી આખાં હીંદુસ્થાનમાં અતેઆર શુધી કુલે ૧૨૪ મીલો થાઇ છે. તેમાં એકંદર ૨૭૬૨૫૮૧ અથવા શતાવીશ લાખ બાશઠ હજાર પાંનશો એકઆશી શપીંડલો, અને ૨૧૫૬૧ એકવીશ હજાર પાંચશો એકશઠ લુમોથી કાપડ શુતર વણાય છે. એ તમામ મીલોમાં દરરોજ કામે લાગેલાં માણસોની કુલે શંખ્આ આખાં હીંદુસ્થાન મલીને ૯૧૫૯૮ એકાંનુ હજારની ઉપરની થાવા ગઇ છે, જેમાં મુંબઇ અને તેનાં ઇલાકાની ૯૧ મીલોમાં દરરોજ ૬૫૫૮૦ પાંશેઠ હજાર ઉપર માંણશો, અને એખલાં મુંબઇ શેહેરમાં બાવન હજાર માંણશો કાંમે લાગવાની શરાશરી હાજરી આવે છે. ખુદ મુંબઇ ટાપુમાં ચાલતી મીલોની શંખ્આ નજદીક ૬૯ ની થવા ગેઇ છે અને તે ઉપર ખરચાયલી કીંમત અથવા રોકાયલી થાપણમાં, ચાલુ થયલી ૫૫ મીલની ૪ કરોડ ૯૩ લાખ ૪૨ હજાર અને ચાલુ થવાની બંધાતી બીજી ૧૪ મીલોની થાપણ જે અધ કરોડ ઉપરની થાય છે તે ઉમેરતાં સાડા પાંચ કરોડ રૂપીઆની રકમ થવા ગઈ છે, મુંબઇનાં ઇલાકાઓ ખાતેની ૨૨ મીલોની એક કરોડ શાડી એકવીશ લાખ રૂપીઆની થાપણ થાઈ છે. તેમ મુંબઇ છોડી બીજા ઇલાકાઓની મીલો જેની શંખ્આ ૩૩ ની છે તેના પર લાગેલી થાપણ સાથે ઉમેરતાં આખાં હીંદુસ્થાનમાંની ૧૨૪ મીલો પર રોકાયલી થાપણનો કુલે શરવાલો આશરે નવ કરોડ રૂપીઆનો થવા ગયો છે. એ વીગરે એ મીલોમાં દર વરશે કેટલો રૂઉ વપડાય છે, તેની વીગત જોતાં માલમ પડે છે કે મુંબઇની ચાલુ ૫૫ મીલોમાં દર વરશે ૧૯૭૩૦૫૫ યાને નજદીક પોંનીવીશ લાખ હંડરવેટ અથવા દર ૩૯૨ રતલની પાંચ લાખ તેંશઠ હજાર ગાંશડી રૂઉ ખપે છે, મુંબઇ ઇલાકાની ૨૨ મીલોમાં ત્રણ લાખ તેંશઠ હજાર આઠશો હંડરવેટ અથવા એક લાખ ઉપર ગાંશડી રૂઉ ખપે છે; તે શાથે બીજો બાહાર દેશાવરોની ૩૩ મીલોમાંનો મલીને આખાં હીંદુસથાનની મીલોમાં દર વરશે ૩૧ લાખ ૧૦ હજાર હંડરવેટ અથવા આઠ લાખ ઓડઆસી હજાર ગાંસડી ખપે છે.

દુનીયાંમાં સઉથી મોટી "પેશીફીક" નામની મીલ અમેરીકામાં આવેલા મેશા ચુશેતંશ પ્રગણામાં લોરેનશ નામની જગયાએ બંધાએલી છે. આ મીલની થાપણ ૨૫૦૦૦૦૦ ડાલરની અને તે ૪૩ એકર જમીન ઉપર જુદી જુદી ૨૩ ઇમારતોના એક જથામાં બંધાયલી છે. એમાં ચાર મોટાં એનજીનો—દર એક ૩૫૦૦ ઘોડાના બલના, ૪૨ નાહના સ્ટીમ એનજીનો, ૫૦ સ્ટીમો બાઇલરો અને ૧૧ ટરબાઈન વીલસ પાંચ હજાર ઘોડાના બલના છે. આ મીલમાં દર વરશે ૨૫000 ટન કોલશા, ૩૫000 ડાલરનું કેરોશીન તેલ ખપે છે. એમાં વારશીક પંદર હજાર ગાંસડી રૂ અને ચારલાખ રતલ ઉન ખપે છે; કે જે ઉન લગભગ આઠલાખ મેંઢાંઓની ઉતપંતી કહેવાય. આ મીલમાંથી દર વરશે રંગેલું તથા છાપેલું ૬૫000000 વાર અને વણેલું ૩૫000000 વાર મલી એકંદરે દશ કરોડવાર કાપડ બને છે; કે જેની લંબાઇ આખી દુનયાંની લંબાઇ કરતા આઠી ગણી થવા જાય છે. અને તે વણતાં પેહેલાં સુતરનાં તાણાંની લંબાઇ ગણીએ તો વીસ કરોડ વારથી પણ વધારે થાવા જાય છે. આ મીલમાં ૩૬00 ઓરતો અને ૧૯00 મરદો મલી રોજીંદા ૫૫00 માણસો કામે વલગે છે, તેમના વારશીક પગારનો આંકડો ૧૭૯000 ડાલર થાય છે.

આખાં હીંદુસ્થાંનમાં ચાલતી સ્પીનીંગ મીલો.

મીલોના નામ.	એજન્ટો અથવા ધણીઓનાં નાંમો.	ઠેકાણું.	શેરોની શંખ્યા	દર શેરની કીંમત રૂ.	થાપણ	સ્પીન ડ઼ લોની સંખ્યા.	લુમો.	કામ લાગેલાં માણસો
મુંબઇ ખાતે ચાલતી મીલો.								
આલાયન્સ કોટન મે. કું. લી. ..	તાપીદાસ વરજદાશની કુ... ...	તારદેવ	૧૮૦૦	૧૦૦૦	૧૮૦૦૦૦	૩૬૭૧૬	૨૦૨	૧૧૦૦
ઇ. ડી. સાસુનમીલ (ખાનગી માલેકો)...	ઇ ડી સાશુનની કુ. (ધણીઓ) ...	કાલાચોકી—ચીચપોગલી	.....	......	....	૪૭૨૦૮	૫૧૩	૧૮૦૧
ઇનડીઅન મે. કું. લી.	દામોદર ઠાકરસી મુલજીની કુ. ...	રીઅન રોડ, ભા. { આખા / અરધા	૮૦૦ / ૮૦૦	૧૦૦૦ / ૫૦૦	૧૨૦૦૦૦૦	૨૯૧૮૦	૫૯૯	૧૦૫૦
ઇમપીરીઅલ મીલશ કું. લી.	ગ્રીવશ કોટનની કુ.	હેનશ રોડ, મહાલક્ષ્મી	૧૩૬૦	૫૦૦	૬૮૦૦૦૦	૩૭૯૬૨	......	૬૪૦
ઇશા ખલીશા સ. એન્ડ વી.મી.(ખા. મા.)	સેઠ ઇશા બીન ખલીશા (ધણી)...	પરેલ	......	......	....	૧૬૫૦૦	૧૫૦	૪૧૫
ઉકરડા એનશી સ. મીલ (ખાનગીમાલેક)	ઉકરદા એતશી (ધણી)	પરેલ	......	......	....	૨૫૯૮૦	......	૬૦૪
એંગલો ઇન્ડીયન સ. એંડ મે. કું. લી	પી. પીઅરશન, સેકરેટરી	દોલિશલી રોડ, ચીચપોગલી	૯૩૪૫	૧૦૦	૯૩૬૦૦૦	૩૩૪૩૨	......	૭૮૫
એમપ્રેસ સ. એન્ડ વી. કું. લી. ...	ગ્રીવશ કોટનની કુ.	ચીચપોગલી	૨૧૨૩૩	૫૦૦	૧૦૬૧૬૨૫	૩૫૭૫૨	......	૭૭૫
એલેકઝાંદ્રા મીલ (ખાનગી માલેકો) ...	ઇ. ડી. સાશુનની કુ. (માલેકો)	ચીચપોગલી—ગોરૂપદેવ	....	......	૬૧૦૦૦૦	૨૭૨૨૪	૩૮૯	૯૭૦
ઓરીએંટલ સ. એંડ વી. કુ. લી. }	જે. એન. પીટીટની કુ. ... }	તારદેવ	૫૭૨૦	૬૨૫	૩૫૭૫૦૦૦	૪૯૭૨૮	૯૨૭	૧૯૯૩
ઓરીએંટલ સ. એંડ વી. કુ. લી. }		કોલાબા				૨૨૦૨૦	૩૪૧	૯૨૧
કુરલા સ. એન્ડ વી. કુ. લી. ...	બી. એન્ડ એ. હોરમારજી ...	કુરલા	૧૩૦૦	૧૦૦૦	૧૩૦૦૦૦૦	૩૫૧૫૨	૫૫૧	૧૨૭૯
કુવીન સ. એન્ડ વી. કુ. લી. ...	કે એમ હીરા માણેકની કુ. ...	દોલિશલી રોડ, પરેલ	૮૦૦	૧૦૦૦	૮૦૦૦૦૦	૩૪૬૨૦	......	૭૦૦
કેશરે હીંદ સ. એન્ડ વીવીંગ કું. લી.	વરજીવનદાશ અને નરોતમદાશ માધવદાશ અને બીજાઓ (ધણીઓ)	ચીચપોગલી	....	......	૭૦૦૦૦૦	૨૩૬૦૮	૪૭૦	૧૦૦૦
કોનાટ મીલશ કું. લી.	ગ્રીવશ કોટનની કુ.	ચીચપોગલી	૮૪૦	૫૦૦	૪૨૦૦૦૦	૩૧૯૮૦	....	૧૧૧૪
કોલાબા લેન્ડ એન્ડ મીલ કું. લી. ...	કે આર કામા શે૦	વીકટોરીઆ બંદર, કોલાબા	૪૦૦૦	૭૦૦	૨૮૦૦૦૦૦	૧૯૧૪૦	૩૭૧	૬૦૦
ખટાઉ મકનજી સ૦ એંડ વી૦ કુ૦ લી૦	ખટાઉ મકનજીની કુ. ...	હેનશ રોડ, ભાયખલા	૧૦૦૦	૧૦૦૦	૯૯૫૦૦૦	૨૫૧૬૪	૩૪૦	૭૫૦
ગોરડન સ૦ એંડ મે૦ કુ૦ લી૦ ...	દી એમ પીટીટ સનસની કુ. ...	માહાલક્ષ્મી	*૮૫૯૦	૧૫૦	૧૨૮૮૫૦૦	૫૦૩૧૨	......	૧૪૯૧
જાદવજી રાઘવજી મે૦ કુ૦ લી૦ ...	શુંદરદાશ શામજીની કુ.	ફોરાશ રોડ, ભાયખલા	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦૦	૨૯૧૭૦	......	૬૬૨
જમશેદ મે૦ કુ૦ લી૦	હોરમજી, આશરની કુ. ...	ફરગયુશન રોડ, પરેલ	† ૩૨૦૦	૨૫૦	૮૦૦૦૦૦	૨૧૭૬૮	......	૬૪૭

* એના બીજા ૯૭૦૦ શેર એલાટ થવા વગરના બાકી છે.
† એના ૮૦૦ શેર એલાટ થવા વગરના બાકી છે.

મીલોનાં નામ.	એજંટો અથવા ધણીઓનાં નાંમો.	ઠેકાંણું.		શેરોની સંખ્યા.	દર શેરની કીંમત રૂ.	થાપણ.	સ્પીનડ-લોની સંખ્યા.	લુમો.	કામે લાગેલાં માંણસો.
જીવરાજ બાલુ સ. એંડ વી. કુ. લી....	દ્વારકાંદાશ વશનજીની કુ.... ...	તારદેવ	આખા પા	૯૦૦ ૮૦૦	૧૦૦૦ ૨૫૦	૧૧૦૦૦૦૦	૩૯૦૧૬	૫૨૧	૧૨૨૮
જુબીલી મે. કુ. લી.	રેડીમની જીજીભાઇની કુ. ...	શીવરી		૧૦૫૦	૧૦૦૦	૬૩૯૦૦૦	૧૯૬૩૨	......	૫૭૮
જેમસ ગ્રીવશ મીલશ કું. લી. ...	ગ્રીવશ કોટનની કુ.	હેનશ રોડ, મહાલક્ષ્મી		૧૩૨૦	૫૦૦	૬૬૦૦૦૦	૩૮૯૪૦	......	૧૦૧૦
દેવીડ મીલસ કું. લી.	સાશુન જે. દેવીડ એં કુ..... ...	કેરોલ રોડ, પરેલ		૧૬૦૦	૫૦૦	૮૦૦૦૦૦	૨૩૩૬૦	......	૭૫૦
ધન મીલસ લી.	એન. એ. હોરમારજીની કુ.... ...	પરેલ		૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦૦	૧૭૮૦૮	......	૪૫૬
નીકસ મીલ (ખાનગી માલેક) ...	અમદભાઇ હબીબભાઇ ...	લોવર કોલાબા		......	......	૩૬૧૦૦૦	૧૯૮૩૨	......	૪૬૬
ન્યુ ગ્રેટ ઇસ્ટરન સ. એંડ વી. કું. લી...	વનમાલીદાશ જે. શામજીની કુ. ...	ચીચપોગલી		૧૫૦૦	૧૦૦૦	૧૫૦૦૦૦૦	૩૩૧૯૨	૭૦૯	૮૬૦
નેશનલ સ. એન્ડ વી. કુ. ઓફ ઇનડીઆ લી. ...	જે. એન. પીટીટની કુ.	શોપારીબાગ, પરેલ		૬૦૦	૧૦૦૦	૬૦૦૦૦૦	૧૯૦૦૦	......	૫૩૨
પીપલ ઓફ ઇન્ડીયા સ. એંડ મે. કુ.લી	દામોદર ખીમજીની કુ. ..	ચીચપોગલી		૧૦૦૦	૨૫૦	૨૫૦૦૦૦	૬૮૬૮	......	૨૨૭
પ્રીન્સ ઓફ વેલ્સ સ એંડ મે. કુ. લી.	એમ. કરીમભાઇની કુ. ...	ચીચપોગલી *		૨૧૮૦	૧૨૫	૨૭૨૫૦૦	૩૦૦૮૦	૪૦૦	૧૦૧૯
પ્રેશીડેનશી મીલસ કુ. લી... ...	રનછોડદાશ નરોતમદાશની કુ. ..	પરગ્યુશન રોડ, પરેલ **		૮૪૯	૧૦૦૦	૮૪૯૦૦૦	૧૬૯૮૪	૩૮૪	૭૦૦
ફરામજી પીટીટ સ. એંડ મે. કુ. લી...	દીનશા મા. પીટીટ શનશની કુ. ...	મજગામ ***		૧૨૫૦	૧૦૦૦	૧૨૫૦૦૦૦	૩૫૩૫૨	.....	૧૧૦૦
બોંમબે કોટન મે. કુ. લી... ...	જીવનદાશ એ. કુ.	ચીચપોગલી		૧૨૦૦	§૫૦૦	૩૬૦૦૦૦	૬૭૧૬	......	૩૧૭
બોંમબે યુનાઇટેડ સ. એંડ વી. કુ.	ખટાઉ મકનજી એંડ કુ.	ગીરગામ—ચરની રોડ		૯૦૦	૧૦૦૦	૯૦૦૦૦૦	૨૨૧૬૦	૪૫૦	૭૪૦
મઝગામ સ. એન્ડ મે. કુ. લી.	દીનશા માણેકજી પીટીટ સનસની કુ.	મથારપાખડી, મજગામ †		૫૦૦૦	૨૫૦	૧૨૫૦૦૦૦	૩૦૦૯૬	૪૨૦	૧૨૦૮
માણેકજી પીટીટ મે. કુ. લી... ...	,, ,,	તારદેવ		૪૦૫૦	૧૦૦૦	૪૦૫૦૦૦૦	૫૫૬૦૮	૧૧૭૭	૩૩૭૫
દીનશા પીટીટ મીલસ	,, ,,	પરેલ					૪૨૧૦૪	૮૫૧	૨૨૦૦
માહાલક્ષ્મી સ. એંડ વી.કું.લી	મોગરજી ગોકલદાશ કુ.	એલફીનશટન બ્રોજ, માંડવી		૬૫૦	૧૦૦૦	૬૫૦૦૦૦	૨૪૦૫૨	......	૭૭૫
મોતીલાલ પીટી સ.મીલ(ખાનગી માલેક)	સીવલાલ મોતીલાલ	તારદેવ		....	......	....	૧૬૦૦૦	......	૪૦૦
મોરારજી ગોકલદાસ સ૦ એંડ વી.કું.લી.	મોરારજી ગોકલદાશ કુ.	પરેલ		૧૧૫૦	૧૦૦૦	૧૧૫૦૦૦૦	૩૮૪૬૪	૫૧૭	૧૩૮૮
રીપન મે. કુ. લી...	નાનાભાઈ બેરાંમજી જીજીભાઇની કુ	રીપન રોડ, ભાયખલા ‡		૬૩૬	૧૦૦૦	૬૩૬૦૦૦	૩૪૫૯૬	......	૮૧૨
લખ્મીદાશ ખીમજી સ.એંડ વી. કું.લી.	લખ્મીદાસ ખીમજી શનશ કુ.	દીલેરાલી રોડ, પરેલ		૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦૦	૩૩૩૬૪	......	૮૩૧
લાલજી સ. મીલ કું. (ખાનગી ધણી)	લાલજી કચરાના કુ. (માલેકો) ..	ગોરૂપદેવ, ચીચપોગલી		.....	......	૧૫૦૦૦૦	૫૬૦૦	......	૨૦૦
લીઓપોલડ સ.બ્લીચીંગ એન્ડમે.કુ.લી.	ગ્રીવશ કોટનની કુ.	હેનશ રોડ, મહાલક્ષ્મી		૩૫૦૦	૧૦૦	૩૫૦૦૦૦	૧૦૭૨૮	......	૪૦૬

* ૫૮૨૦ એલોટ થવા વગરના શેર બાકી છે.
** એના બીજા ૧૦૦૦ એલોટ થવા વગરના શેર બાકી છે.
*** ૧૫૦ એલોટ થવા વગરના શેર બાકી છે.

† એના બીજા ૬૦૦૦ શેર એલોટ થવાના બાકી છે.
‡ ૧૦૦૦ એલોટ થવા વગરના શેર બાકી છે.
§ ૨૫૦૦ ના જુના શેર ૬૦૦) અને ૨૧૦૦ ના નવા શેર ૬૦૦.

મીલોના નામ.	એજંટો અથવા ધણીઓના નામો.	ઠેકાણું.	શેરોની સંખ્યા.	દર શેરની કીંમત રૂ.	થાપણ.	સ્પીન્ડલોની સંખ્યા	લુમો	કામ લાગેલાં માણસો.
વીક્ટોરીઆ મે૦ કું૦ લી૦ ...	સી. એંડ એફ. દીનશાજી... ...	ગામદેવી	૬૦૦	૧૦૦૦	૬૦૦૦૦૦	૧૫૩૬૦	......	૬૦૦
વેસ્ટરન ઇન્ડીઆ સ૦ એંડ મે૦ કું૦લી૦	ડાકરસી મુલજી શનશની કુ... ...	ચીંચપોગલી	૧૨૦૦	૧૦૦૦	૧૨૦૦૦૦૦	૩૨૪૦૦	૫૯૨	૧૩૦૦
સ્ટાર ઓફ ઇનડીઆ મીલશ લી૦...	કે એમ હીરામાણેકની કુ.... ...	ફરગ્યુશન રોડ, પરેલ	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦૦	૪૧૫૫૨	......	૧૧૦૦
સ્વદેશી મીલશ કું૦ લી૦... ...	ટાટા એંડ શનશ	કુરલા	૩૦૦૦	૫૦૦	૧૫૦૦૦૦૦	૫૨૭૫૦	૬૫૦	૧૯૦૦
સાસુન સ૦ એંડ વી૦ કું૦ લી૦ ...	ડેવીડ શાશુનની કુ.	માઉન્ટરોડ, મઝગામ	૧૫૦૦	૧૦૦૦	૧૫૦૦૦૦૦	૫૨૨૮૪	૬૫૪	૧૮૦૦
સીટી ઓફ બોંમબે મે૦ કું૦ લી૦ ...	મનચેરજી નવરોજી બનાજીની કુ...	આલબર્ટ રોડ, ચીંચપોગલી	*૭૦૦	૧૦૦૦	૭૦૦૦૦૦	૩૨૬૮૦	......	૮૫૦
સુંદરદાસ સ૦ એંડ વી૦ મીલસ ...	મુલજી જેઠાની કુ.	ભાંયખલા ફ્લાટશ	૬૫૦	૧૦૦૦	૬૫૦૦૦૦	૧૬૬૮૦	૨૦૧	૭૨૫
હાવરડ એંડ બુલો મી૦ કું૦ લી૦...	ગ્રીવશ કોટનની કુ.	ચીંચપોગલી	૧૫૦૦	***	૬૪૭૬૦૦	૪૩૭૬૦	......	૧૨૪૧
હીંદુસ્થાન સ૦ એંડ વી૦ મીલસ કું૦ લી૦	ડાકરસી મુલજીની કુ	રીપન અને આરથર રોડ, ભાં૦	૧૨૦૦	૧૦૦૦	૧૨૦૦૦૦૦	૩૫૫૦૨	૭૦૧	૧૫૦૦
મુંબઈમાં બંધાઈ તૈયાર થતી મીલો.								
ઇનડો-ચાયના મે. કુ. લી. ...	અલાના મનજીની કુ.	શીવરી **	૬૨૫	૭૫૦	૪૬૮૭૫૦	૨૫૪૦૪	......	......
કનકેશવર સ. કુ. લી.	... ...	......	......	......	......	......	......	......
કરીમભાઇ મીલશ કુ. લી.... ...	કરીમભાઇ ઇબરાહીમની કુ... ...	ડેલેશલી રોડ, પરેલ	૮૦૦	૬૦૦	૩૧૩૮૦૦	૩૦૪૦૦	......	......
ચાયના મીલ લી.	... .	......	......	......	......	......	......	......
પીરમહમદ મે. ક. લી. ...	નેનશી સ્પેનશરની કુ. ...	હેનીશ રોડ	૯૦૦	૧૦૦	૯૦૦૦૦	૨૫૦૦૦	......	......
બલાદીના સ. એંડ મે.	હાજી અબદુલ લતીફ બલાદીનાની કુ.	લોવર માહીમ	૭૦૦	૧૦૦૦	૭૦૦૦૦૦	૨૦૪૦૦	......	......
બ્રીટનીઆ મીલસ લી૦	કે એમ હીરામાણેકની કુ...	પરેલ	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦૦	..	......	......
બોંમબે નેશનલ મે૦ કું૦ લી૦ ...	ડાકરસી નારણજીની કુ.	શીવરી	૭૦૦	૧૦૦૦	૩૧૯૦૦૦	૧૭૦૩૨	......	......
યુનીઅન મીલશ લી૦	ટીકલદાશ ગોપાલદાશની કુ. ..	પરેલ	૨૦૦૦	૧૦૦૦	૪૫૬૭૫૦	૨૦૭૫૨	......	......
યુનીઅન સ૦ એંડ મે૦ કું૦ લી૦...	લેંગની કુ	દાદર	......	......	......	......	......	......
વાડીઆ મીલસ લી.	એન. એ. હોરમારજીની કુ. ...	પરેલ	૧૦૦૦	૧૦૦૦	૧૦૦૦૦૦	૧૧૧૦૪	......	......
લોરડ રે મે૦ કું લી૦	ખોટીની કુ	ફરગ્યુશન રોડ, પરેલ	......	......	......	......	......	...
સન મીલસ લી.	આશર વીરજીની કુ.	પરેલ	૩૨૦૦	૨૫૦	......	૧૫૮૦૦	......	......
શોરાબ ઉલન એંડ કાટન મી. ક. લી.	હોરમજી આશરની કુ.	દાદર	......	......	......	......	......	......

* બીજા ૮૦૦ શેર ભરાવાના બાકી છે. ** ૭૦૦ શેર ભરાવાના બાકી છે. *** ૨૫૦૦ નાં–૧૦૦૦ શેર, ૨૩૦૦ નાં ૪૯૨ શેર.

મીલોનાં નામ.	એજંટો અથવા ધણીઓનાં નામો.	ઠેકાણું.		શેરોની સંખ્યા.	દર શેરની કીમત રૂ.	થાપણ.	સ્પીન્ડલોની સંખ્યા.	લુમો.	કામે લાગેલાં માણસો.
મુંબઈ ઈલાકાની મીલો.									
અમદાવાદ જીનીંગ એંડ મે૦ કુ૦લી...	માધવલાલ રનછોરલાલ	અમદાવાદ		*	*	૬૫૬૨૫૦	૪૧૫૦૦	૪૮૪	૧૩૩૯
અમદાવાદ મ. એંડ કેલીકોપ્રીન્ટ કુ. લી.	કરમચંદ પ્રેમચંદની કુ.	અમદાવાદ **		૪૦૦૦	૧૨૫	૫૦૦૦૦૦	૯૮૫૬	૧૬૯	૪૦૦
અમદાવાદ સ. એંડ વી. કુ. ...	રણછોડલાલ છોટાલાલ	અમદાવાદ	}	૬૫૪ ૬૫૪	૧૦૦૦ ૪૨૫	૯૩૧૯૫૦	૨૮૫૨૪	૪૦૮	૧૨૯૦
અમબીકા સ૦ એંડ મે. કુ. લી. ...	મોતીલાલ રવીચંદ	અમદાવાદ ***		૬૦૦	૧૦૦૦ ૫૦૦	૪૪૨૫૦૦	૧૫૩૩૬	૧૨૫	૫૨૫
આલફ્રેડ મે૦ કું૦ લી૦... ..	ગ્રીવશ કોટનની કુ.	ભરૂચ		૧૦૦૦	૫૦૦	૫૦૦૦૦૦	૨૦૧૧૪	૧૫૦	૫૬૫
આલબરટ એડવરડ મીલશ કું. લી...	,, ,, ...	ભરૂચ		૧૦૦૦	૫૦૦	૫૦૦૦૦૦	૬૦૩૪	......	૫૯૯
ખાનદેશ સ૦ એંડ વી૦ મીલ્સ કું૦લી૦	મુલજી જેઠાની કુ.	જલગામ		૭૫૦	૧૦૦૦	૭૫૦૦૦૦	૧૭૯૯૬	૨૨૪	૭૫૪
ગુજરાત જીનીંગ એંડ મે૦ કુ૦ લી ...	જમનાભાઇ મનસુખભાઇ	અમદાવાદ		†૯૨૪	૧૧૨૫	૫૧૯૭૫૦	૨૦૭૯૪	......	૬૬૧
ગુજરાત સ૦ એંડ વી. કુ૦ લી ...	જમનાભાઇ મનશુખભાઇની કુ. ...	અમદાવાદ		૪૨૦	૧૦૦૦	૪૨૦૦૦૦	૧૬૭૨૮	૩૭૦	૭૫૦
ગુલામબાબા સ૦ એંડ વી૦ કુ૦ લી૦	ફકીરભાઇ તુલજારામ, શેક્રેટરી. ..	સુરત	{ અસલ વધારેલા.	૧૦૦૦ ૧૦૦૦	૫૦૦ ૨૫૦	૭૫૦૦૦૦	૧૫૬૧૨	......	૫૩૨
ગોકાક વોટર પાવર એંડ મે૦ કું૦ લી૦	રીચી સ્ટુઅરટની કુ.	ગોકાકફોલશ—બેલગામ		૧૦૦૦૦	પાં.૧૦	૧૨૦૦૦૦૦	૨૦૭૩૬	......	૬૮૦
જાફર-અલી સ૦ એંડ વી૦ કુ૦ લી૦...	ગોરધનદાશ ગોકલદાશ, શેક્રેટરી ...	સુરત	{ ઓરીજીનલ વધેલા.	૬૦૦ ૧૪૮૩	૫૦૦ ૨૫૦	૬૭૦૭૫૦	૧૬૪૪૬	૧૫૦	૫૦૦
ત્રીકમલાલ હરીલાલ સ. એંડ મે. કુ.લી.	ત્રીકમલાલ હરીલાલ	અમદાવાદ		૬૦૦	૩૦૦	૧૧૧૦૦૦	૧૪૬૪૦	......	......
બરોડા સ્ટેટશ સ૦ એંડ વીવીંગ મીલસ	હી. હા. ધી મહારાજા ગાયકવાડ(ધણી)	બરોડા		......	......	૬૩૫૮૦૦	૧૩૭૪૦	૨૦૦	૬૬૫
બેગ મહમદ મીલ (ખાનગી માલેક)...	બેગ મહમદ હાજી અબદુલ રેમાન...	શુરત		......	......	૩૮૬૦૦૦	૧૦૪૬૨	......	......
બેચરદાસ સ૦ એંડ વીવીંગ મીલસ (ખાનગી માલેક)...	રાવ બહાદુર બેચરદાશ અમબાઇદાશ સી. એસ. આઇ (ધણી)...	અમદાવાદ		......	......	૭૫૦૦૦૦	૨૦૨૧૬	૩૦૪	૫૩૧
મનોર મીલ (ખાનગી માલેક) ...	મનોરદાશ હરખચંદ (માલેક) ...	નરીયાદ		......	......	....	૧૩૨૫૨	......	૪૦૬
મોફશીલ કોટન મે૦ કું૦ ...	શામજી લધાની કુ.નેબીજાઓ(ધણીઓ)	ભરૂચ		......	......	૩૦૦૦૦૦	૨૦૧૯૮	૨૦૦	૫૨૫
વીરમગામ સ૦ એંડ મે૦ કુ૦ લી૦ ...	વીટલ એંડ કુ	વીરમગામ		૮૦૦	૫૦૦	૪૦૦૦૦૦	૧૫૦૮૬	૧૩૮	૪૫૩
વેનીશંકર લક્ષ્મીશંકર કોટન મી. કુ. લી.	વેનીશંકર લક્ષ્મીશંકરની કું૦ ...	ભાવનગર		૯૦૦	૫૦૦	૪૫૦૦૦૦	૧૦૫૭૬	૧૭૫	૪૩૦
શધરન મરાઠા સ૦ એ૦ વી૦ કું૦ લી૦	પી કોશટલની કુ	હુબલી		૨૩૮૯	૨૫૦	૫૯૭૨૫૦	૧૮૯૬૦	......	૭૦૦

* A આખા ૩૫૦ શેર દર રૂ૧૦૦૦ ના, A અરધા ૩૫૦ શેર દર રૂ૫૦૦ ના, B આખા ૩૫૦ શેર દર રૂ૨૦૦ ના, B અરધા ૩૫૦ શેર દર ૧૦૦ ના.
** એના ૬૦૦૦ શેર એલોટ થવા વમરના છે. *** ૩૦૦ શેર રૂ૧૦૦૦ ના, ૩૦૦ શેર રૂ૫૦૦ ના. † રૂ૧૦૦૦ ના ૪૬૨ શેર અને રૂ૧૨૫ ના ૪૬૨ શેર.

મીલોના નામ.	એજંટો અથવા ધણીઓના નામો.	ઠેકાણું.		શેરોની સંખ્યા.	દર શેરની કીંમત રૂ.	થાપણ.	સ્પીનદ લોની સંખ્યા.	લુમો	કામે લાગેલાં માણસો.
શોલાપુર સ૦ એન્ડ વી૦ કું૦ લી૦ ...	મોરારજી ગોકલદાશની કુ...	શોલાપુર		૮૦૦	૧૦૦૦	૬૭૮૫૦૦	૨૫૧૬૦	૨૦૦	૭૮૫
બીરાર.									
ઓરંગાબાદ મીલશ (ખાનગી માલેક)	સી. અફીલાંદઇયા કુ. (ધણી ઓ)	ઓરંગાબાદ		......	......	....	૧૬૫૦૦	૧૨૪	૫૧૫
બીરાર મે૦ કું૦ લી૦	જાંગીર હોરમજીની કુ.	બદનેરા	ભરાયલા	૨૭૫૦ ૨૨૧૪	૨૦૦	૪૫૨૮૦૦	૧૭૦૨૪	૨૧૪	૫૨૨
સેનટરલ પ્રોવીનશીશ.									
ગોકલદાશ બલબદાશ કાટન મે૦કું૦લી૦	રાવ બહાદુર બલબદાશ જીવનદાશ ...	જબલપુર		૧૬૦૦	૫૦૦	૫૨૭૦૦૦	૧૧૬૩૨	૧૦૦	૫૨૦
શેનટરલ ઇન્ડીયા સ૦વી૦ એન્ડ મે.કુ.લી.	બેજનજી દાદાભાઇ, મેનેજર ...	નાગપુર	પેહેલા બીજા	૩૦૦૦ ૧૫૦૦	૫૦૦ ૨૫૦	૧૮૭૫૦૦૦	૩૭૮૪૦	૫૦૦	૨૫૪૬
હીંગનઘાટ મીલ કુ૦ લી૦... ..	કેશવ શીવરામ	હીંગનઘાટ		૭૦૦	૫૦૦	૩૫૦૦૦૦	૧૮૨૪૮	......	૭૨૮
નીજામ હેદરાબાદ.									
મેહબુબશાહી કુલબરગા મીલસ કુ. લી.	સી. સભાપતી તથઆબની કુ. ...	કુલબરગા		૨૪૦૦	૫૦૦	૫૭૯૧૫૦	૨૦૦૦૦	૨૨૦	૮૩૫
હેદરાબાદ (દકન) સ૦ એન્ડ વી.કુ.લી.	જે. સેમુર કી. હેદરાબાદ ... / જોન ફલેમીગની કુ. મુંબઇ...	હેદરાબાદ		૭૦૦	૧૦૦૦	૭૦૦૦૦૦	૧૫૧૭૨	૨૦૫	૭૦૦
મધ્ય હીંદુસ્તાન.									
હી.હા. હોલકરસ. કોટન સ.એન્ડ વી.મી	હી. હા. મહારાજા હોલકર (ધણી) ...	ઇંદોર		....	......	૮૦૦૦૦૦	૨૬૦૩૬	૪૬૪	૭૧૪
બેંગાલ ઇલાકો.									
એમપ્રેસ ઓફ ઇન્ડીયા કોટન મીલ્શ કુ૦	ડી. બી. મેહુતાની કુ.	સામપુર, કલકતા		૧૭૫૦	૫૦૦	૮૭૫૦૦૦	૩૨૨૫૬	... ..	૮૦૦
કલકતા કાટન મી. કું. લી. (બંધાય છે.)	આર. જી. પાલમરની કું.... ...	ગુજરી		૫૦૦૦	૫૦	૨૫૦૦૦૦	૨૦૦૦૦	....	....
ગારડન રીચ સ૦ એન્ડ મે૦ કુ૦ લી૦...	મેકીનોન મેકેનજીની કુ.	કલકતા	ભરાયલા	૧૦૦૦૦ ૪૩૫૦	પાંઉંડ ૨૦	પાઉંડ.૮૭૦૦૦ રૂ. ૧૩૦૫૦૦૦	૩૨૪૦૦	......	૧૦૦૦
ગુજરી કોટન મીલશ કુ૦ લી૦ ...	રોબીનસન, મોરીશન કુ.	કલકતા		૭૫૦૦	૨૦૦૦	૧૫૦૦૦૦૦	૪૧૯૪૨	......	૧૩૦૦
ડનબાર કોટન મીલ લી૦	કીલબરન કુ.	શામનગર, કલકતા	ભરાયલા	૨૦૦૦૦ ૧૩૨૮૫	૧૦૦	૧૩૨૮૫૦૦	૪૭૮૮૪	...	૧૩૦૦
બેંગાલ મીલશ કુ૦ લી૦	એનદરૂ યુલ કુ....	કલકતા	જુના નવા.	૮૦૦૦ ૪૦૦૦	નહીંવ૦ ૧૦ પા. ૧ પા.	પાઉંડ ૮૪૦૦૦ રૂ. ૧૨૬૦૦૦૦	૩૦૨૯૬	......	૯૫૦
બવરીહા કોટન મી૦ કુ૦ લી૦ ...	કેટલ વેલ, બુલનની કુ.	બવેરીહા		૧૮૦૦૦	૧૦૦	૧૮૦૦૦૦૦	૪૫૦૦૦	......	૯૫૦

મીલોના નામ.	એજંટો અથવા ધણીઓના નામો.	ઠેકાણું.	શેરોની સંખ્યા.	દર શેરની કીંમત રૂ.	થાપણ.	સ્પીનડલોની સંખ્યા.	લુમો	કામે લાગેલાં માણસો.
વાવ્ય પ્રાંત અને આઉદ.								
આગ્રા સ. એંડ વી. મીલશ કુ. લી.	માનસીંગ અને સીતારામ	રાજગઢ-આગ્રા	૫૦૦૦	૧૦૦	૪૦૧૨૦૦	૧૦૭૦૦	૨૦૩	૫૩૯
એલજીન મીલશ (ખાનગી માલેક)	જે. એમ. ડી. ડનબાર (ધણી)	કાનપુર	......	......	....	૩૧૩૦૦	૩૮૭	૧૨૦૦
કાનપોર કોટન મીલશ કું૦ લી૦	જોન હારવુદ, મેનેજીંગ ડાયરેકટર	કાનપુર	૧૦૦૦૦	૧૦૦	૧૦૦૦૦૦૦	૩૨૪૦૦	૨૦૦	૧૦૦૦
મીયુર મીલશ કુ૦ લી૦	દબલ્યુ હીલ	કાનપુર	૭૫૦૦	૨૦૦	૧૫૦૦૦૦૦	૪૨૬૬૦	૧૨૧૬	૧૮૬૩
વીકટોરીઆ મીલશ કુ૦ લી૦	એ વેસ્ટ	કાનપુર	૫૦૦૦	૧૦૦	૩૨૧૧૦૦	૧૨૨૯૮	૧૨૭	૩૧૦
મદરાશ ઇલાકો.								
કરનાટીક મીલ કુ૦ લી૦	બીનીની કુંપની	મદરાસ	૨૦૦૦	૫૦૦	૧૦૦૦૦૦૦	૨૬૬૫૬	૩૭૦	૧૧૫૦
કોઇંબટોર સ૦ એંડ વી૦ કુ૦ લી૦	આરબથનોટની કુ. (મદરાસ)	કોઇમબતુર	બંધાય છે.		....	......	......	....
કોરલ મીલશ કુ૦ લી૦	એ એંડ એફ હારવી	તુતીકોરીન	૮૦૦૦	૧૦૦	૫૫૫૭૫૦	૧૦૦૦૦	......	૩૩૦
તીનાવલી મીલશ કુ૦ લી૦	” ”	અમબાસમુદ્રમ	૧૬૦૧	૨૫૦	૩૮૨૫૦૦	૧૫૮૮૮	......	૪૫૦
બકીંગગામ મીલ કુ૦ લી૦	બીની એંડ કુ	મદરાસ	૭૦૦	૧૦૦૦	૭૦૦૦૦૦	૩૫૧૪૦	......	૧૦૦૦
બેલારી સ૦ એંડ વી૦ કુ૦ લી૦	એ સબાપતી મુદીલીઆર કુ.	બેલારી	૮૭૧	૫૦૦	૪૩૫૫૦૦	૧૫૭૯૨	૧૦૦	૫૨૩
મદરાસ યુનાઇટેડ સ. એંડ વી.મી.કુ.લી.	મુલજી જેઠાની કુ.	મદરાસ	૫૦૦½	૧૦૦૦	૫૦૦૫૦૦	૨૩૦૬૪	....	૫૦૮
મલબાર સ૦ એંડ વી૦ કુ૦ લી૦	કલીઆનજી શુંદરજીની કુ. કલીકત વંદ્રાવનદાશપરશોતમદાસ શનશમુંબઇ	કલીકત	૩૦૦૦	૨૦૦	૬૦૦૦૦૦	૧૦૮૦૦	......	૨૬૦
શધરન ઇનડીયા સ૦ એંડ વી૦ કુ૦ લી૦	જાંગીર હોરમજીની કુ	મદરાસ	૧૦૦૦	૫૦૦	૫૦૦૦૦૦	૧૫૪૬૦	...	૪૫૦
ત્રાવણકોર.								
દરશ સ૦ મીલ (ખાનગી માલેક)	જેમશ દરાશ. (ધણી)	કુવીલોન-ત્રાવણકોર	......	......	... .	૨૫૪૮૮	......	૬૭૫
માઇશોર.								
બેંગલોર વુલન, કોટન, એંડ શીલક મીલશ કું.લી.	બીની એંડ કુ. (મદરાસ)	બેંગલોર	૪૦૦૦	૧૦૦	૪૦૦૦૦૦	૮૦૨૪	......	૪૭૫
માહારાજા ઓફમાયશુર સ. એંડ મે.કુ.લી	જેમશ સ્કોટની કુ.(મુંબઇ)	બેંગલોર	૪૫૦૦	૧૦૦	૪૧૭૦૦૦	૧૫૧૪૮	......	૪૦૫
પોંનડી-ચેરી.								
સવાના શોસીએટી એનોનીમ	જી કોરનેટ, મેનેજીંગ ડાયરેકટર	પોનડીચરી	૧૦૦૦	ફ્રેન્કશ ૫૦૦	ફ્રૅ. ૫૦૦૦૦૦ રૂ. ૨૯૪૧૧૫૦	૨૨૮૦૦	૪૫૪	૧૫૦૦
શીલોન.								
શીલોન સ. એંડ વી.કુ.લી.(બંધાયછે)	ડારલી બટલરની કુ.	કોલંબો	......	......	....	૧૦૦૦૦	૧૫૦	......

દાંતના ખાસ ડાકટર

ડાકટર ફ. એ. દાવર.

ઠેકાંણું—ટેલર હોટેલ ત્રીચરની દુકાનની સાંમે.

લંડનની ખુદ દાંતની આસપીતાલ અને કોલેજમા લાંબો અનુભવ મેલવી આજવેર પેહેલા અને એખલા પસાર થઇ આવેઆછે, અને દાંતને લગતું સરવે કામ વેલાતની અને અમેરીકાની હાલની રીતે કરેછે.

સડેલા દાંત ગમે એવા દુખતા હોય તે દરદ મતાદી સાફ કરી ટુક મુદતમાં ખરાં સોનાંથી પુરેછે, જે કદી પાછુ નીકલતું નથી, અને દાંત પાછા કોહતા નથી.

ખુદરતી ભાગી ગએલા દાંતની મજબુત જર કાહડી નાખવાને બદલે તેમાંજ બનાવતી દાંત બેમાલુમ મુકી આપવામાં આવેછે, જેથી કશુ રબર કે પતરીની અગત પડતી નથી.

વાંકાંતીકા ખુદરતી દાંતને ચોકસ રીતે શીધા કલીબંધ અને શોભાયમાણ કરવામાં આવેછે અને તેથી ચેહરાનાં રૂપમાં શુધારો થાએછે. હમારી રીતે મુદલ મોઢું સુજી આવતું નથી, અથવા કાંઇપણ ઇજા થતી નથી.

બેહદ સડેલા અને દરદી દાંત દવા લગાડયાથી અથવા ગેસ આપયાથી વગર ઇજા આપવે બેમાલમ કાહડવામાં આવેછે.

મોઢાંના, દાંતના, પારાના તથા જબાંના સરવે દરદોનો ખાસ અ ભીઆસ કીધેલો હોવાથી તેના ખાસ ઇલાજ કરવામાં આવેછે.

બેદરકારીથી અથવા બીજાં કારણોથી દાંતપર લીલ બંધાયાથી મોહ વાસ મારેછે, પારા ખવાઇ જાએ છે, અને દાંત ધીલા પડી જાએછે, તેનો અતકાવ કરવા, વગર ઇજાએ દાંત સાફ કરવામાં આવેછે, અને ગમે એવા મેલા થયા હોયછે, તેને અસલ જેવા સફેદ કરવામાં આવેછે, અને મોઢાંની બો દુર થાએ છે.

બનાવતી દાંત: એકથી તે આખી બતરીસા રબરમાં "શેલ્યુલોઇદ" સોનાં તથા બીજી ધાતુમાં તેમજ "પલેતીના" તથા કોરીમા, તરેહવાર રીતે બનાવવામાં આવે છે, જેથી સરવે, માતબર તેમજ મધીઅમ શકતીના ધરાહકોને દાંત કરાવવાને સવલ પડેછે. હમારા મુકેલા દાંત ખુદરતીને એવા મલતા બનાવવામાં આવેછે કે મોહમાં પેહરયા પછી કોઇપણ પારખી શકતું નથી; અને હાલની નવી અમેરીકન રીતે કમાંન, ચાંપ, કે પકર વગર બેસાડવામાં આવેછે જેથી કાંઇપણ ઇજા થતી નથી. તેમનેથી સરવે ચીજ ચાવી શકાય છે, જેથી ખોરાક પચે છે અને તનદરોસતી સુધરેછે.

હાઈ કોરટના જરથોસતી વકીલો.

અરદેશર નશરવાંનજી પલીડર, ૧૮૮૯.
અરદેશર બેજનજી, ૧૮૭૩.
એદલજી કાવશાજી મશાંની, ૧૮૭૨.
*કાવશાજી બેજનજી શેઠના, ૧૮૮૧.
કેખશરૂ હોરમજીઆલપઈવાલા, ૧૮૬૩. (સુરત)
કેરશાસપજી રૂસતમજી દાદાચાંનજી, ૧૮૭૧.(વરોડરા)
જમશેદજી દોરાબજી ખંડાલેવાલા.
*જમશેદજી બેરાંમજી કાંગા, ૧૮૮૩.
જેહાંગીર એદલજી મોદી, ૧૮૭૯.(વીરમગામના શબજડજ)
ટેમુરશ નવરોજી શનજાના, ૧૮૮૬.(શીનાર-નાશક)
દીનશાહ જીજીભાઈ ડાકટર, ૧૮૮૭.
*ધનજીશા કુવરજી પટેલ.
નવરોજી દોરાબજી ખંડાલેવાલા, ૧૮૭૪.(અમદાવાદ સમાલ
*નવરોજી બેરાંમજી કાકા, ૧૮૮૩.(કપડવંજ) [કાજનાજડજ)
નશરવાંનજી નવરોજી, ૧૮૬૯.
પીરોશા નશરવાંનજી પલીડર, ૧૮૮૭.
ફરદુનજી પાલનજી પાવરી, ૧૮૮૬.
ફરદુનજી માંણેકજી કાંગા, ૧૮૮૨.

ફરાંમજી કેખસરૂ પાટક, ૧૮૭૪.
બરજોરજી એદલજી મોદી, ૧૮૭૩. (શુરતના સબજડજ)
*બરજોરજી નશરવાંનજી વકીલ, ૧૮૮૩. (શુરત)
બેજનજી માંણેકજી જંબુસરવાલા, ૧૮૮૮.
માંણેકશા જાંહાંગીરશા તાલેયારખાં, ૧૮૭૧.
માંણેકજી નશરવાંનજી નાણાવટી, ૧૮૭૧. (રતનાગીરી)
માંણેકજી દોરાબજી કાંગા, ૧૮૮૫.
મેરજીભાઈ કુંવરજી તારાપોરવાલા, ૧૮૭૪ (કોલાપુર)
મેરવાંનજી પેશતનજી દારૂખાનાવાલા, ૧૮૮૭.
રતનશા એરચશા કોહીઆર, ૧૮૭૫.
રૂશતમજી મનચેરજી ગાંમી, ૧૮૮૨.(ગોધરાના શબજડજ)
રૂશતમ બમનશા, ૧૮૮૩.
રૂશતમજી મેરવાંનજી પટેલ, ૧૮૭૩.
શોરાબજી ફરાંમજી બીલીમોરીઆ, ૧૮૮૭.
શોરાબજી બેજનજી, ૧૮૭૦.
શોરાબજી માંણેકજી કાંગા, ૧૮૮૩
હોરમજી દાદાભાઈ, ૧૮૬૪. (સમાલકાજ કોરટના જડજ)
*હોસંગજી બરજોરજી વાણીયા, ૧૮૮૩. (દોહલ)

* હાવી નીશાંનીવાલાઓએ હાઈ કોરટના વકીલની શાથે ડીસટરીકટ પલીડરોની પણ શનદ મેલવી છે—તે ઉપરાંત બીજા

ડીસટરીકટ પલીડરો.

જીવણજી દીનશા ગાંધી, ૧૮૮૬, શુરત.
જીવાજી કાવશાજી ભરૂચા, ૧૮૮૪, પુણા.
પેશતનજી હીરજીભાઈ અંકલેશરીઆ, ૧૮૮૩, પુણા.
મંનચેરશા નાનાભાઈ રાણીના, ૧૮૮૮, મઊ.

માંણેકજી પેશતનજી મોદી, ૧૮૮૩, અમદાવાદ.
શોરાબ પેશતનજી માશટર, ૧૮૮૨, અમદાવાદ.
હોરમજી હીરજીભાઈ વાડીઆ, ૧૮૮૨, અમદાવાદ.

જરથોસતી (શોલીશીટર) વકીલો.

અરદેશર ફરાંમજી ધાશવાલા, ૧૮૭૪.*
જમશેદજી કાવશાજી પટેલ.*
જમશેદજી ખરશેદજી કામા, ૧૮૭૩.*
જીવાજી દીનશાજી ગાંધી, ૧૮૮૪.
દીનશા જીજીભાઈ ડાકટર, ૧૮૮૬.
પેશતનજી કાવશાજી, ૧૮૭૫.*
ફરાંમજી રૂશતમજી વાડીઆ, ૧૮૮૪.

બમનજી પીરોશા પુણેવાલા, ૧૮૭૫.*
રૂશતમ ખરશેદજી કામા, ૧૮૮૪.*
રૂશતીમ ડોશાભાઈ બેજનજી ડાકટર.
શોરાબજી માંણેકજી કાંગા, ૧૮૮૫.*
હોરમજી નશરવાંનજી વકીલ, ૧૮૮૦.
હોરમજી મનચેરજી ચીચગર, ૧૮૭૭.
હોરમજી શાપુરજી ચોઠીઆ.

* હાવી નીશાંનવાલા શોલીશીટરોએ ઉપલી હાઈ કોરટના વકીલોની શનદ પણ મેલવેલી છે.

જરથોસતી બારીસટરો.

અરદેશર કાવશાજી શેઠના, ૧૮૮૫. (અમદાવાદ)
અરદેશર બેરાંમજી કાપડીઆ, ૧૮૭૨.
અરદેશર રૂસતમજી પેશતનજી કાપડીઆ, ૧૮૮૭.
એદલજી જમશેદજી ખોરી, ૧૮૮૨ (રંગુન)
ખરશેદજી માંણેકજી ખરશેદજી સરાફ, ૧૮૬૯.(સમાલકાજના
જમશેદજી જીવનજી ગજદર, ૧૮૭૧ (ઈંગલંડ.) [જડજ.)
જીજીભાઈ એદલજી મોદી, ૧૮૮૫.
જેહાંગીર ડોશાભાઈ ફરાંમજી કરાકા, ૧૮૮૭.
ડોશાભાઈ મેરવાંનજી કરાકા, ૧૮૮૯.
દીનશાજી ધનજીભાઈ દાવર, ૧૮૮૦.
નવરોજી દાદાભાઈ આલબલેસ, ૧૮૮૮.
નવરોજી પેશતનજી કામા, ૧૮૭૬.
નવસેજજી રૂશતમજી મોટાભાઈ, ૧૮૭૮.

નશરવાંનજી ફરાંમજી ભંડારા, ૧૮૮૨. (હેદરાબાદ)
હાંનરેબલ પીરોજશા મેરવાંનજી મેહેતા, ૧૮૬૮.
ફરાંમજી રૂશતમજી વીકાજી, ૧૮૭૩.
મનચેરજી દાદાભાઈ દાદીશેઠ, ૧૮૮૩ (શુરત.)
મનચેરજી મેરવાંનજી ભાવનગરી, ૧૮૮૫.
માંણેકજી બેરાંમજી રેજીસટરાર, ૧૮૮૭.
રૂસતમજી બેરાંમજી કોલાબેવાલા, ૧૮૮૮.
રૂશતમજી મનજીભાઈ શેઠના, ૧૮૮૪
લવજી મેરવાંનજી વાહાડીઆ, ૧૮૮૭. (અમદાવાદ)
લીમજી નવરોજી બનાજી, ૧૮૬૯. (પરોથોનોટરીના હેડ
એ૦, અને એફીડેવીટ કમીશનર.)
શાપુરજી કાવશાજી શાણજાણા, ૧૮૮૪.
હોરમજી અરદેશર વાડીઆ, ૧૮૭૦ (રાજકોટ.)

હીંદુસ્થાનના મુખ્ય દેશી રાજ્યો.

મુલકનું નામ.	રાજાનું નામ.	કીઆ ઇલાકામાં આવેલા છે.	રાજનો વીસતાર ચોરસ માઇલ.	વસતી કેટલાં માણસોની.	મેહસુલ રૂપીઆ.
અજેગર.	હીઝ હાઇનેસ માહારાજા સવાઇ રનજોર સીંગ બાહાદુર	મ૦હીંદુસ્થાન	૮૦૨	૮૧૪૫૪	૨૨૫૦૦૦
અલવર.	લેફતનનત કરનલ હી૦ હા૦ માહારાવ રાજા સવાઇ સર મંગલ સીંગ બાહાદુર જી. સી. એસ. આઇ....	રજપુતાના	૩૦૨૪	૬૮૨૯૨૬	૨૩૦૦૦૦૦
અલીરાજપુર	રાણા વજેસીંગ.	મ૦ હીં૦	૮૩૬	૫૬૮૨૭	૧૦૦૦૦૦
ઇદર.	હી૦ હા૦ માહારાજા શ્રી સર કેસરીસીંગજી જવાનસીંગજી કે. સી. એસ. આઇ. ...	મુંબઇ.	૪૯૬૬	૨૫૮૪૨૯	૫૫૨૦૦૦
ઇંદોર.	હી૦ હા૦ માહારાજ અધીરાજ રાજ રાજેશવર સવાઇ સર શીવાજીરાવ હોલકર બાદુર જી.સી.એસ.આઈ.	મ૦ હીં૦	૮૪૦૦	૧૦૫૪૨૩૭	૭૫૦૦૦૦૦
ઉદેપુર	(જુવોમેવાર)				
ઓરછા.	હી૦ હા૦ સરામદી રાજાએ બુદેલખંદ માહારાજા મહીનદ્રા સવાઇ પરતાપસીંગ બહાદુર.	,,	૧૯૩૩	૩૧૧૫૧૪	૯૦૦૦૦૦
કચ્છ.	હી૦હા૦ માહારાવ શ્રી મીરઝા રાજા સવાઈ સર ખેંગારજી બાહાદુર જી. સી. આઇ. ઈ...	મુંબઇ.	૬૫૦૦	૫૧૨૦૮૪	૧૮૭૦૦૦૦
કપુરથાલા.	હી૦ હા૦ ફરઝંદે દીલબંદ રસીખુલ એતેકાદ દોલતે ઇંગલીશીઆ રાજાએ રાજગાન રાજા જગતજીતસીંગ બાહાદુર... ...	પંજાબ.	૫૯૮	૨૫૨૬૧૭	૧૦૦૦૦૦૦
કરઉલી.	હી૦ હા૦ માહારાજા ભોનવાર પાલ દેવ બાહાદુર ગદુકલ ચંદ્રભાલ.	રજપુતાના	૧૨૦૮	૧૪૮૬૭૦	૫૦૦૦૦૦
કહલર.	હી૦ હા૦ રાજા અમરચંદ	બીલાસપુર (પંજાબ.)	૪૪૮	૮૬૫૪૬	૧૦૦૦૦૦
કીશનગર.	હી૦હા૦મહારાજ અધીરાજ સરદુલસીંગ બહાદુર	રજપુતાના	૭૨૪	૧૧૨૬૩૩	૨૮૦૦૦૦
કુચબહાર.	લેફટનન્ટ કરનલ હી૦હા૦મહારાજા સર નરીપેંદ્રા નારાયણ મુપ બહાદુર જી. સી. આઈ. ઇ.	બંગાલ.	૧૩૦૭	૬૦૨૬૨૪	૧૩૩૨૦૦૦
કેલાત.	હી૦ હા૦ બેગલરબેગી મીર સર મહમુદ ખોદાદાદ ખાન જી. સી. એસ. આઇ.	બલુચીસ્થાન.	૮૦૦૦૦	૩૫૦૦૦૦	૩૦૦૦૦૦
કોચીન.	હી૦હા૦રાજા સર વીર કરેલા વરયા કે.સી.આઇ.ઇ	મદરાસ.	૧૩૬૧	૬૦૦૨૭૮	૧૬૧૮૦૦૦
કોતહ.	હી૦હા૦ માહારાવ શત્રુ સલ બાહાદુર	રજપુતાના	૩૭૯૭	૫૧૭૨૭૫	૨૯૫૦૦૦૦
કોહલાપુર.	હી૦ હા૦ શાહુ છત્રપતી માહારાજ	મુંબઇ.	૨૮૧૬	૮૦૦૧૮૯	૩૧૨૫૦૦૦
ખંભાત	હી૦હા૦નવાબ જાફરઅલી ખાનશાહેબ બહાદુર	,,	૩૫૦	૮૬૦૭૪	૬૫૦૦૦૦
ખરોંડ(કાલાહાંડી)	રાજા રઘુ કેશરદેવ	મધ્ય પ્રાંત	૩૭૪૫	૨૪૧૫૪૮	....
ખીલચીપુર.	રાવ બાહાદુર અમરસીંગજી	મ૦ હીં૦	૨૭૨	૩૬૧૨૫	૧૭૫૦૦૦
ખેરપુર (સીંધ)	હી૦હા૦ મીર અલી મુરાદખાન	મુંબઇ.	૬૧૦૯	૧૨૯૧૫૩	૬૩૦૦૦૦
ગવાલીઅર.	હી૦ હા૦ મુખતરૂલમુલ્ક અઝીમઉલ એકતેદાર રફીઉસશાન વાલા શીકોહ મોહતશામે દઉરાન ઉમદતુલ ઉમરા માહારાજા અધીરાજ અલીજા હીઝમુસ સલતનત માહારાજા માધુરાવ સીંધીઆ બાહાદુર શ્રીનાથ મનસુરે ઝમાન ફીદવીએ હઝરતે મલીકએ મુઅઝમાઇ રફી ઉદ દરાજયે ઇંગલીસતાન...	મ૦ હીં૦	૨૯૦૪૬	૨૯૯૩૬૫૨	૧૨૦૦૦૦૦૦

મુલકનું નામ.	રાજાનું નામ.	કીઆ ઈલાકામાં આવેલા છે.	રાજનો વીસતાર ચોરસ માઈલ.	વસતી કેટલાં માણસોની.	મેહશુલ રૂપીઆ.
ગોંડલ.	હી॰ હા॰ સર ભગવતસીંગજી સગરામજી કે. સી. આઇ. ઇ	મુંબઇ.	૧૦૨૪	૧૩૫૬૦૪	૧૦૦૦૦૦૦
ચરખારી.	હી॰ હા॰ માહારાજા અધીરજ સીપાહ દારૂલ મુલ્ક મલખાનસીંગ બાહાદુર	મ॰ હીં॰	૭૮૭	૧૪૩૦૧૫	૫૦૦૦૦૦
ચંમબા.	હી॰ હા॰ રાજા શામ સીંગ	પંજાબ.	૩૦૯૨	૧૧૫૭૭૩	૨૩૫૦૦૦
છત્રપુર.	હી॰ હા॰ રાજા વીશવનાથસીંગ	મ॰ હીં॰	૧૧૬૯	૧૬૭૭૦૦	૨૫૦૦૦૦
છોટા ઉદેપુર.	માહારાવલ શ્રી મોતીસીંગજી	મુંબઇ.	૮૭૩	૭૧૨૧૮	૧૭૬૦૦૦
જંજીરા.	નવાબ સીદી અહમદખાન ...	મુંબઇ.	૩૨૪	૭૬૩૬૧	૪૬૩૦૦૦
જમ્બુઆ.	હી॰ હા॰ રાજા ગોપાલસીંગ	મ॰ હીં॰	૧૩૩૬	૯૨૯૩૮	૨૨૫૦૦૦
જમુ અને કાશમીર	કરનલ હી॰ હા॰ માહારાજા પરતાપસીંગ ઈંદર મહીનદર બાહાદુર સીતારે હીંદ ...	....	૭૯૭૮૪	૧૫૩૪૯૭૨	૮૦૭૬૦૦૦
જાલાવર.	હી॰ હા॰ મહારાજ રાણા ઝાલીમસીંગ બાહાદુર.	રજપુતાના	૨૬૯૪	૩૪૦૪૮૮	૧૫૦૦૦૦૦
જીંડ.	હી॰ હા॰ ફરઝ દે દીલબંદ રસીખુલ એતેકાદ દૌલતે ઇંગલાશીઆ રાજાએ રાજગાન રાજા રંબીરસીંગ બાહાદુર	પનજાબ.	૧૨૫૯	૨૪૯૮૬૨	૬૦૦૦૦૦
જુનાગડ.	હી॰ હા॰ બાહાદરખાનજી મોહબતખાનજી...	મુંબઇ.	૩૨૭૯	૩૮૭૪૯૯	૨૨૦૦૦૦૦
જેપુર.	હી॰ હા॰ સરમદે રાજાએ હીંદુસ્થાન રાજ રાજીંદ્ર શ્રી માહારાજ અધીરાજ સવાઇ સર માધુસીંગ બહાદુર જી. સી. આઇ. ઇ.	રજપુતાના	૧૪૪૬૫	૨૫૩૪૩૫૭	૫૦૦૦૦૦૦
જેસલમીર.	હી॰ હા॰ મહારાજ અધીરાજ માહારાવલ બયરીસાલ બાહાદુર...	રજપુતાના	૧૬૪૪૭	૧૦૮૧૪૩	૧૨૦૦૦૦
જોધપુર.	(જુઓ મારવાર)				
ડુંગરપુર.	હી॰ હા॰ માહારાવલ ઉદેસીંગ બાહાદુર ..	....	૧૦૦૦	૧૫૩૩૮૧	૨૦૦૦૦૦
ત્રાવનકોર.	હી॰ હા॰ શ્રી પદમનાભા ડીસાનાનજી સર બલારામા વરમા કુલેશેખારા કીરીતાપતા મની સુલતાન માહારાજા રાજા રામારાજા બહાદુર શમશેર જંગ જી સી. એસ. આઇ.	મધરાસ.	૬૭૩૦	૨૪૦૧૧૫૮	૬૬૬૬૦૦૦
તીપેરા.	હી॰ હા॰ માહારાજા બીરચંદ્ર મનીકીઆ દેબ બરમાન	બંગાલ.	૪૦૮૬	૯૫૬૩૭	૨૬૩૮૮૪
તેહરી.	હી॰ હા॰ રાજા કીરતી શાહ	ગરવાલ.	૪૧૮૦	૧૯૯૮૩૬	૧૪૨૦૦૦
તોંક.	હી॰ હા॰ અમીન ઉદ દૌલાહ વઝીર-ઉલ-મુલ્ક નવાબ મોહમદ ઇબરાહીમ અલી ખાન બાહાદુર સઉલત જંગ	(વાલ્ય માત) રજપુતાના	૨૫૦૯	૩૩૮૦૨૯	૧૨૦૦૦૦૦
દાતીઆ.	હી. હા. માહારાજા લોકીનદર ભવાનીસીંગ બહાદુર.	મ૦ હીં૦	૮૩૬	૧૮૨૫૯૮	૧૦૦૦૦૦૦
દીવાસ. (મોટી સાખા)	હી॰હા॰ રાજા કીશનાજીરાવ પુઆર. ...	,,	૧૩૭૮	૭૩૯૪૦	૨[illegible]૮૦૦૦
દીવાસ (નાની સાખા)	હી॰ હા॰ રાજા નારાયણરાવ પુઆર	,,	૧૧૯૮	૬૮૨૨૧	૩૨૫૦૦૦
ધાર.	હી॰ હા॰ માહારાજા સર આનંદરાવ પુઆર કે. સી એસ. આઇ. સી. આઇ. ઇ. ..	,,	૧૭૩૯	૧૫૧૮૭૭	૮૦૦૦૦૦
ધરમપુર.	હી॰હા॰ મહારાણા શ્રી નારાયણ દેવજી રામદેવજી	મુંબઇ.	૭૯૪	૧૦૧૨૮૯	૨૯૩૦૦૦

મુલકનું નામ.	રાજાનું નામ.	કીઆ ઈલાકામાં આવેલું છે.	રાજનો વીસતાર ચોરશ માઈલ.	વસતી કેટલાં માણસની.	મેહશુલ રૂપીઆ.
ધોલપુર	મેજર હી.હા. રયસુદ દઉલા સીપાહ દારઉલમુલ્ક માહારાજા અધીરાજ શ્રી સવાઇ માહારાજ રાણા નેહાલસીંગ લોકીંદ્રા બાહાદુર દીલેર-જંગ જયદેવ	રજપુતાના	૧૨૦૦	૨૪૯૬૫૭	૧૧૦૦૦૦૦
ધરોલ	ઠાકર શાહેબ હરીસીંગજી જયસીંગજી ...	મુંબઈ	૨૮૨	૨૧૭૭૬	૧૩૩૦૦૦
ધ્રાંગધ્રા	હી૦ હા૦ સર માનસીંગજી રનમાલસીંગજી કે. સી. એસ. આઈ.	મુંબઇ	૧૧૫૬	૯૯૬૮૬	૬૦૦૦૦૦
નગોડ	રાજા જદુબીંદસીંગ	મ૦ હીં૦	૪૫૦	૭૯૬૨૯	૧૫૦૦૦૦
નભા	હી૦ હા૦ ફરજંદે અરજુમંદ અકીદત પયવંદ દૌલતે ઇંગલીશીઆ બરાર બન્સ સરમુર રાજા સર હીરાસીંગ મલવનદર બાહાદુર જી. સી. એસ. આઇ.	પંજાબ	૯૨૮	૨૬૧૮૨૪	૭૦૦૧૦૦
નવાનગર (જામનગર)	હી૦ હા૦ શ્રી સર વીભાજી રનમલજી કે. સી. એસ. આઇ.	મુંબઇ	૩૭૯૧	૩૧૬૧૪૭	૨૨૦૦૦૦૦
નારસીંગગર	હી૦ હા૦ રાજા પરતાપસીંગ	મ૦ હીં૦	૬૨૨	૧૧૨૪૨૭	૪૦૦૦૦૦
પદુકોતા	હી૦ હા૦ બ્રાહદમબા દાસ રાજા મરતનદા ભૈરવા તોંડીમાન બાહાદુર	મધરાસ	૧૧૦૧	૩૦૨૧૨૭	૫૭૫૦૦૦
પન્ના	હી૦ હા૦ માહારાજા મહીન્દ્ર સર રૂદ્ર પરતાપ સીંગ બાહાદુર કે. સી. એસ. આઇ. ...	મ૦હીં૦	૨૫૬૮	૨૨૭૩૦૬	૫૦૦૦૦૦
પટીઆલા	હી.હ. ફરજંદે ખાસ દૌલતે ઇંગલીશીઆ માન સુરેજમાન અમીર ઊલ ઉમરા માહારાજ ધીરાજ રાજેશવર શ્રી માહારાજાએ રાજગાન રજીનદરાસીંગ માહીનદરા બાહાદુર	પંજાબ	૫૪૧૯	૧૪૬૭૪૩૩	૪૯૩૩૦૦૦
પરતાબગર	હી૦ હા૦ માહારાવત ઉદેસીંગ બાહાદુર	રજપુતાના	૧૪૬૦	૭૯૫૬૮	૨૭૧૪૦૮
પાલનપુર	હી. હા. શેર મહમદખાન	મુંબઇ	૩૧૫૦	૨૩૬૪૮૧	૫૦૦૦૦૦
પાલીતાના	ઠાકોર શાહેબ માનશીંગજી	મુંબઇ	૨૮૮	૪૯૨૭૧	૪૫૦૦૦૦
પોરબંદર	હી. હા. રાણા શ્રી વીક્રામટજી ખીમાજી	મુંબઇ	૬૩૬	૭૧૦૭૨	૪૦૦૦૦૦
ફરીદકોટ	હી.હા.ફરઝન્ડી સાઅદતી નીશનીહઝરતી કયસરે હીંદ બરા બનશ રાજા બીકરામશીંગ બહાદુર.	પંજાબ	૬૧૨	૯૭૦૩૪	૩૦૦૦૦૦
બઓની	હી. હા. આઝમુલ ઘુમરાફખરૂદ દોલાહસુઇન અલમુલક શાહીબી જામીન સરદાર નવાબ મહમદહુશન ખાનબહાદુર જફરજંગ ...	મ. હીં.	૧૧૬	૧૭૦૫૫	૧૦૦૦૦૦
બરવાની	રાણા ઇંદરજીટ શીંગ	મ. હીં.	૧૩૬૨	૫૬૪૪૫	૧૪૦૦૦૦
બરાઉનડા	રાજા ઠાકરપરશાદ	મ. હીં.	૨૩૮	૧૭૨૮૫	૨૮૦૦૦
બરોડા	હી. હા. ફરઝનદે ખાસ દૌલતી ઇંગલીશીઆ માહારાજા શર સીયાજીરાવ ગાયકવાડ શેના ખાશ એલ શમશેરબહાદુર જી.શી.એસ.આઇ	મુબઇ	૮૫૭૦	૨૧૮૫૦૦૫	૧૪૦૦૦૦૦૦
બાલાસીનોર	નવાબ મોનુવરખાંજી	મુબઈ	૧૮૯	૪૬૩૨૮	૧૪૮૦૦૦
બારીઆ	મહારાવલ શ્રી માનશીંગજી	મુંબઇ	૮૭૩	૬૬૮૨૨	૨૪૫૦૦૦
બાહવલપુર	હી. હા. રૂકનુદ દૌવલા નશરતજંગ હફીજુલ મુલક મુલખીશુદ દવલા નવાબ સર સાડીક મહમોદખાન બહાદુર જી. સી. એસ. આઇ.	પંજાબ	૧૭૨૮૫	૫૭૩૪૯૪	૧૬૦૦૦૦૦

મુલકનું નામ.	રાજાનું નામ.	કીઆ ઈલાકામાં આવેલું છે.	રાજનો વીશતાર ચોરસ માઈલ.	વસતી કેટલાં માણસની.	મેહશુલ રૂપીઆ.
બીકાનેર	હી. હા. માહારાજ રાજેસ્વર શીરોમની શ્રી ગંગાશીંગ બાહાદુર...	મ. હીં.	૨૨૩૪૦	૫૦૯૦૨૧	૧૨૫૦૦૦૦
બીજાવર	હી.હા.મહારાજા સવાઇ ભાવ પરતાબશીંગ બહાદુર	મ. હીં.	૯૭૩	૧૧૩૨૮૫	૨૨૫૦૦૦
બુનદી	હી. હા. મહારાવ રાજા શર રામશીંગ બહાદુર જી. સી. એસ. આઇ., સી. આઇ. ઇ....	રજપુતાના	૨૩૦૦	૨૫૪૭૦૧	૬૦૦૦૦૦
બંસવારા	હી. હા. રાઈ રાએયાન મહારવાલ શ્રી લક્ષમનશીંગ બહાદુર.	રજપુતાના	૧૫૦૦	૧૫૨૦૪૫	૨૮૦૦૦૦
બાંસડા	મહારવાલ શ્રી પ્રતાબશીંગજી ગુલાબશીંગજી ..	મુબઇ	૨૧૫	૩૪૧૨૨	૧૮૫૦૦૦
બરતપુર	હી.હા. મહારાજા બ્રાજીનદ્રા સાવાઇ શર જેશવંટશીંગ બહાદુર બહાદરજંગ જી.શી.એસ.આઇ	રજપુતાના	૧૯૭૪	૬૪૫૫૪૦	૨૮૦૦૦૦૦
ભાવનગર	હી.હા. શર તખ્તશીંગજી જશવતશીંગજી, જી. સી. એશ. આઇ.	મુબઇ	૨૮૬૦	૪૦૦૩૨૩	૨૬૦૦૦૦૦
ભોપાલ	હી.હા.નવાબશાહજેહાનબેગમ જી.સી.એસ.આઇ	મ. હીં.	૬૮૭૨	૯૫૪૯૦૧	૨૬૮૩૦૦૦
મનીપુર	માહારાજા સુરા ચંદરા શીંગ	આશામ	૮૦૦૦	૨૨૦૦૦૦	૯૦૦૦૦
મલેરકોટલા	હી.હા.નવાબ મહમદ ઈબ્રામ અલીખાન બહાદુર	પંજાબ	૧૬૪	૭૧૦૫૧	૨૮૪૦૦૦
મહીહાર	રાજા બાગબીર શીંગ	મ. હીં.	૪૦૦	૭૧૭૦૯	૮૦૦૦૦
માઇસુર	હી. હા. મહારાજા શર ચમ રજેનદરા વાડોઅર બહાદુર જી. શી. એસ. આઇ. ...	......	૨૪૭૦૯	૪૦૩૦૩૩૧	૧૦૨૦૦૦૦૦
મારવાર	હી. હા. રાજ રાજેસ્વર મહારાજ ધીરાજ સર જશવંટશીંગ બહાદુર જી. શી. એસ. આઇ.	(જોદપુર-રજપુતાના)	૩૭૦૦૦	૧૭૫૦૪૦૩	૪૦૦૦૦૦૦
મેવાર	હી. હા. મહારાણા ધીરાજ શર ફતેહશીંગ બહાદુર જી. શી. એશ. આઇ.... ...	(ઉદેપુર—રજપુતાના)	૧૨૬૭૦	૧૪૯૪૨૨૦	૫૧૦૦૦૦૦
મોરવી	હી. હા. શર વાગજી કે. શી. આઇ. ઇ.	મુબઇ.	૮૨૧	૮૯૯૬૪	૯૦૦૦૦૦
મંદી	હી. હા. રાજા બીજાઇ સેઇન બહાદુર. ...	પંજાબ	૧૧૨૫	૧૪૭૦૧૭	૩૬૦૦૦
રતલામ	હી. હા. રાજા સર રનજીતશીંગ કે. સી. આઈ. ઈ.	મ. હીં.	૭૨૮	૮૭૩૧૪	૧૩૦૦૦૦૦
રાધનપુર	હી.હા.મહમુદ બીશમીલ્લાખાન બહાદુર બાબી	મુબઇ	૧૧૫૦	૯૮૧૨૯	૬૦૦૦૦૦
રાજકોટ	ઠા. સા. બાવાજી મેરામનજી.	મુબઇ	૨૮૨	૪૦૫૨૭	૨૦૦૦૦૦
રાજગર	હી. હા. રાજા બલબહાદુરશીંગ.... ...	મ. હીં.	૬૫૫	૧૧૭૫૩૩	૩૫૦૦૦૦
રાજપીપલા	હી. હા. માહારાના ગંભીરશીંગજી... ...	મુબઇ	૧૫૧૪	૧૧૪૭૫૬	૬૦૦૦૦૦
રામપુર	હી. હા. ફરઝંડી દીલપઝીરી દોલવી ઇંગલીશીઆ નવાબ મુસતકઅલી ખાન બહાદુર....	નોરથવેસ્ટ પ્રોવીનશ.	૯૪૧	૫૪૧૦૧૪	૧૬૬૪૦૦૦
રેવા	હી. હા. માહારાજા વીઆનકટેશ રામનશીંગ બહાદુર	મ. હીં.	૧૦૦૮૩	૧૩૦૫૧૨૪	૨૫૦૦૦૦૦
લીમડી	સર જશવંતશીંગજી ફતેહશીંગજી કે.સી.આઈ.ઇ.	મુબઇ	૩૪૩	૪૩૦૬૩	૨૩૫૦૦૦
લુનાવાડા	માહારાણા શ્રી વખતશીંગજી	મુબઇ	૩૮૮	૭૫૪૫૦	૨૦૦૦૦૦
વઢવાન	ઠાકર સાહેબ બાલશીંગજી. ...	મુબઇ	૨૩૬	૪૨૫૦૦	૪૦૦૦૦૦
વાંકાનેર	રાજ સાહીબ ગનગુભા (અલીઆસ) અમરશીંગજી બનેશીંગજી...	મુબઇ	૪૧૪	૩૦૪૯૧	૧૩૮૦૦૦
સેલાના	હી. હા. રાજા દુલેહશીંગ.... ...	મ. હીં.	૧૧૩	૨૯૭૨૩	૧૨૧૪૦૦
સચીન	નવાબ એબીશીનીયન.	મુબઇ	૪૨	૧૫૭૨૧	૧૬૭૦૦૦
સમથર	હી. હા. મહારાજા છતરશીંગ બહાદુર ...	મ. હીં.	૧૭૩	૩૮૬૩૩	૪૦૦૦૦૦
સરમુર	હી. હા. રાજા સર સમશેર પ્રકાશ બહાદુર જી. સી. એસ, આઇ.	પંજાબ	૧૦૪૫	૧૧૨૩૭૧	૨૧૦૦૦૦
સાવંતવાડી	રઘુનાથ સાવંત ભોનસલે રાજા બહાદુર, ...	મુબઇ	૯૨૬	૧૭૪૪૩૩	૪૧૬૦૦૦

મુલકનું નામ.	રાજાનું નામ.	કીઆ ઈલાકામાં આવેલું છે	રાજનો વીસતાર ચોરશ માઈલ.	વસતી કેટલાં માણસની.	મેહસુલ રૂપીઆ.
સીકીમ	હી. હા. મહારાજા થોટબ નામગ્યુ... ...	બેંગાલ	૨૬૦૦	૮૦૦૦	૧૯૦૦૦
સીતમઉ	હી. હા. રાજા બહાદુરશીંગ..	મ. હીં.	૩૫૦	૩૦૮૩૯	૯૪૦૦૦
સીરોહી	હી. હા. રાઓ કેશરીશીંગ બહાદુર... ...	રજપુતાના	૩૦૨૦	૧૪૨૯૦૩	૧૬૭૦૦૦
સુકેત	હી.હા. રાજા દોસ્ત નીકનદન સઇન... ...	પંજાબ	૩૯૫	૫૨૪૮૪	૧૦૦૦૦૦
સંથ	માહારાણા શ્રી પ્રતાપશીંગજી	મુબઇ	૩૯૪	૫૮૮૨૨	૧૨૦૦૦૦
હેદરાબાદ	હી. હા. અસુફજાહ મુજાફર ઉલ મમલીક નીજામ ઉલ મુલક નીજામુ દવલા નવાબ મીર સર મહાબુબ અલીખાન બહાદુર ફતેજંગ જી. સી. એસ. આઈ.	દખણ	૮૦૦૦૦	૯૮૪૫૫૯૪	૩૦૦૦૦૦૦૦

આખ્માં હીંદુસ્થાન મધે આવેલાં ઉપલાં મુખ્ય રાજો ઉપરાંત બીજાં નાહાનાં રાજો, જાગીરદારો, જમીનદારો, ઠાકોરો અને તાલુકદારો વીગેરે ઘણાં છે, જેમની સામતી શંખ્યા, તેમના રાજોની હદ સાથે નીચે મુજબ છેઃ—

	રાજ્યો.
મધ્ય હીંદુસ્થાનમાં આવેલાં બુનડેલ ખંડનાં નાહાનાં રાજો... ...	૧૯
બગેલખંડના	૨
ભોપાલ એજનશીનાં	૫
અને તેને લગતા જામીનગીરી આપેલા ઠાકોરો	૧૬
ભોપાવાર એજનસીના	૧૮
ગુના એજનશીનાં	૭
ઇંડોર એજનશીના	૬
પશચીમ માલવા એજનશીના ...	૧૬
રજપુતાનામાં આવેલાં	૨
બલુચીશતાનમાં આવેલું	૧
મદરાસને લગતાં...	૨
મુંબઇને લગતાં...	૫
કાઠીઆવાડ ખાતેના નાહાનાં રાજો...	૧૪
અને તેને લગતાં પાંચમાં અને છઠાં વરગોનાં બીજાં રાજો... ...	૩૦
તથા સાતમાં વરગનાં આશરે ...	૧૨૯
ખાંનદેશ એજંશોનાં નાહના રાજો...	૨૨

	રાજ્યો.
મહીકાંઠા તરફના	૬૩
પાલણપુર ખાતેનાં	૯
રેવાકાઠાંનાં	૫૫
સેતારા તરફના જાગીરદારો... ...	૧૨
કોલાપુર તરફનાં જમીનદારો કે જેવો લડાઇની વખતે મદદ કરવા બંધાયલા	૧૧
બેંગાલના લોવર પરાવીનશ તરફના નાહાના રાજો...	૧૭
છોતા નાગપુર તરફનું ખંડયાં રાજો	૯
પંજાબ ખાતેનાં નાહનાં રાજો ...	૪
શીમલા હીલ તરફનાં રાજો... ...	૧૮
બેંગાલનાં મધ્ય પ્રાંત તરફના નાહાના રાજો	૧૪
મદરાશ ખાતેનાં નાહાના જમીનદારો	૧૩
બેંગાલનાં લોવર પરાવીનશ ખાતેનાં જમીનદારો	૧૪
વાવીય ખુણાનાં પ્રાંતોમાંના જમીનદારો	૩૩
આઉદનાં તાલુકેદારો	૪૩

અંગરેજ સરકારના ઓધેદારોને મલતું ટોપોનું માન.

નામદાર શેહનશાહબાનું કવીન વીકટોરીઆ ...	૧૧૦	એલચીઓ	૧૫
હીંદુસ્થાનના વાઈસરાય અને ગવરનર જેનરલ ...	૩૧	લેફટનનત ગવરનર	૧૫
એલચીઓ	૧૯	વાઈસ એડમીરલ અને લેફટનનત જેનરલ રેસીડનતસ અને કમીશનર...	૧૩
ઈલાકાના ગવરનરો	૧૭	રેર એડમીરલ અને મેજર જેનરલ	૧૧
હીંદુસ્થાનની કાઉનસીલના વડા	૧૭	પોલીટીકલએજંટ	૧૧
હીંદુસ્થાનમાં ફીરંગી સંસથાનોના ગવરનર જેનરલ...	૧૭	પેહલા વરગના કોમોદોરસ (દરીઆઈ કાફલાના સરદાર) અને બરીગેડીયર જેનરલ	૯
પોંડીચરીના ગવરનર	૧૭	દમનના પોરચુગીસ ગવરનર	૯
નામદાર માહારાણીના સંસથાનોના ગવરનરો ...	૧૭	દીવના ગવરનર...	૯
હીંદુસ્થાનનાં ઈલાકાના લેફટનનત ગવરનરો ...	૧૫		
જેનરલ, એડમીરલ અને તેઓના વાવતાઓ ...	૧૫		
કાઉનસીલના મેમબરો	૧૫		

હીંદુસથાનના દેશી રાજા અને બીજાઓને મલતું ટોપનું માન.

નામ.	ટોપ.		
વડોદરાના માહારાજા	૨૧	ઈંદોરના માહારાજા	૧૯
હઈદરાબાદના નીઝામ	૨૧	કેલાતના ખાન...	૧૯
માઈસોરના માહારાજા	૨૧	કોલાપુરના રાજા	૧૯
ભોપાલની બેગમ	૧૯	મેવાર (ઉદેપુર) ના માહરાણા	૧૯
કાશમીર અને જમમુના માહારાજા	૧૯	ત્રાવનકોરના માહારાજા	૧૯
ગવાલીઅરના (સીંધીઆ) માહારાજા	૧૯	ધુલેપસીંગ જી. સી. એસ. આઈ...	૨૧

દરેકને ૧૭ ટોપ.

ભાવલપુરના નવાબ.	કોચીનના રાજા.	કચ્છના રાવ.
ભરતપુરના માહરાજા.	જેપુરના માહરાજા.	મારવાર (જોધપુર) ના માહરાજા
બીકાનેરના માહરાજા.	કેરાવલીના માહરાજા.	પતીઆલાના માહરાજા
બુનદીના માહરાવ રાજા	કોતાહના માહારાવ.	રેવાના માહરાજા.
		તોંકના નવાબ.

દરેકને ૧૫ ટોપ.

બાનસવારાના માહરાવલ	ઈંદરના માહરાજા	પરતાબગરના રાજા
દીવાસના વડા રાજા	જેસલમીરના માહારાવલ	સીરોહીના રાવ
દીવાસના નાના રાજા.	જાલાવારના માહારાજ રાણા	સીકીમના માહારાજા.
ધરના રાજા.	ખેરપુરના મીર	ઉલવરના માહારાવ રાજા.
ધોલપુરના માહારાજા રાણા	કીશનગરના માહારાજા	આરકોતના શાહજાદા અઝીમજાહ
ડુંગરપુરના માહારાવલ.	ઉરખા (તેહરી) ના માહરાજા	ઝહીર ઉદ દઉલાહ બાહદુર
દુતીઆના માહારાજા.		

દરેકને ૧૩ ટોપ.

બનારસના માહારાજા.	જાઉરાહના નવાબ.	તીપેરાના રાજા.
કુચબહારના માહરાજા	રામપુરના નવાબ.	તાનજોરની શાહજાદી.

દરેકને ૧૧ ટોપ.

અજેગરના માહારાજા.	જુનાગરના નવાબ.	રાધનપુરના નવાબ.
બાવનીના નવાબ.	ખીલુર (બીલાસપુર) ના રાજા.	રાજગરના રાવન.
ભાવનગરના ઠાકોર સાહેબ.	કપુર થાલાના રાજા.	રાજપીપલાના રાજા.
બીજાવરના માહરાજા.	મોરવીના ઠાકોર સાહેબ.	રતલામના રાજા.
ખંબાતના નવાબ.	મંદીના રાજા.	સીતામ હાઉના રાજા.
ચરકરી માહારાજા.	નભાના રાજા.	સીલલાનાના રાજા.
ચમબાના રાજા.	નવાનગરના જામ.	સરમુર (નહન) ના રાજા.
છતરપુરના રાજા.	નારસીંગરના રાજા.	સુકેતના રાજા.
ધરંગદરાના રાજા સાહેબ	પાલનપુરના દીવાન	સમ્પથરના રાજા.
ફરીદકોતના રાજા	પોરબંદરના રાણા.	તેહરી (ગરવાલ) ના રાજા.
ઝાબુઆના રાજા.	પુનાહન માહારાજા.	શુહર અને માકલલાના જમાદાર... ૧૨
જીંદના રાજા.	પદુકોતાના રાજા.	

દરેકને ૯ ટોપ.

અલીરાજપુરના માહારાણા.	ગોંડલના ઠાકોર સાહેબ	નગોડના રાજા.
બાલાસીનોરની બેબી.	જંજીરા (હબસી) ના નવાબ.	પાલીતાનાના થાકોર સાહેબ.
બાસડાના માહરાવલ.	ખરંડના રાજા.	રાજકોતના ઠાકોર સાહેબ.
બારીઆના રાજા	કીલચીપુરના રાવ.	સાવતવાડીના સર ડેસાઈ.
બેરોનડાના રાજા.	લહેજના સુલતાન.	સોઅનથના રાજા.
બરવાનીના રાણા.	કેશીમ અને સોકોતરાના સુલતાન.	સચીનના નવાબ.
છોતા ઉદેપુરના રાજા.	લીમરીના થાકોર સાહેબ.	વધવાનના ઠાકોર સાહેબ.
ઢરોલના ઠાકોર સાહેબ.	લુનાવાડાના રાણાં.	વાંકાનેરના રાજા સાહેબ.
ધરમપુરના માહારાણા.	મલીર કોતલાના નવાબ.	કોલાપુરના રીજંટ.
ફુધલીના સુલતાન.	મઈહીઅરના રાજા.	લુસબેલાના જામ અમીરખાન.

યજદેજરદી સને ૧૨૫૮ નાં ઝોરાસટરીઅન કાલેનડર ઉપર અપાયલાં વરતમાંન પતરોનાં મત.

THE ZOROASTRIAN CALENDAR.—We have to acknowledge with pleasure the receipt of the nineteenth annual publication of this calendar for the year of Yezdijird 1258, commencing from the 17th ultimo, which is, as usual, punctually issued. The Parsees will, no doubt find this work a useful book of reference, since it contains a fund of information, important as well as interesting to the community. Besides the calendar of the year, a vast amount of information affecting the several Parsee charitable, religious, educational, and social institutions is embodied in the very valuable production. There is also found in it a record of charities, births, deaths, and marriages in the community during the past year. The new feature of the calendar this year is the introduction of opinions expressed in favour of the Zoroastrian religion by many eminent English, French, German, and Mahomedan writers, by Erved Dadabhoy Cursetjee Doredy, a well-known Parsee priest The compilation, which seems to have been made after considerable trouble and research by the learned priest, will materially increase the circulation of the calendar. The work is neatly printed, and the whole get-up of the production is highly creditable to its compiler, Mr. Muncherjee Hosungjee Jagose.

Times of India, October 3rd 1888.

THE ZOROASTRIAN CALENDAR....This annual brochure is published by its enterprising proprietor, Mr. Muncherjee Hoshungjee Jagose, soon after the Parsee new year. The present number is for the year of Yezdijerd 1258, corresponding to the period embraced between the 17th September 1888 to 16th September 1889. It is chiefly interesting to the Parsee community, for whose information it is compiled by the publisher, embodying various facts and figures, the trustworthiness of which is undoubted. It gives a faithful register of the principal events of the past year, relating to Parsee charities, educational and religious endowments, and such other benefactions. The editor seems to have taken great pains to be accurate in having compiled tabular statements for births of Parsee children from authentic sources from 1865 to 1887. In the former year there were 597 and in the latter 1,315 births, which proves partly the double fact of there being an increase in population, and partly a more accurate system of registering births. During the same period, there were 104 marriages and 19 re-marriages in 1865, and 668 marriages and 8 re-marriages in 1887. One of the most interesting feature in these tabulated forms is that the respective ages of the contracting parties are given, and it throws a curious light on the then prevailing but now dying out custom of infant marriages. In glancing over the columns we notice that during the period under reference there were 20 girls and 3 boys, of ages below five years united in holy wedlock, and 412 girls and 75 boys both under ten years of age, married. In the same manner we observe that no Parsee woman seems to have been married whose age exceeded forty years, and only 11 females were "taken up" while between thirty and forty. The largest number of unions appear to have taken place when the parties were between twenty and twenty-five. A very instructive article on the Zoroastrian religion has been published in the present number, contributed by Ervad Dadabhoy Khurshedjee Dordi, a learned Parsee priest, whose concise and effective style of narrative of the pre-eminence of that faith, the erudite philosophy of the prophet and other cognate subjects, have been adequately recognized in proper quarters. It is surmised that the said paper will be re-published in a book form for the use of schools established for Parsi children. Those who have read it bear testimony to the general fidelity of the narrative and its usefulness. The calendar is neatly printed in Guzerati at the Vartman Press, and no private or public library should be without a copy.

Bombay, Gazette, October 15, 1888.

THE ZOROASTRIAN CALENDAR....We are indebted to Mr. Muncherjee Hoshangjee Jagose for a copy of the Zoroastrian Calendar for the year of the Yezdijird 1258, corresponding with the Christian term 17th September 1888 to 16th September 1889, which is a neatly got-up volume of useful information to all who can read Guzerati. We have said enough in praise of this valuable work the year previous; we have only to add that no Guzerati reading family should be without it. *Daily Telegraph and Deccan Herald, October* 17th 1888.

(ઊપલાં અંગ્રેજીનો ગુજરાતી તરજુમો.)

ઝોરાસ્ટરીઅન કેલેનડર—યજદેજરદી શને ૧૨૫૮ ના શાલના પરગટ થએલા આ કાલેંડરની ૧૯ મી આવરતી નો ભેટ હમો ખુશી શાથે સ્વીકારીએ છાંએ, જે નવું વરશ તા૦ ૧૭ મી સપટેમબરથી સરૂ થયું છે. એ કેલેંનડર નીઅમીત નીકલતું આવ્યું છે. બેશક, કોઈ પણ જાતની ખબર મેલવવાને એ પુસ્તક પારસીઓને ઉપયોગી થઈ પડશે,

કારણકે એમાં પારસીઓને લગતી અગતની તેમજ મનોરંજક બાબદો આવી છે. દર વરશનાં પંચાંગને લગતી વીગત આપીઆ ઉપરાંત તેમાં પારસીઓની સખાવત, તેમનાં ધરમ સંબંધી, કેલવણી સંબંધી અને બીજી પરચુટણ બાબદો સંબંધી પુશકલ ખબરો એ ઘણાં અગતનાં પુસતકમાં આવી છે. વલી પારસીઓની સખાવત, જનમ, મરણ અને આગલાં વરસોમાં થએલાં લગનની નોંધ તેમાં લીધી છે. આ વરશમાં એક નવીજ બાબદ તેમાં આવી છે તે એકે જરથોસતી ધરમની તરફેણમાં પ્રખ્યાત અંગરેજો, ફરેંનચો, જરમનો અને મુસલમાન લખનારાઓએ આપેલાં મતો એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી જેવણ એક જાણીતા પારસી ધરમગુરૂ છે તેવણે લીધાં છે. મજકુર ધરમગુરૂએ કેટલીક મેહેનત અને શોધથી એ સંગ્રહ લખેલો લાગે છે, તેથી એ કેલેંનડરના ખપમાં વધારો થશે. એ પુસતક ઘણુંજ સફાઈથી છાપયું છે, અને તેની રચના પણ શારી છે તેથી તેના બનાવનાર મી૦ મંનચેરજી હોશંગજી જાગોશાને માન ઘટે છે.

ટાઈમસ આફ ઈનડીઆ—તા૦ ૩ જી અકટોબર ૧૮૮૮.

ઝોરાસટરીઅન કાલેંનડર—પારસીઓનાં નવાં વરશ પછી તુરતજ ઝોરાસટરીઅન કાલેંનડરના સાહાસીક માલેક મી૦ મં. હો. જાગોસ આ વારસીક પુસતક બહાર પાડે છે. હાલનું કાલેનડર યજદેજરદી ૧૨૫૮ થી શરૂ થાએ છે એટલેકે તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૮૮ થી તે તા૦ ૧૬ મી શપટેમબર ૧૮૮૯ શુધી. મુખ્યે કરી એ પુસતક પારસી કોમને રસીક લાગશે, કારણકે એના પ્રગટ કરતાએ જુદી જુદી બાબદો અને સંખયાઓનો સંગ્રહ કીધો છે, જેની ખાતરદારી વીશે જરાએ શક નથી. ગુજસતે સાલમાં બનેલા મુખીય બનાવો જેવાકે પારસી સખાવત, કેલવણી અને ધરમ સંબંધી બાબદોનો ખરો હેવાલ એમાં આપીઓ છે. ૧૮૬૫ થી તે ૧૮૮૭ સુધીમાં પારસીઓમાં થએલાં જનમનો ભરોસેદાર કોઠો આપવામાં તેના અધીપતીએ ભારે મેહનત લીધેલી લાગે છે. ૧૮૬૫માં ૫૯૭ જનમ અને ૧૮૮૭ માં ૧૩૧૫ જનમ થાયા હતા, જે ઉપરથી થોડું એવું સીધ થાએ છે કે વસતીમાં વધારો થતો જાએ છે, અને થોડું એવું સીધ થાએ છે કે જનમ નોંધવામાં (પાછલથી) બરોબર ચોકસાઈ રખાએ છે. ૧૮૬૫ માં ૧૦૪ લગન અને ૧૯ નાતરાં થયાં હતાં અને ૧૮૮૭ માં ૬૬૮ લગન અને ૮ નાતરાં થયાં હતાં. એ કોઠામાં સરવથી રસીક વીગત એ છે કે જુદી જુદી ઉમરમાં થયલાં લગન વરશને અનુકરમે ગોઠવીઆં છે, તેથી આગલનાં કરતાં હાલમાં બાલ લગનનો રીવાજ નાબુદ થતો જાય છે એમ એ બીના સીધ થાઈ અજવાલું પાડે છે. ઉપર ટપકે જોતાં એ ટીપમાં અમો એવું જોઈએ છીએ કે ૧૮૬૫ થા ૧૮૮૭ સુધીમાં પાંચ વરસની અંદરનાં ૨૦ છોકરી અને ૩ છોકરાઓ લગનના પવીતર ગાંઠથી જોડાઆ હતા, અને ૧૦ વરસની અંદરની ૪૧૨ છોકરીઓ અને ૭૫ છોકરાઓ પરણયા હતા. એજ માફક એવું માલમ પડે છે કે ૪૦ થી વધુ વરસની ઉમરની કોઈબી પારસી સ્ત્રી પરણી નથી, અને માતર વરસ ૩૦ થી ૪૦ વરસની વચેની ૧૧ ઓરતોના લગન થયાં હતાં. એવું માલમ પડે છે કે ૨૦ અને ૨૫ વરસની વચમાં મરદ ઓરતનાં ઘણાંજ લગન થયાં હતાં. હાલનાં કાલેનડરમાં એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી જેવણ એક ભણેલા પારસી ધરમગુરૂ છે તેવણે મેહેનત લેઈ જરથોસતી ધરમ વીશે એક ઘણોજ બોધકારક રેસાલો લખીઓ છે. જરથોસતી ધરમની એતેબરી વીશેનો ટુંકો અને અસરકારક હેવાલ, જરથોશત પેગંમબરની વીદવતા ભરેલી ફીલસુફી અને બીજી ધરમી બાબદોની સારાં મંડલોમાં લાયક રીતે પીછાન થાઈ છે. એવી કલપના કરવામાં આવે છે કે પારસી બાલકો સારૂ સથાપેલી નીશાલ મારે ચોપાંનીઆના આકારમાં મજકુર હેવાલ ફરીથી પ્રગટ કરવામાં આવશે. જેઓએ એ રેસાલો વાંચીઓ છે તેઓ તેનાં ખરાંપણાં અને અગતીઅતા વીશે સારી ગવાહી આપે છે. આ કેલેનડર ગુજરાતી ભાશામાં વરતમાન પરેસમાં સફાઈથી છાપીઉં છે, અને દરેક ખાનગી યા જાહેર લાઈબરેરીમાં એ કેલેનડરની નકલ રાખવી જોઈએ.

મુંબઈ ગેઝટ—તા૦ ૧૫ મી અકટોબર ૧૮૮૮.

ઝોરાસટરીઅન કાલેંતડર—યઝદેજરદી સને ૧૨૫૮ ના સાલના ઝોરાસટરીઅન કાલેંનડરની એક નકલની ભેટ સ્વીકારતાં હમો મી૦ મંનચેરજી હોશંગજી જાગોશાનો આભાર માનીએ છીએ, કે જે શાલ તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૮૮ થી સરૂ થઈ તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૮૯ માં પુરૂ થાએ છે. પુસતક સફાઈથી છાપીઉં છે, અને જેઓ ગુજરાતી ભાશા વાંચી શકે છે, તેઓ માટે ઘણી અગત્યની બાબદો તેમાં આવી છે. ગીયે વરસે આ ઉપયોગી પુસતકની વખાણમાં અમો પુરતું બોલ્યા છીએ; હમો માત્ર એટલુ વધુ કહીએ છીએ કે દરેક ગુજરાતી વાંચનાર કુટુંબે એ ચોપડી રાખવી જોઈએ.

દેલી તેલીગ્રાફ એન્ડ દકન હેરલદ—તા૦ ૧૭ મી અકટોબર ૧૮૮૮.

પારસી લગનને લગતી નવી વીગત—પારસીઓમાં છેહ્લાં ૨૩ વરસમાં થયલાં જનમ, લગન તથા મરણને લગતી કેટલીક અગતયની વીગતો મી૦ મંનચેરજી જાગોશાના નવાં "ઝોરાસટરીઅન કાલેનડર" માંથી ઉપજાવી કાહાડી અમોએ બીજા ભાગ ઉપર રજુ કરી છે, જે પારસીઓને તેમજ બીજી કોમવાલાઓને અભયાસ કરવા જોગ થઈ પડશે...... પારસીઓમાં જનમ તથા લગન અને મરણની જાણવા જોગ વીગતોનું મી૦ મંનચેરજી જાગોશાવાલું સને ૧૨૫૮ ના યઝદેજરદી સાલનું ઝોરાસટરીઅન કાલેનડર બાહેર પડયું છે અને તેમાં છેહ્લાં ૨૩ વરસના પારસી જનમ, લગણ તથા મરણને લગતી કેટલીક જાણવાજોગ વીગતો આપેલી હોવાથી તે ઊપજાવી કાહાડી વાંચનાર આગલ હમો રજુ કરીએ છીએ..........લગનની નોંધ વધારે ઉપયોગી છે..........મી૦ જાગોસે પોતાનાં કેલેંનડરમાં આ અગતયની વીગતો રજુ કરીને પારસીઓ ઊપર ઊપકાર કરયો છે.

જામે જમશેદ—તા૦ ૩ જી અકટોબર ૧૮૮૮.

ઝોરાસટરીઅન કેલેંડર—પારસીઓની વારસીક સેવા બજાવનાર એક અતી ઉપયોગી પુરૂશ મી૦ મનચેરજી હોર્સમજી જાગોશ જેઓ વરતમાન પરેશ નામના એક પુરાણા પરેશના માલેક તરીકે જાણીતા છે તેઓ ગમે એવી રીતે એક મારગીપણાથી પોતાનું કામ કરીઆ જાએ તોપણ તેમના કામના અતી ઉપયોગીપણાને લીધે તે દર શાલમાં એકજ વખત નહી પણ હમેશ તેમનું નામ ખરેખરાં કામને માટેજ આપણી નજર શનમુખ ઉભું રેહે છે. વગર હાંશલની ઘણુ પરમારથી કોસેસથી તેઓએ જોરાસટરીઅન કેલેંનડર નામનું વારસીક "પબલીકેશન" હજી ચાલુ રાખીને પારસીઓ માંટે એક અગતની તઈઆર નોંધ આપણાં હાથમાં ખરેખર વરશમાં એકજ દીવશે લાવીને મેલવામાં આવે છે પણ તેના માલેકને તો ૩૬૫ દીવસના દરેક કલાકે કલાક તે પાછલની મેહેનત અને આતુરતામાં મશગુલ રેહેવું પડે છે. અને તીઆરેજ આપણે આખાં સાલમાં બનેલી તમામ વીગતોથી ભરપુર પુશતક મેલવી શકીએછે, કે જેને માટે કેટલાક શાહેબો એક નજીવો "ચાતલો" વટીક કવડો કરતાને કવડું જેહેર જેવું મોહોડું કરતા હશે. પણ હમો એવા શાહેબોને એટલીજ શુચના કરીશું કે, તે એકજવાર હાથમાં પકડીને તેના સફા ઉઠલાવી જોવા. પારસીઓને લગતી કોઈબી હાલની, હવે પછેની કે અગાઉની બીના તેમાંથી તરત તેઓ મેલવી શકશે, અને તેવી એકેક રકમ માટેજ જો તેઓ એકેક રૂપીઓ ગણે તો તેવી શેંકડો બલકે હજારો ખબરો તેઓ મેલવી શકે. આપણે ઘણીકવાર જોયું છે કે તેવી એકેક ખબર એકેક રૂપીઓ આપતાંબી કેટલાંક ગરજવંનોને મલતી નથી. પણ જે ભાગ્યેગશાલી નરો આ ઝોરાસટરીઅન કેલેનડર રૂપીઆ એકમાં ખરીદી રાખે છે, તો તે શેંકડો રૂપીઆનો અવેજ વાલી આપેછે. માટેજ હમો ઈછીએચ કે કોઈબી પારસીનું ઘર એ કેલેનડર વીના ખાલી રેહેવુંજ ન જોઈએ.

અખબારે સોદાગર, શમાચાર દરપણ તથા મુંબઈ ચાબુક—તા૦ ૪ થી અકટોબર ૧૮૮૮.

ઝોરાસટરીઅન કેલેંનડર—યઝદેઝરદી સને ૧૨૫૮ નાં નવાં સાલનું ઝોરાસટરીઅન યાને પારસી પંચાંગ તેના બનાવનાર મી૦ મંનચેરજી હોશંગજી જાગોસ તરફથી અમોને મલયું છે, જેની પોંહોંચ માન સહીત સ્વીકારીએ છીયે. દર વરશે આ કેલેંનડરના બાબમાં જે જે વધારો કરવામાં આવે છે તે બેશક પારસી કોમને માટે ઉપયોગીજ હોયછે. જેમ ગયે વરસે પારસી કોમના માનવંત અકાબર સર દીનશાજી માંણેકજી પીટીટનું સુંદર સબી સાથનું જનમ ચરીતર આપ્યું હતું, તેમ આ વરશે મી૦ મંનચેરજીએ "જરથોસતી ધરમની મોતબરી" વીશે એક લંબાન રેસાલો દાખલ કરી જરથોસતી ટોલાની એક વાજબી અને સ્તુતીપાત્ર સેવા બજાવી છે. મુંબઈમાં ૧૮૨૫ થી તે સને ૧૮૮૭ સુધી પડેલા વરસાદનો કોઠો પણ આ વેલા દાખલ કીધો છે. જે ઘણે દરજજે ઉપયોગી વીગત કહેવાઈ શકાય. વલી બીજો વધારો આ વરસના કેલેનડરમાં મુંબઈ શેહેરમાં ૧૮૬૫ થી ૧૮૮૭ સુધી પારસીઓમાં થયલાં જન્મ, લગણ તથા મરણના જે કોઠા પ્રગટ કીધા છે, તે ઉપરથી દેખાઈ આવે છે, કે જે ઊપરથી એ ટોલાંની છેલી બાવીશ વરશની સંસારી સ્થીતી સંબધી કેટલોક ગંભીર વીચાર કરવાનું મલી આવે છે. અલબત મી૦ જાગોસને તેવણની અથાગ મેહેનતના બદલામાં વાંચનારી આલમ તરફથી ઘટતું ઊતેજન મલતું હોવું જોઈયે, જેનો પુરાવો દર વરસે નીકલતાં ઝોરાસટરીઅન કેલેંનડરમાં થતા વધારા ને સુધારાપરથી માલમ પડી આવે છે. ટુંકમાં ઊપલું "પારસી પંચાગ" જેવું ઉપયોગી પુસતક જે તારીફ લાયક દેખાવ કરયું જાય છે તે માટે અમો તેના રચનારને મુબારકબાદી આપીએ છીએ.

કયેસરે હિન્દ—તા૦ ૭ મી અકટોબર ૧૮૮૮.

૧૨૫૮ ના સાલનું પારસી પંચાંગ—"ઝોરાસટરીયન કેલેનડર" તેના બનાવનાર મી૦ મંનચેરજી હોશંગજી જાગોસ તરફથી યજદેજરદી ૧૨૫૮ ના સાલનું અમને મલયું છે, જેની પોંહોંચ ઉપકાર સાથે કબુલ કરતાં જણાવીએ છીએ કે આ કેલેનડરમાં પારસી આલમને લગતી જે જે ઉપયોગી બાબતો હંમેશ મુજબ સમાવવામાં આવે છે તેજ મુજબ ચાલુ વરષના કેલેનડરમાં સમાવવા ઉપરાંત મુંબઈ મધે હાલમાં પ્રગટ થતાં વરતમાન પતરો, ચોપાનયાં અને કેલેનડરોની એક ટીપ આપી છે તથા પારસી છાપખાનાઓનાં ઠામ ઠેકાણાં સાથે બતાવ્યાં છે. આ ઉપરાંત મુંબઈના ગવરનરો ૧૬૬૭ થી તે ૧૮૮૫ શુધીમાં કોણ કોણ અને કયે સાલ થઈ ગયા તેની ટીપ આપી છે તથા દુનીયાના સઘલા દેશોના વખત જાણવાનો કોઠો, મુંબઈની ઈનશુરંશ કંપનીઓ, જીંદગીનો વીમો ઉતારનારી કુંપનીઓની, દરીયાઈ વીમો ઉતારનારી અને સ્ટીમ નેવીગેશન કુંપનીઓની પણ ટીપ આપી છે. આ કેલેનડરમાં વધારે નવું એ છે અને તે જરથોસ્તી આલમને જાણવા જોગ છે કે જરથોસત અને તેની દીન વીશે જુદા જુદા વીદવાનોએ આપેલાં મતોને પાંચ ભાગમાં અચ્છી રીતે ગોઠવી મુકયા છે; એટલુંજ નહીં પણ જરથોસતી લોકો ઈરાંનથી હીંદુસથાનમાં આવી વસ્યા તેની આગમજ થોડાક મોબેદો હીંદુસ્થાનમાં શો રીતે આવ્યા તેને લગતું જાણવા જોગ બેયાન ગોઠવ્યું છે, જે ટુંકમાં પણ જાણવા જોગ છે. નવી બાબતોના વધારાથી આ કેલેનડરનું કદ વધયું છે અને તેની કીંમત રૂ૧) રાખી છે, જે કંઈ બહુ ભારે નથી. બેશક આ કેલેનડરમાં કંઈ કંઈ વરશો વરશ નવી બાબતોનો વધારો અને સુધારો થતો જોઈને તેના કરતાને પારશી આલમ તરફથી ઉતેજંન મલવું ઘતે છે. આ કેલેનડરમાં વલી બીજું વધારે એ છે કે ૧૮૨૫ થી તે ૧૮૮૭ સુધીમાં દર વરસે કેટલો કેટલો વરસાદ પડયો હતો તેનો કોઠો આપ્યા ઉપ્રાંત મુંબઈ શેહેરનાં પારસીઓના જનમ, મરણ અને લગનની નોંધ આપી છે. મી૦ જાગોસ પોતાના આ પંચાંગમાં જે મેહેનત લઈને કંઈ કંઈ આગલાં પાછલાં વરસોની નોંધો મેલવવામાં પારસી આલમની સેવા બજાવે છે, તે તથા તેની સારો છપાઈ જોતાં પારસી કોમને તે ઘણું માનીતું થાય તેમાં નવાઈ નથી, અને તેમજ તેના સારા ફેલાવાને લીધે સેંકડો વેપારીઓ તરફથી તે વરસો વરસ જથાબંધ જાહેર ખબરો મેલવવાને ભાગ્યેગશાલી થાય છે તે જોઈને અમો સંતોષ પામીએ છીએ.

ગુજરાત મિત્ર—તા૦ ૧૪ મી અકટોબર સને ૧૮૮૮.

મુંબઈ વરતમાન પરેસના માલીક મી૦ મંનચેરજી હોશંગજી જાગોસ તરફથી દર વરસે પારશીઓના નવાં શાલદર બાહાર પડતાં "ઝોરાસટરીઅન કેલેનડર" યાને પારસી પંચાંગની ચાલુ સાલની એક નકલ અમને મલી છે, જેની પોંહોંચ ઉપકાર સહીત કબુલ કરતાં જણાવીચે છીએ કે આ પંચાંગમાં પારસી આલમને લગતું જેટલું અગત જોગ નોંધવામાં આવે છે તેટલું આ શાલના પંચાંગમાં પણ નોંધવામાં આવ્યું છે, જેમાં વીશેસ કરીને ગયાં વરશનો ઈનતેખાબ એક તવારીખ દાખલ છે. પણ તે ઉપાંત ઘણીએક નવી બાબતો પણ સમાવી છે અને તેમાં મુંબઈના તમામ જરથોસતી છાપાખાનાઓની, ૧૮૬૭ થી તે ૧૮૮૫ શુધીમાં થઈ ગયલા ગવરનરો, તમામ વીમાની કુંપનીઓ અને બીજી પરચુરણ જાણીતી મોટી વેપાર ચલાવનાર કુંપનીઓની નોંધ લેવામાં આવી છે, જે બેશક હર કોઈને ઉપયોગી થઈ પડે એવી છે. દુનીયાંના સઘલા દેશોનો વખત જાણવાનો કોઠો તથા જરથોસતી કોમને અભીયાસ કરવા જોગ જરથોસત અને તેની દીન વીશે જુદા જુદા વીદવાનોના મતોને પાંચ ભાગમાં પ્રગટ કરીને જે તેની મોટાઈ બતાવી છે તે અલબતે સરાઘાત ભરેલી નહીં હોય. હીંદુસ્થાનમાં જરથોશતીઓ આવ્યા તે પેહેલાં મોબેદો ક્યાં અને શી રીતે આવ્યા તેનો પણ જાણવાજોગ હેવાલ તેમાં બતાવ્યો છે. આ કેલેનડરના બનાવનાર મી૦ જાગોશે તેને વધારે પારશી આલમમાં વાહાલું કરવાને ૧૮૨૫ થી તે ૧૮૮૭ શુધીમાં મુંબઈમાં, દર વરસે કેટલો કેટલો વરસાદ પડ્યો તેનો એક કોઠો આપ્યા ઊપરાંત જનમ, મરણ અને લગનની લાંબા વખતની નોંધો આપી છે અને એ વીગેરે બીજી ઘણી આગલી પાછલી નોંધો આપઆથી તેનું કદ વધ્યું છે, જેની કીંમત માત્ર રૂ ૧ ની રાખી છે તે બેમુલ છે. આ કેલેનડર છપાઈમાં જેમ પોતાને શોભાવે છે તેમ તેને વેપારી આલમ તરફથી પુશકલ જાહેર ખબરો મલતી રહે છે તે એક તેની શેવાની કદર બુજવા જેવું છે.

ગુજરાત દરપણ—તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૮.

યજદેજરદી સને ૧૨૫૮ ના વરશનું પારસી પંચાગ—આ પંચાંગની એક નકલ તેના બનાવનાર મી૦ મનચેરજી હોશંગજી જાગોશ તરફથી મલી છે તે ઉપકાર શાથ કબુલ કરીએ છીએ. આ પંચાગ ઉપર તેના બનાવનારે ભારે શ્રમ લીધો છે. તેમ પારસીઓને લગતા ઘણી કીંમતી બનાવો જેવા કે ધારમીક, સંસારી, વ્યવહારી વીગેરે વીગેરે બાબદનો સંગ્રહ કરી પ્રસીધ કરયો છે. આ પંચાંગને દરએક પારસી કુટંબે આવકાર દઈ રાખવા લાયક છે. તેની કીમત રૂ ૧ એક તેના ઊપર લેવામાં આવેલી મેહેનત, સુંદર છપાઈ વીગેરે સાથ સરખાવતાં બીલકુલ વ્યાજબી છે.

સુરય પ્રકાશ—તા૦ ૨૦ મી અકટોબર ૧૮૮૮.

ઝોરાસટરીઅન કાલેનડર યાને પારસી પંચાગ—કેટલાંક કીંમતી પુસ્તકોની પોંહોંચ લેતાં ઘણીક વખતે તેમાંની બારીક બાબદો ઉપર વધુ ધયાન આપવાથી તે પુસ્તકોની પોંહોંચ ઘણી અસુરેથી લેવાય છે અને તેજ પરમાણે આ પારસી પંચાંગનો પોંહોંચ ઘણી અસુરેથી લેવાઈ હોય તો તેમાં અમારો કાંઈજ કશુર નથી. ઝોરાસટરીઅન કાલેનડરને દર વરસો વરસ તેના ઘટતા શુધારા અને વધારા સાથે બાહાર પાડવાની તેના બનાવનાર મી૦ મંનચેરજી હોશંગજી જાગોસની મેહેનત અને કાલજી એટલીતો પ્રખ્યાત પામી ચુકી છે કે દર વરશો વરસ કાલેનડર બાહાર નીકલવાની પેહેલા તેના હમેશના વાંચનારાઓને એક નવી બાબદ વીશેની ઉલટ રહે છે અને તેજ ઉલટ ખરેખરી કાલેનડર બાહાર નીકલવા પછી પોતાની ઉમેદ શાથે ખરી પડેલી જોય છે. આ વખતે આ ઝોરાસટરીઅન કાલેનડરમાં નવા વધારા તરીકે "જરથોશતી ધરમની મોતેબરી" ઉપર એક રસાલો આપવામાં આવ્યો છે કે જેનો સંગ્રહ મી૦ દાદાભાઈ ખરશેદજી દોરડી નામના એક એરવદ સાહેબ તરફથી લખવામાં આવેલો જણાવવામાં આવે છે. આ એરવદ શાહેબ જોકે જાતે વીદવાંન નથી તેમજ પોતે વીદવાનમાં ખપવાનો દાવો વટીક કરતા નથી તોપણ પોતાનો ફરશદનો વખત આવી કીંમતી બાબદોનો સંગ્રહ કરવામાં રોકે છે તેજ ફકત કાબેલીઅતમાં ખપતા બીજા કેટલાક એરવદ સાહેબોને એક જાતની ચાંમકી લગાવી પોતાને માટેની એક તારીફ લાએક કોશેષ છે. જરથોશતી ધરમની ઉપર ગુમરાહા અને તકોબરીની નજરે જોનારા કેટલાક અભણ સખસોને માઠે આ રસાલો એક ખરેખરો બોધ કરવા લાયક છે, અને જરથોસતી ધરમની મોતેબર ખુબી જે એમાં સમાવવામાં આવી છે તે અતી ઘણી રસીલી અને સુંદર વાંચવા લાયકછે અને ખસુસ કરી "જરથોસતી ધરમની મોતેબરી" વીશેનો આ રસાલો વાંચવાની અમો દરેક જરથોસતીઓને મજબુત ભલામણ કરીએ છીયે. આ ઉપરાંત ગુજસતે સાલના ઈનતેખાબ ઉપર નેગાહ પોહોંચાડતાં પારસી ટોળાની પાદશાહી સખાવત ઊપર આપણી નજર પોંહોંચે છે કે જે દરશાલ કરતાં વધુ રૂપીઆ વીશ લાખની ગંજાવર રકમ થવા જાય છે. જેમાનો લગભગ અરધો ભાગ પીટીટ ખાનદાનના બુજરોગ ગ્રહસ્થ શેઠ નશરવાંનજી માંણેકજી પીટીટના અશીલ જવાન બેટા મરહુમ શેઠ જમશેદજીના નામથી ધરમ ખાતામાં આપવામાં આવ્યો છે. તે સાથ આખા વરસની તારીખવાર શાથના ઊપીઓગી પંચાંગ સાથે આતશબેહેરાંમ, દરેમેહેર, દખમાં વગેરે ધરમનાં મકાનોની જે લંબાન ટીપો દર વરશના રાબેતા મુજબ આપણા દીઠામાં આવે છે, તે છોડી દેતાં આ વરશે વરસાદના માપનો બતાવેલો કોઠો, તેમજ જનમ, મરણ અને લગનનો ૧૮૬૫ના સાલથી તે ૧૮૮૭ ના શાલ શુધીની ઉપજાવેલી ટીપ મેલવતાં મી૦ જાગોશાની મેહેનત તરફ આપણુને સંતોસ માલમ પડે છે. તેમજ રંગોન કાગજો ઉપર છાપેલી સુંદર જાહેર ખબર ખરેખરી એક વાંચનારના ખુશ મનને ઊશકેરે છે, કે જે મી૦ જાગોશની મેહેનત અને કદરદાની તરફ જોતાં પુરતો સધીઆરા ભરેલો બદલો વલેલો જોઈ વાંચનારને ખુશી થવાનું એક સુંદર કારણ મલેછે. અને અગરજો એથી દબલ કે ત્રણઘણી જાહેર ખબરનો વધારો થવાની મી૦ જાગોશને જો ઉલટ મલશે તો કાંઈ કાંઈ નવી નવી બાબદોનો ફલદરૂપ ખોરાક વાંચનારને પુરો પાડશે, એમ આપણે હીંમતથી કબુલ કરીશું.

ભરૂચ શમાચાર—તા૦ ૧૩ મી ડીશેમબર ૧૮૮૮.

પારશીઓના હાતમદીલની સાબેતી ! અમારા ગયા અંકમાં ઝોરાસટરીઅન કાલેનડરની પોંહોંચ કબુલ કરતાં એવું જણાવ્યું છે કે પારસીઓએ ગુજસતે શાલમાં કરેલી સખાવતનો આંકડો વીશ લાખનો તેમાં જણાવ્યો છે. આ વીશ લાખ રૂપીઆ સમજીને અમારા ઘણાક વાંચનારાઓને શક ઉપજયો હશે કે પારશી જેવી એક નાહાની કોમ, હાલના ધંધા ધાપાના પડતા વખતમાં ફકત એક વરસમાં વીસ લાખ રૂપીઆ કાહાડી આપે, એ વાત માનવા જેવી નથી. અને ખરેખર તેમ કેટલાક અંજાણીયાઓને એ રકમ સમજીને અચંબો ઉપજે એમાં અમો નવાઈ સમજતા નથી. અમારો ગયો અંક બહાર ફેલાયા પછી અતરે ભરૂચમાંજ અમાગે કેટલાક મીતર મંડલીમાં એ વીશે ચકચાર ચાલી છે, અને કેટલાક ટકોરમાં અમોને કહેવા લાગા છે કે ભાઈ એ વાત તોપ મારવા સરખી છે ! બીજા કેટલાકો ધારે છે કે કેલેનડરની પોંહોંચ લખતાં થાતો અમોએ વીશ લાખનો આંકડો ગણવામાં ભુલ કરી છે કે અથવા તો ખુદ કાલેનડરમાં કાંઈ ભુલ આવી છે. ટુકમાં એકજ વરસમાં જરથોસતીઓ વીશ લાખ રૂપીઆ જેવી પાદશાહી રકમ કાહાડી આપે એ ઘણાકોના માનવામાં એકાએક આવતું નથી. એ સરવે અટકલ કરનારાઓના મનનું સારથક થવા માટે અમોને જરૂર જણાઈ કે એ વીશ લાખનો આંકડો કાંઈબી શહરાગત ભરેલો કે કશો ભુલ ભરેલો નથી તે તેની વીગતવાર રકમના આંકડા શુધાં સાબેત કરી આપવો કે જેથી એટલી મોટી રકમનો આંકડો જોઈને દામાડોલ થયલાઓના મનનું સમાધાન થતાં, વલી ઉપરથી અમારા પારસી ભાઈઓનાં હાતમ દીલની સાબેતી પણ મલે કે તેવો ખરેખર ટક પડતે એવી મોટી પાદસાહી રકમની બખસેસ ગમે તેવા તંગ વખત છતાંબો કરી શકે છે..........એનો એકંદર સરવાલો રૂ૧૯૪૬૦૦૦) નો અથવા ઓગણીશ લાખ છેતાલીશ હજારનો થયો છે, અને હજુ બીજી રહીસહી સખાવતો કદાચ બાકી હશે તે ઉમેરતાં સાડી ઓગણીસનો થઈ ચુકો. વલી એજ વરશમાં પારસીઓના જે ધરમના નવાં મકાંનો વધયાં છે તેના ઉપર થયલા ખરચની રકમ જે માતર એખલા પારસીઓએ પોતેજ કાહાડી આપી છે તેમાં અજમેર અને નારગોર ખાતેના બે દુખમાં ઈજાયાં, તેની સાથની સગડીઓ અને કુવા બંધાયા, ભુસાવલમાં એક દુખમાંનો તાણો પુરાયો, સુરત તરફના વેસુ ગામમાં એક દરેમેહેર રૂ૪૦૦૦) ના ખરચે બાંધીને તેના ચાલુ ખરચ સારૂ રૂ૫૦૦૦) જુદા કહાડવામાં આવ્યા, નીમચમાં એક જરથોસતીએ ધરમનું દવાખાનું બાંધી આપ્યું, તે સરવેનો એકંદર ખરચ ઉપલી નજદીક સાડીઓગનીસ લાખ રૂપીઆની રકમમાં ઉમેરીએતો તે સરવાલો હમે ઉપર કહયું તેમ વીશ લાખનો બરાબર પુગો કે નહીં તે હમો વાંચનારા સાહેબોને પુછીએ છીએ.

હવે આ આંકડા સાથે અને ગણતરીઓ શુધાં સાબેત કરેલી ઉપલી વીશ લાખની રકમ સમજીને કયા ખરા જરથોસતીની છાતી ધાકયાવના રહેશે તે અમો જાણવા માંગીએ છે. વીશ લાખ કાગલપર લખી જવા, કે મોહોંડેથી બોલી જવા ઘણા સેહેલ છે પણ વીશ લાખ રૂપીઆ એકઠા કીધા હોય તો, તે સારો જેવો ઢગલો થાય અને તેવી ગંજાવર રકમ એકજ વરસમાં ગજવામાંથી કહાડી આપવી, એ કાંઈ નહાની સુની અને જેવી તેવી વાત નથી. આ માત્ર પારસીઓના મોટા મનની અસલ ખમીરનીજ ખુબી છે ! !

હવે હમારા ભોલવાયલા ભાઈઓની ખાતરી થઈ ચુકીછે, એવું અમો માનીએ છીએ. વલી આતો એકજ વરસની વાત છે, પણ એ પ્રમાણે દર વરશે એટલી વીશ લાખની નહીંતો પાંચ દશ કે તેથી વધુ ઓછા લાખની રકમ તો પારશીઓ સખાવતમાં આપતાજ રહયા છે, તેઆરે તે બધાં વરશનો સામટો સરવાલો લેવા બેશીએ તો કાહાનું કાહાં થઈ જાય !! તેવો શામટો સરવાલો લેવાની મેહેનત કરવા વગર આપોઆપ માલમ પડે છે કે આખાં હીંદુસ્થાનમાં વસ્તી વરણોમાં પારસી કોમ જો કે ઘણી નાહાની અને બીશાદ વગરની ગણાય છે, પણ તેના સખી અને દયાલુ દીલગુરદાથી સખાવતમાં તેવી હીંદની બીજી કોમો કરતાં એ કોમ સરસાઈ પામે છે એટલું તો વાજબીની રીતે કસા ગુમાન વગર કહયા વના આ બાબદ ખતમ કરવા ગમતી નથી.

ભરૂચ સમાચાર—તા૦ ૨૭ મી ડીશેમબર ૧૮૮૮.

“ઝોરાસટરીયન કાલેનડર”—આ નવાં શાલનું પારસી પંચાંગ શબેતા પ્રમાણે બાહેર પડયું છે. તેની એક નકલ તેના સાહાસીક બનાવનાર મી૦ જાગોસ તરફથી મલી છે જેની પોંહોંચ માન સાથ સ્વીકારીએ છીએ. આ સાલનાં પંચાંગમાં કેટલાક અગતના કોઠાઓનો સમાવેશ કીધામાં આવીયો છે; જેને માટે કરતાને અલબત પુશકલ તશદી પડી હશે—પરંતુ એ પુસતકમાં મુખીય ધેઆન ખેંચનારો ભાગ તો તેને અંતે “પેગમબર જરથોસત તથા તેની દીન ઉપર અપાયલાં જુદા જુદા વીદવાનોનાં મતનો સંગ્રહ” છે, જે એકઠો કરવા માટે તેના લખનારને કાંઈ થોડાં પુસતકો જોવાં પડયાં નહીં હશે. સામટું તોલ કરતાં અમારે કહેવું જોઈએ છે જે આ સાલના પંચાંગમાં કેટલીક નવી તથા જાણવાજોગ બાબદોનો વધારો થયો છે, જેને માટે તેના પ્રગટ કરનારને યોગ્ય શાબાશી ઘટે છે.

ફુરસદ—નવેમબર ૧૮૮૮.

ઉપલાં વરશનાં કાલેંડરમાં "જરથોશતી ધરમની મોતેબરી" નો એક રેશાલો છપાયો હતો, તે ઉપર વરતમાંન પતરોએ આપેલાં મત.

જરથોસતી ધરમની મોતેબરી—પારસીઓના પેગમબર જરથોસત અને તેની દીન વીશે જુદા જુદા વીધવાંનોએ આપેલાં મતને કંઈ સબ્બાંબંધ પુસતકો, ચોપાનયાંઓ અને નયુસપેપરોમાંથી ખોલી કાહાડીને તેમના સામતા સંગ્રહનું એક ચોપાનયું એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી નામનાં એક ઉલતમંદ અને એકમારગી અથોરનાને બાહાર પાડયું છે. આ ચોપાંનયાંને ચાર ભાગમાં વેંહેંચયું અને એ ચાહરે ભાગોની બાબતો એક સરખી અગતની અને ઉપયોગી છે જેવો કે પેગમબર જરથોસતની તારીક, આતશ તથા માનશ જાતને ધરમ પાલવાની બાબત. એરવદ દાદાભાઈ દોરડીએ આશુધાં બે તરણ ચોપાંનીઆંઓ રચાંઆં છે જે બધાં એવાં તો ઉપયોગી છે. કે તેઓની તરફથી હવે પછીના નોકલતાં બીજાં એવાંજ કોઈ ઉપયોગી ચોપાંનયાંની રાહા હમો આતુરતાયા જોયા કરશુ.

મધુર વચન—ડીશેમબર ૧૮૮૮.

જરથોશતી ધરમની મોતેબરી—જરથોશતી ધરમની મોતેબરી અથવા પેગમબર જરથોશત અને તેની દીન વીશે જુદા જુદા વીદવાંનોએ આપેલાં મતોનાં સંગરહવાલું ચોપાંનીઉ તેના બનાવનાર એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી તે પરીંશાની પધરામણી, દાદમાહે નોશરવાંન તથા પુરાતમ આતશખાંનાંના કરતા તરફથી મલયુંચ તે માન શહીત કબુલ રાખીએ છીએ. જવાન છોકરા અને છોકરીઓને તન મનની અપાતી કેલવણી શાથ ધરમનીતીની કેલવણી આપવાની અગત દરએક કોમવાલાઓ શમજે છે કે જેથી ઉધરતી વયે પોત પોતાના ધરમોના કલામો અને ફરમાનોથી વાકેફ થાય અને ધરમ ઊપર વધારે ઓશતવારીથી તેઓનો એતેકાદ મજબુતી પકડે. આવો મોતેબર વીચાર ધરાવી, જરથોશતી કોમના ઉધરતી વયેના જવાન મરદ અને અબલાઓને ધરમ ઉપદેશ કરવાના હેતુથી, જુદા જુદા વીદવાનોનાં મતોનો શંગરહ કરી એરવદ દાદાભાઈએ જે ચોપાંનીઉ છપાવી બાહેર પાડીઉંચ તે કામને જરથોશતી કોમ તરફ થી આશરો આપવો ઘટે છે. આ ચોપાંનીઆંમાં શમાશ કરેલી બાબદોને રચવામાં જરથોશતી મહજબની ઘણીજ ચોપડીઓ, ચોપાંનીઆંઓ તથા વરતમાન પતરોની ફાઈલોની મદદ લીધી છે જેમ કરનાં અલબતાં ઘણો મેહેનત પડી હશે તે છતાં આ ચોપાંનીઆંની કીંમત માતર ચાર આના રાખીચ જેથી સરવે જરથોસતીઓને આ ચોપાંનીઆંનો લાભ પોતાના ફરજંદોને આપવાને બની શકશે. એરવદ દાદાભાઈએ પોતાના હમદીન ભાઈઓના ફાયદા માટે મેહેનત લીધીચ તે શવુતી પાતર છે. આ ચોપાંનીઆંવાલી બાબદના પાંચ ભાગ કરીઆમાં આવીઆચ જે મધેના પેહેલા ભાગમાં—અશો પેગમબર જરથોશતની તારીફ બાબે તથા જરથોશતી ધરમની ખુબી વીશે પરકોમના પુરવીન ગહરસથોએ જે મતો આપીઆંચ તેનો સમાશ કરીઓ છે, બીજા ભાગમાં જરથોસતીઓ એકજ ખોદાને માનનાર છે તે બાબેની ઉતમ સાબેતીએ, આપી છે, તરીજા ભાગમાં આતશની ખુબી વીશે તથા જરથોસતીઓ આતશની સનમુખ બંદગી કરે છે તેથી તેઓ આતશ પરસત ગણાતા નથી એવી મોતેબર સાહાદતો ટાંકી બતલાવી છે, ચોઠા ભાગમાં હરેક માણસ જાતે ધરમ પાલવાની અગત છે તથા તેથી અગણીત ફાયદા થાય છે તે બાબે લંબાણ વીચારોનો શમાશ કરીઓ છે તથા પાંચમાં ભાગમાં જરથોશતી લોકો ઈરાંનથી હીંદુશથાન આવી વશીઆ તેની અગાઉ થોડાક મોબેદો હીંદુસથાનમાં આવીઆ હતા તેઓને લગતી કેટલીક જાણવા જોગ અકીકત પરગત કરી છે. આ ચોપાંનીઆંમાં શમાવેલી બાબદો જરથોશતીઓને વાકેફ થવા માટે ઘણી અગતની છે. જરથોશતી છોકરા અને છોકરીઓની નીશાલના ઉપરીઓને ભલામણ કરીએચ કે બાલકોને ઈનામો આપતી વખત, આ ચોપડીઓનોઝી ઉપીયોગ કરીઆમાં આવે તો જરથોશતી મજબની માહીતી મેલવવાને ઉધરતી વયના વીદયાર્થીઓને શારૂ ઉતેજન મલે.

અખબારે સોદાગર, સમાચાર દરપણ તથા મુંબઈ ચાબુક—તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૮૯.

"જરથોશતી ધરમની મોતેબરી"—એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી નામના એક ઉમંગી અને મેહેનતુ મોબેદ જેઓ "પુરાતમ આતશખાના" નામે એક ચોપાંનીયાંના કરતા દાખલ જાણીતા છે તેઓએ પોતાના પારસી ભાઈબંધોને માટે હાલમાં મથાલે મેલેલાં નામનું એક બીજું મોટા કદનું પર) સફાનું ચોપાનીયું પ્રગટ કીધું છે. તેમાં કંઈ અવસ્તા વાણીને આધારે કે આજની વીધીયાની રોશની ઉપરથી જરથોશતી મજહબની બુલંનદીનું બયાંન કીધું નથી, પણ માત્ર "પેગમબર જરથોસત અને તેની દીન વીશે જુદા જુદા વીદવાનોએ આપેલાં મતો" નો "જુદાં જુદાં પુસતકો ઉપરથી સંગ્રહ" કીધોછે. હવે આવા સંગ્રહની પારશીઓને જરૂર નથી એમ અમે કેહેવા માંગતા નથી; બલકે એવાં એક સંપુરણ અને ભરૂશેદાર સંગ્રહના દફતરની મોટી જરૂર છે એમ કહીશું તો ચાલશે. એરવદ દાદાભાઈ દોરડીનું નાનું પુસતક તેવા એક કીંમતી ગ્રંથની ગેરહાજરીમાં અંગરેજી ભાષાથી અથવા જરથોસતી મહજબ બાબેનાં ઉતંમ લખાંણોથી બેનશીબ રહેલા પારશીઓને માટે જાણવાજોગ સારથી ભરપુર છે. જેના તેઓએ કેટલાક ભાગો બનાવીને પેહેલાંમાં "પેગમબર જરથોશતની તારીફમાં" જુદા જુદા અરવાચીન કે પ્રાચીન પણ સઘલા જુદદીન યાને પરકોમવાલા લખનારાઓ શું શું કહી ગયા છે તેના ટુંકા ઉતારા કરી લીધા છે; તેમજ બીજા ભાગમાં "જરથોસતી ધરમની તારીફમાં" તેઓ શું શું લખી ગયા છે તે ઉતારી લીધું છે. આ છેલો ભાગ પેહેલાં કરતાં ઘણો મોટો છે, અને તેમાં એરવદ દાદાભાઈએ પારશીઓના ધરમ વીશે કોઈ પણ લખનારનું લખાણ પડતું નાખેલું અમે માનતા નથી. આ એરવદ સાહેબે આટલી બધી ખંત અને જેહમત લીધી છે તે માટે અમો તેમને શાબાશી આપીયે તો તે ફોકત કેહેવાશે નહીં; પણ જ્યારે

વાંચનારને અમો જણાવીશું કે આ એરવદને અંગરેજી ભાશાનું મુલત્યું જ્ઞાન નથી અને તેઓએ જે કંઇ ઉતારા લીધા છે તે માતર મજકુર લખનારાઓનાં અને તેમનાં લખાણોનાં ગુજરાતી ભાશામાં થયલા ઉતારાઓ અથવા નોંધો ઉપરથીજ લીધા છે ત્યારે તે સઘલું ભેગું કરવાની એરવદ દોરડીની જેહૃમતની એક અવજે કદર બુજશે.

રાસ્ત ગોફતાર તથા સત્ય મકાશ—તા૦ ૩૧ મી મારચ ૧૮૮૯.

જરથોશતી ધરમની મોતેબરી—ઉપલુ ચોપાંનીઉં તેના બનાવનાર એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી તરફથી હમુને મલ્યું છે જેની પોંહોંચ માન સાથ સવીકારતાં હમને સંતોશ ઉપજે છે કે જયારે જરથોશતી ધરમ ઉપર કેટલાએક ચોખાવલા જુવાનોનું મગજ દામાદોલ ભરેલું હાલના જમાનામાં આપણે જોઈએ છે તો તેવા વખતમાં "જરથોશતી ધરમની મોતેબરી વોશે દાખલા દલીલ શાથનું ચોપાંનીઉં એક ખરા આશીરવાદને લાયકનું થઇ પડશે. ઘણાંઘણાં કાબેલ વીદવાનો તરફથી સપેંનતમાન જરથોસત પેગમબર શાહેબે ફરમાવેલી ભલી માજદીયસની દીન વીશેના પરકોમના ફીલશુફોએ તેઓનાં મહાભારત વીચારો દરશાવેલા વાંચવાની આપણે આશા રાખીશું પણ તે અરસાની અધવચમાં આ એક ગરીબ એરવદ શાહેબ તરફથી પોતાના મોબેદીના ધંધામાંથી ફરશુદ મલતાં તેવને કીધેલી મેહેનતના આ શુંદર ચોપાનીઆં માટે સંતોશ માની લઇશું ઘણીક પુરાતમ કીતાબોમાંથી દાખલા દલીલો ચુટી કાહાડીને જે સંગરહ કરવામાં આવચો છે તે એટલો તો મુસતકીમ છે કે માજદીયસની દીન ઉપર પુરતું એકીન ધરાવનારાઓ હીંમતથી કહી શકશે કે આ સંગરહ હાલનાં જમાના કરતાં હવે પછીની ઉધરતી ઓલાદની અંદર એક સતંભ જેવો થઇ પડશે. આ ચોપાંનીઉં દરેક જરથોશતીઓને વાંચવા લાયક છે એટલુંજ નહીં પણ ખરૂં પુછાવોતો અભીઆશ કરવા લાયક છે અને તે શાથે હમો આગલ વધી એટલું પણ ઈછીશું કે અગરજો આ એરવદ સાહેબ મેહનત લઈને પોતાથી ન બને તો તેવા બીજા કાબેલ ગરહસથ પાસે એને અંગરેજીમાં તરજુમો કરાવી બાહાર પાડશે તો જરથોશતી ધરમ વીશેનાં મોતેબર વીચારો આપણી ભલી રાજ કરતી કોમના વાંચવામાં આવચાથી જરથોશતી ધરમ અને ખુદ જરથોસતીઓ વીશેના માન અને દરજામાં વધારો થશે. જેટલા દાખલા અંદર સમાવામાં આવયા છે તે જોકે થોડા છે તોપણ સંતોસકારક છે અને એરવદ દાદાભાઈનો એવીજ રીતનો પોતાનો ફુરસદનો વખત એવાં મહાભારત કામમાં રોકી તેથી પણ વધારે દાખલાઓનો સમાસ કરી એક દલદાર સુંદર ચોપાંનીઉં બાહાર પાડશે તો અલબતાં એવનની રંજનો ગંજ મલીઆ વગર રેહશે નહીં એમ હમો હીંમતથી કહીયે છીયે.

ભરૂચ મીત્ર—તા૦ ૩૭ એપરેલ ૧૮૮૯.

"જરથોસતી ધરમની મોતેબરી." મારી ચ્યારી બેનો, જાઈ અને નાજાં, આપરા અશો પેગમબર જરથોસત અને તેમના નેક મહજબને લગતું એક નાનું ચોપાંનીઉં મારા હાથમાં આવયું છે તે ઉપર તમારૂં ધેઆંન ખેંચવાની રજા લેવું છું. આ ચોપાંનીઆંનું નામ "જરથોસતી ધરમની મોતેબરી" કરીને છે, અને જોકે તે આસરે પચાસએક પાનાનું, નાના કદનું છે, તોપણ તે આપરા ધરમની ખરી મોતેબરીજ રજુ કરે છે. આ ચોપાંનયાંનાં કરતા એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડો છે જેમને હાથના પુરાતન આતશખાનાને તમે હમેશ વખાણો છો. આ મોબેદ બીચારો અંગરેજી ભાશા બીલકુલ સમજતો નથી, તોપણ તેણે સઘલાં ગુજરાતી દફતરો, ચોપાંનયાંઓ અને વરતમાન પતરોની કંટાલા ભરેલી ફાઈલો ઉઠલાવી તે મધેથી જુદદીન વીદવાંનો આપરા મહજબનાં તારીફમાં શું શું લખી ગયા છે તે ભેગું કીધું છે. તમો બેનોને તો ગેઈ કાલનું વરતમાન પતર આજે વાશી પડે છે, ત્યારે આ મોબેદને બીચારાને વરશોની જુની ફાઈલો ઉઠલાવતાં કેટલો કંટાલો ઉપજ્યો હશે? પણ વીદયાનો શોખ નયારોજ છે, જેને આપણે કંટાલો સમજયે છીએ તેને શોખીલા વીદવાંનો "મોહોબતની મેહેનત"ને નામે પીછાંને છે, અને આ ગરીબ મોબેદ સાહેબે પોતાના મહજબ ઉપરની મોહબતને ખાતર એટલી તસદી ખેચી હોય એમ મને લાગે છે. હું આ પુસતકને આપરાં નાનાં બાલકો માટે ઘણું અગતનું ગણું છું. પણ જો તે બાલકોના હાથમાં અમથું મેલવામાં આવે તો તે કાંઈ બાલકો ઉલટથી વાંચવાના નથી. મારી પીરોજા, રોદાબે અને જાલ આગલ દર રોજ રાત રાતના માતર એક એક પાનું હું વાંચી સમજાઉં છું, પણ તે ઉપર અમુને એક કલાક લાગે છે. દરએક ફકરો કોયા વીદવાંનોનાં લખાંણ ઉપરથી લીધો છે, તે વીદવાંનને લગતી વીગતો, તે કયા જમાનામાં થઈ ગયો, તે કયા દેશનો રેહેવાશી હતો, તેને લગતી ભુગોલ અને તવારીખના જ્ઞાન શાથ.જયારે એ ફકરાઓને લગતી હું શમજ આપું છું, ત્યારે તેઓ જાણે અરેબીઅન નાઇટસની વારતા સમજતા હોય એવી ઊલટથી સાંભલે છે. આવી અગતની પણ લુખી બાબદો બાળકોના મન ઊપર ઠસાવવાનો એજ ખરો રસતો છે. વલી એવી રીતે સમજાવતી વેલાએ તેઓ જે નીરદોશ સવાલો કરે છે તેથી અમુને ઘણી ગમત પડે છે. મારી ખાતરી છે કે, માતર આ ચાર આનાનું ચોપાનીઉં તમો બેનોને પણ આપણા પુરાતમ મહજબનો સારો ખયાલ આપી શકશે. દરએક જરથોસતી માતાને હું આ ચોપાંનયાંની ભલાંમણ કરતાં અચકાતી નથી, અને જો જરથોસતી નીશાલોમાં ઇનામો આપવાનું મારા હાથમાં હોય તો ગુજરાતી બીજી ત્રીજી ચોપડીઓને બદલે હું આ ચોપાંનયું મોટી ખુશી શાથ આપું. મેં તમો બેનો ઉપર તમુને પસંદ દડતી ચોપડીઓ વાંચવા મોકલવાની કબુલાત આપી છે, પણ દલગીર છું કે પેહેલીજ વાર મને એ કબુલાત તોડવી પડશે, કેમકે માતર ચાર આના જેટલી નજીવી કીંમતનું આ ચોપાંનીઉં તમો જેવાં બેનોએ ખરીદીને પોતા પાસે રાખવું જોઈએ. અલબતાં તમુને એ ચોપાંનીઆંમાં જોડણીની અને એબારતબંદીની કેટલીક ખાંમીઓ જણાશે, પણ તમારે જાણવું જોઈએ કે, જાહાજી કેળવણી વગરના એક ગરીબ મોબેદની એ એક કમીની કોશેશ છે અને તેમાં તેવણે પોતા તરફનું કંઇ પણ આપવાને બદલે નામીચા વીદવાંનોનાં મતો ભેગાં કીધાં છે. હાલ એજ અરજ.

કયેસરે હિન્દ—તા૦ ૭ મી એપરેલ ૧૮૮૯.

જરથોશતી ધરમની મોતેબરી અથવા પેગંબર જરથોશત અને તેની દીન વીશે જુદા જુદા વીદવાંનોએ આપેલી મતો, સંગરહ કરી લખનાર એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી, તે પુરાતમ આતસખાનાનાં કરતા, મુંબઈ, વરતમાન છાપાખાનું, ૧૮૮૯.

ફકત બાવન પાનાનું આ એક નાધકલું ચોપાંનયું છે પણ તે એક ગરીબ મોબેદ સાહેબના ખરા ઉદયોગનું પરીણામ છે. એરવદ દાદાભાઈ ઈંગરેજી ભાશા બીલકુલ સમજતા નથી, તે છતાં તેવણે આ ચોપાનયું અજબ જેવાં ખંટી પણાંથી તઈઆર કીધું છે. તેમાં યુનાની, ફરેંચ, લાટીન અને ઈંગરેજી ભાશાના પુસતકોની જગે જગ સાહદતો ટાંકવામાં આવી છે, જે સઘલું તેવણને વરસો સુધી ચાલુ અભયાસ પછી ગુજરાતી ભાશામાં પરગટ થયેલી દીન ધરમની ચોપડીઓ, ચોપાંનયાંઓ અને વરતમાન પતરોની ફાઈલો મધેથી મલી આવયું છે. તવારીખે કદીમ ઈરાંન, કે તવારીખે સાસાનીઆન, તજકરનલ હોકમા, કે તવારીખે મલુકે, તવારીખે જરથોશતીયાન, જેવાં પુરાતમ પુસતકોને આ ખંટીલા એરવદ સાહેબ ભુલથા નથી, કે નથી તેવણે જરતોસત નામું, જરથોસતી ધરમના રેસાલા, હેવાલે જંદ અવસતા, દીને માજદીયશની, હેકાયતે દીને જરથોસતી, ફરમાને જરથોસત, દબેસતાન, દશાતીર, ગુલજારે નશીયત, જેવાં જાણીતા પણ હાલ ભુલાઈ જતાં પુસતકોને વીસારયાં. વલી તે ઊપરાંત જરથોશતી અભયાસના અંકો, પારશી પરકાશ, પારશી મીતર, જગત મીતર, બામદાદ, ઈતયાદી પતરો યા પરખયાત જુનાં પુસતકોના પોઠા ઉઠલાવવામાં એ એરવદ શાહેબે આલસાઈ કીધી નથી. એ સઘલું જાણે વલી થોડું હોય તેમ હાલનાં ચાલુ વરતમાંન પતરો અને માસીક ચોપાંનયાંઓનો પણ તેવણે જગેજગ લાભ લીધો છે. જેઓ એમ કહે છે કે ગુજરાતી ભાશાના પુસતકોમાં ઝાઝો દમ નથી, તેમને આ નાનાં ચોપાંનયાંનો મારફતે એરવદ સાહેબે બતલાવી આપયું છે કે એ ભાશામાં વીદયા હુનરના પુસતકોની ગમે એટલી ખુટ હોય તોપણ દીનચુસત જરથોસતીઓ અગરજો પોતાના પુરાતમ ધરમ માટે એ ભાશાની મારફતે જ્ઞાન લેવા માંગતા હોય તો તેમને માટે ઓહોલું ખેતર પડેલું છે. આટલા બધા ખંતીલા અભયાસ પછી એરવદ દાદાભાઈએ આપણી સાંમે રજુ કીધેલાં ચોપાંનયાંના પાંચ ભાગ કીધા છે, જેમાં ભાગ પેહેલો પેગંમબર જરથોશતની તારીફ ઉપર રોકેલો છે. પણ આ તારીફ જરથોશતીઓને મોઢેની નથી, તે આ પુસતકની મુખય ખુબી છે. તમામ જુદદીન વીદવાંનો અને ઓલમાઓ આ અશો પેગંમબર માટે શું શું લખી ગયા છે તે સીલસીલાબંધ વાંચતા કોઈ પણ ચુસત જરથોસતીનું હઈડું હરખાયા વગર રહે નહીં. એજ રવેશે બીજા ભાગમાં જુદદીન વીદવાંનોની જરથોશતી ધરમ વીશેની તારીફ સમાવવામાં આવી છે. આ બે ભાગ દરેક જરથોશતીએ ફરી ફરીથી વાચવા જોગ છે એટલુંજ નહીં પણ પોતાના અશો પેગંમબર અને તેના શાચા મહજબને ખાકી ઈનશાનો તરફની સરટીફીકેટની કશી પણ જરૂર હોય તો તે માતર આજ ચોપાંનીઆં મધેથી પુરતી રીતે મલી શકશે. કેવા કેવા ઓલમાંઓની આ પુસતકમાં સાહદતો તાંકવામાં આવી છે તે માતર પુરાતમ જમાનાના પલીની, પલુતાર, અગાઠાસ અને સતરેબોના નામ ઉપરથીજ જણાશે. વલી નામીઆ યુરોપીઅન ઓલમાંઓની સાહદત તરીકે ડાકટર સટાનલી, લારડ બાયરન, બરકલે, હાઉ, સર વીલીયમ જોનસ, કોબ, ઈતયાદીનાં નાઓ જોવામાં આવે છે. અલબતાં અંગરેજી ભાશાના અજ્ઞાનપણાંને લીધે એ નામો આપવામાં કેટલીક કફોડી ખામીઓ જોવામાં આવે છે પણ તે સઘલું તેમની હાલત ધયાંનમાં લેતાં સેહેલથી દરગુજર થઈ શકે છે. ઉપલા બે ભાગો, આ ચોપાંનયાંમાં મુખય અગતના જણાય છે તે ઉપરાંત તરીજો ભાગ આતસની બાબદ ઉપર રોકેલો છે, જે તેમની “પુરાતમ આતસખાના”માં આપેલી વીગતો પછી તેમને મલેલી તદન નવીજ વીગતો છે. માણસ જાતને ધરમ પાલવાની અગતવાલો ચોથો ભાગ ઝાઝો દમ જેવો નથી, અગરજો એરવદ શાહેબ ચાહેતો તે બાબદ ઉપર એવું એક જુદું ચોપાંનયું લખી શકે એવી એ વીસતરણ બાબદ છે, અને પાંચમાં ભાગને પરચુટણ નામ આપયું છે. પણ છેલ્લા બે ભાગ વગર આ ચોપાંનયું એટલું અગતનું થઈ પડયું છે કે ઉપલા બે ભાગો નહીં હતે તો તેથી આ ચોપાંનયાંની અગત ઓછી થતે નહીં. ફકત ચાર આનાની કીમત રાખી તેના કરતાએ પઈસા કમાવાના લોભ કરતાં પોતાના મહજબની સેવાનો વીચાર વધુ રાખેલો લાગે છે, અને અમો જાણીને ખુશી છીયે કે દીનચુસત જરથોસતીઓ તરફથી તેને ઘટતો આશારો મલે છે. દરેક જરથોશતીને અમારી ભલામણ છે કે પોતાના પેગંમબર અને મહજબની આ લાયક સતુતીનું પુસતક ખરીદવું એટલુંજ નહીં પણ પોતાની પાસે સંભાલથી જાલવી રાખવું, કે તેમણે અભણ જુદદીનો તરફથી થના તેમના મહજબ ઉપરના ટીકા વેલાએ વીદવાન જુદદીનોની હીમાયત રજુ કરવાને બની આવે. જરથોસતી બાલકો માટે અમો આ ચોપાંનયું વધુ જરૂરનું વીચારીયે છીયે. કેમકે આવું વાંચન તેના કુમલા મગજ ઉપર ઠસવયાથી યુકતી ફોજવાલાઓ અને મીશનરીઓના ભમાવવા વીશેની તેમને માટે ધાસતી રેહેશે નહીં, નાના જરથોસતી બાલકોને ઈનામ આપવા લાયકની આટલી સસતી અને તોપણ આટલી કીમતી ચોપડી અમોએ જવલેજ જોઈ હશે. છેલ્લે એરવદ દાદાભાઈને પોતાના મહજબની આ સેવા માટે મુબારકબાદી ઇછતાં એક “અથોરનાન તરીકે તેવણે પોતાની ફુરસદના વખતનો આવો શારો ઉપયોગ કરે છે તે વીશે શાબાશી આપી અમો ઉમેદ રાખયે છીયે કે તેમના એ શુભ દાખલાની તેમના બીજા આથોરનાન ભાઈબંધો નકલ કરતા શીખશે. શુ આપણા ભણેલા એરવદ શાહેબો મધેથી, એરવદ જીવણજી જેવા ઉપયોગી ગરહસથ, એરવદ દાદાભાઈની આ આઇતી મેહેનતનો લાભ લેઈ, વધારે શુધરેલી ધપે અસલ અંગરેજી ફકરાવો ભેગા કરી આ કીમતી સંગરહનો ઈંગરેજી તરજુમો બહાર પાડી નહીં શકે ? વગર શમજે જરથોશતી ધરમ ઉપર મુજાહેતમ કરનાર ઈંગરેજ મીશનરીઓને ચુપ કરવાને આ ચોપાંનયાંનો ઈંગરેજી તરજુમો વધારે ઉપયોગી થઈ પડશે.

મુંબઈના જામે જમશેદ—તા૦ ૮ મી એપરેલ ૧૮૮૯.

જરથોશતી ધરમની મોતેબરી—ગુલ અફશાનના કદના છપણ સફાની આ ચોપડી તેના બનાવનાર એરવદ દાદાભાઈ ખરશેદજી દોરડી તરફથી મલી છે. જેવોએ પુરાતમ આતશખાના અને દાદગાહે નોશીરવાંન ચોપડીઓ વાંચી હશે તેવો

